
૨૯/૨૯૪

શ્રી જૈન પાઠશાળા
વાયા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)



: શ્રી રાણકપુરજી જૈન મંદિર :

ડીસેમ્બર-૧૯૫૨ માગશર ૨૦૦૮

# કલ્યાણ

વર્ષ ૯; અંક ૧૦.

વર્ષ ૯ : ડીસેમ્બર : માગશર
અંક ૧૦ : ૧૯૫૨ : ૨૦૦૯.

# વિષય દર્શન



| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| પ્રારબ્ધ અને પુરૂષાર્થ | શ્રી | ૪૭૩ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૪૭૫ |
| યુવાનીનો સદુપયોગ | શ્રી એન. બી. શાહ | ૪૭૭ |
| મધપૂડો | શ્રી મધુકર | ૪૭૯ |
| ચેહરો | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૪૮૧ |
| આજનાં એ બાળકો ! | પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. | ૪૮૫ |
| દાનેશ્વરી જગડુશાહ | શ્રી ફુલચંદ હરિચંદ દોશી | ૪૮૭ |
| ગૂર્જરેશ્વર કુમારપાળ | પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર | ૪૯૦ |
| સંસારની આસપાસ | શ્રી કીશોરકાંત ડી. ગાંધી | ૪૯૨ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૪૯૫ |
| કોરા બુદ્ધિવાદની પોકળતા | પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર | ૪૯૭ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૫૦૧ |
| સ્વચ્છંદી ન બનો | પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૫૦૯ |
| જીવનના ઉત્થાનને કાજે | શ્રી મફતલાલ સંઘવી | ૫૧૧ |
| કર્મબંધનું રહસ્ય | શ્રી ખુબચંદ કેશવલાલ | ૫૧૩ |
| અર્થ-કામ | શ્રી કાંતિલાલ મો ત્રિવેદી | ૫૧૫ |



## નવા થયેલા સભ્યોનાં શુભનામો.

પૂ. પંન્યાસજી શ્રીમદ્ કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો.

| | | | |
|---|---|---|---|
| રૂા. ૧૧) | શ્રી | મણીલાલ લાલજી | વેરાવળ |
| રૂા. ૧૧) | ,, | રતિલાલ પ્રેમજીભાઈ | પ્રભાસપાટણ |
| રૂા. ૧૧) | ,, | દેવીદાસ લીલાધર | વેરાવળ |
| રૂા. ૧૧) | ,, | સેવકલાલ મોહનલાલ | વેરાવળ |
| રૂા. ૧૧) | ,, | લખમીચંદ છગનલાલ | વેરાવળ |
| રૂા. ૨૫) | શ્રી | બેંગલોર જૈન સંઘ. પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી | |
| રૂા. ૨૫) | શેઠ | મનસુખલાલ ચુનીલાલ | સુરેન્દ્રનગર |
| રૂા. ૧૧) | શ્રી | જૈન શ્વે. સંઘ-કલકત્તા. શ્રી પ્રભુપ્રવેશના માંગલિક પ્રસંગે હા. શ્રી મણીલાલ વનમાળીદાસ શેઠ | |
| રૂા. ૧૧) | ધી | જનરલ સ્ટોર્સ-નિપાણી. પૂ. મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી | |

## – ઉ * પ * યો * ગી –

'કલમ કે દોસ્ત મંડળ'ની લેખ હરિફાઇમાં જેઓએ ભાગ લીધો છે, તેઓમાં જેઓના લેખ માટે ઇનામો જાહેર થયાં છે, તે ઇનામો મેળવનારાઓનાં નામો 'બાલ-જગત'માં પ્રસિદ્ધ થયાં છે, તે જોઇ લેવા સહુને વિનંતિ છે.

'એ શું કરે ?' એ વિભાગ સ્થળ સંકોચને કારણે આગામી અંકે પ્રસિદ્ધ થશે.

ગ્રાહકો, સભ્યો અને જાહેરખ આપી-અપાવી 'કલ્યાણ'ને સહકાર આપવા-અપાવવા દરેકને નમ્ર વિનંતિ કરીએ છીએ.

'કલ્યાણ' માસિકમાં શંકા-સમાધાન નિયમીત આવે છે. તો જે ભાઇઓને હૃદયમાં શંકાઓ ઉપસ્થિત થતી હોય અને સમાધાન મેળવવાની જિજ્ઞાસા હોય તેઓએ અમારા ઉપર શંકાઓ લખી મોકલવી. અવસરે પૂજ્યપાદ આચાર્ય દેવ પાસેથી સમાધાનો મેળવી પ્રગટ કરીશું.

લેખો જેમ બને તેમ વહેલા-સર અને કાગળની એકજ બાજુ ચોકખા અક્ષરથી લખી મોકલવા.

નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલાવાય છે.

તીર્થના કે ધર્મ-મહોત્સવના ફોટાઓ કે બ્લોકો અમારા ઉપર મોકલી આપવા. અવસરે 'કલ્યાણ' માસિકના ટાઇટલ ઉપર છપાશે.

પત્ર વ્યવહારનું સીરનામું.

**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ]

વર્ષ ૯; ડીસેમ્બર–૧૯૫૨; અંક ૧૦.

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

શિવમસ્તુ સર્વજગતઃ

# પ્રારબ્ધ અને પુરૂષાર્થ.

શ્રી૦

અનેક પ્રકારની વિચિત્રતાઓ, વિષમતાઓ કે વૈવિધ્ય એ સંસાર—સમસ્તની નૈસર્ગિક પ્રકૃતિ છે. વિચિત્રતાઓ માટેનાં કારણો શોધવા જતાં એનાં ઉંડાણમાં જ્યાં વિવેકપૂર્વક નજર નાંખવા બેસીએ છીએ ત્યારે છેવટે કર્મનાં બલને જ પ્રાધાન્ય આપવું પડે છે. પુરૂષાર્થ ભલે પ્રત્યેક કાર્યમાં સહાયક ગણાતો હોય, કે કાલ, સ્વભાવ યા ભવિતવ્યતા પણ સંસારમાં કારણુ તરીકે કદાચ ઓળખાય, છતાં જગતની આ બધી વિચિત્રતાનાં મૂલમાં કર્મ જ પ્રધાન ભાગ ભજવે છે, એમાં બે મત નથી જ.

માનવ જન્મે છે, ત્યારથી મરણુ પર્યંત એનાં જીવનમાં પ્રારબ્ધ તથા પુરૂષાર્થ વચ્ચે સતત યુદ્ધ ચાલુ જ રહે છે. સંસારવર્તી પ્રત્યેક આત્માનાં જીવનમાં કર્મ અને પુરૂષાર્થનો ઘોર સંગ્રામ ખેલાઇ રહેલો છે. શાસ્ત્રીય પરિભાષામાં જેને આપણે નિકાચીત કર્મ કહીએ છીએ, તે લોક–વ્યવહારમાં પ્રારબ્ધનાં નામે ઓળખાય છે. બુદ્ધિ, હોશિંયારી, આવડત કે પુરૂષાર્થ આ બધું ભાગ્યને આધીન રહીને જ સંસારમાં સફલ યા નિષ્ફલ બને છે.

આજે માનવ સુખ, સંપત્તિ, ઐશ્વર્ય આદિ માટે આટ–આટલા વલખાં મારવા છતાં તેને કેમ મેળવી શકતો નથી ? આનું કારણુ શું ? એક બાજુ ખાવાને માટે ધાન્યના ભંડારો ભરેલાં છે. ભોગવવા માટે ધન, સમૃદ્ધિ, હાટ, હવેલી, મોટરગાડી ઇત્યાદિ બધું હાજર છે, છતાં મનમાન્યું ભોગવી શકાતું નથી, કોળીયો હાથમાં લેવા છતાં મોઢામાં જતો નથી. ગળામાં કેન્સર છે. આંતરડામાં ચાંદી છે. કેવળ દૂધ–ભાત કે છાશ પર મહિનાઓ કાઢનારાઓનાં ઘેર નિરંતર પાંચ પકવાન રસોડામાં તૈયાર હોય

પણ પોતે ઘરનો માલિક એ સુખપૂર્વક ભોગવી શકતો નથી. ડોકટરો, વૈદ્યો, હકીમો હરરોજ હજારોની ફી લેવા છતાં, છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધનાં સાધનો વિદ્યમાન છતાં, આજે કેટ-કેટલાયે શ્રીમંતો દિન-પ્રતિદિન રોગમાં સબડી જ રહ્યા હોય છે.

એક જ મા-બાપના ચારે દીકરાઓ બુદ્ધિ, બાહોશી, શરીર, રૂપ, તાકાત આ બધીયે બાબતોમાં ભિન્ન-ભિન્ન પરિસ્થિતિવાળા જણાય છે, એક જ દિવસે, એક જ ગામમાં, એક જ શેરીમાં, એક જ ટાઈમે જન્મનાર બે બાળકોમાં જન્મથી જ બધી વિચિત્રતા જણાઇ આવે છે. એક ગરીબ, એક શ્રીમંત; એક સુખી, એક દુઃખી; એકને વગર-પ્રયત્ને મળે, એકને લાખો પ્રયત્ને ન મળે; એક મેળવે, બીજો સાચવે, ત્રીજો ભોગવે; મેળવે કોઈ, સાચવે કોઇ, ભોગવે કોઈ; બુદ્ધિ, બાહોશી અને ગણત્રીપૂર્વક પ્રયત્ન કરનાર નિષ્ફળ જાય, જ્યારે જેનામાં બુદ્ધિ કે બાહોશી જેવું કાંઈ નથી, એવા હસી નાંખવા જેવા ઘેલા ગણાતા માણસો ફાવી જાય.

આ બધાયનાં મૂલમાં કર્મ જ પ્રધાન કારણ છે. જેને ભાગ્ય કહેવામાં આવે છે. માનવનો વર્તમાનકાલ તેના ભૂતકાલની કારવાઇને અનુરૂપ કર્મને આધીન છે, એમ કહેવામાં કશું જ ખોટું નથી. માટે જ સંસારના કોઇપણ વ્યવહારમાં કર્મજન્ય વિષમતા-ઓને નજરે જોઈ, અનુભવી, સ્હેજ પણ અકળાઈ જવાનું હોય નહિ. શેઠ-નોકર; માલિક-મજૂર; ગરીબ-શ્રીમંત; પ્રજા-રાજા; ઉંચ-નીચ; અલ્પ-અધિક; આ બધીયે તર-તમતા સંસારમાં કર્માધીન જીવોને માટે સરજાયેલી જ છે. આની સ્હામે ઉકળાટ ઠાલ-વવાથી, ધમપછાડા કરવાથી એમાં સ્હેજે પરિવર્તન આવવું શકય નથી.

હા, વર્તમાનકાલીન કર્મજન્ય સ્થિતિથી ઉગરવા માટે સમભાવપૂર્વક સહન કરવામાં, અને તે દ્વારા બુદ્ધિપૂર્વક જ્ઞાનીભાખ્યાં પુરૂષાર્થથી તે કર્મસમૂહને મૂળથી જ ડામવો જરૂરી છે. કર્મને ડામવા માટે, તેના પર વિજય મેળવવા માટે અહિંસા, સંયમ તથા તપનો માર્ગ જ સાચો છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી આત્મા જાગૃત બની પોતાનાં આત્મવીર્યને ફોરવી જો ભગીરથ પુરૂષાર્થ આદરે તો અંતે પ્રારબ્ધ પર વિજય મેળવી તે સર્વતંત્ર સ્વતંત્ર બને છે.

આ સિવાય સંસારમાં કર્માધીન પરિસ્થિતિને કે વિષમતાને મૂળથી ટાળવા માટે અન્ય કોઈ જ અમોઘ ઉપાય નથી. એ સહુ-કોઇએ સ્હમજી લેવું જોઇએ.

# અ * મી * ઝ * ર * ણાં.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

**શ્રી** જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ મન, વચન, કાયાની પ્રવૃત્તિ એ બધીએ પ્રમાદ અને આજ્ઞાને અનુસરતી પ્રવૃત્તિ એ અપ્રમાદ. અવિહિત વસ્તુમાં પ્રવૃત્તિ એ પ્રમાદ, શ્રી જિનેશ્વરદેવે જે વસ્તુનું વિધાન પણ નથી કર્યું અને નિષેધ પણ નથી કર્યો એમાં પ્રવર્ત્તે એ પ્રમાદ.

**જે** તારક, જે સેવ્ય, જે પૂજક, જેના અભાવમાં પોતાનો અભાવ, જેના યોગે પોતાનું જીવન, એની ગૌણતા કરે, એ સાધુ સાધુ નહિ, સાધ્વી સાધ્વી નહિ, શ્રાવક શ્રાવક નહિ અને શ્રાવિકા શ્રાવિકા નહિ. ધ્યેય વિનાની કોઇપણ પ્રવૃત્તિને જ્ઞાનીએ સફળતાની કોટિમાં મૂકી નથી.

**શ્રા**વક કોણ? રોજ શ્રી જિનેશ્વરદેવની સેવા કરે, નિર્ગ્રંથ ગુરૂની ઉપાસના કરે, અને શ્રી જિનેશ્વર દેવની વાણીને સાંભળે અને તેને યથાશક્તિ અનુસરે.

**આ** સંસારમાં રહીને જે અધોગતિ થવાની તે આજ્ઞાના આરાધનથી નહિ થાય.

માર્ગાનુસારિનો અર્થ સત્યનો અર્થી, સત્ય લેવાની ઇચ્છાવાળો.

**ઝેર** આપનારો અણઘણ હોય તો સીધું પડિકામાં આપે, ને જરા હુંશિયાર હોય તો દૂધમાં ભેળવીને આપે; માટે સત્યગ્રહણ કરતાં એમાં અસત્યનું વિષ ન ભળે એની ખાત્રી કરો.

**વ**કિલમાં એ ખામી છે કે, પોતાનો બચાવ કરવા સારા કે ખોટાના વિચાર વિના અસીલનું ગાણું ગાય. વકિલનો કાયદો એ કે, જડજને મુંઝવણમાં મૂકવો!

**વ**કિલ તો સાચો એનું નામ કે, જે જડજનો રસ્તો સીધો કરે.

**જૈન** સાધુ કદિ પણ નહિ કહે કે, મારે આ વસ્તુજ જોઇએ.

**જે** હૈયે ન ઉતરે એને માથે મૂકનારો ઢોંગી છે.

**ભ**ગવાન શ્રી મહાવીરદેવનો મૌલિક સિદ્ધાન્ત છે કે, છતી વસ્તુનો સદુપયોગ કરવો એ ધર્મ, પણ સદુપયોગ માટે વસ્તુ પેદા કરવી એ પાપ.

**હોય** તે વસ્તુના સદુપયોગનો ઉપદેશ હોય પણ આ વસ્તુની જરૂર છે માટે પેદા કરો, એ કહેવું એ શ્રાવકને પણ પાપ ને અમને તો મહાપાપ.

**નિં**દા સહન કરવી એ સહેલી છે. પણ પ્રશંસા સહન કરવી કઠણ છે.

**સાચા** ખોટા બેયમાં મધ્યસ્થ રહેનાર તો દુનિયામાં પહેલા નંબરનો બેવકુફ છે.

**જે** દાનના યોગે અપૂર્વ સુખ મળે એ દાનમાં અગ્નિ મૂકનારા હવે આર્યદેશમાં પણ પાકયા છે.

**આજ**નાં બધાં જડ સાધનો આત્માનું નિકંદન કાઢનારાં છે.

**દાન**નું ફળ જો લક્ષ્મીની લાલસા હોય તો એ દાન નહિ પણ સટ્ટો.

**દાન** એ ત્યાગની શરૂઆત છે. ત્યાગ તો ઉંચી વસ્તુ છે. આ દાન, થોડું શીલ કે તપશ્ચર્યા એ બધું તમને મહાત્યાગી બનાવવા માટે છે.

**જો** દાન એ તમને મહાત્યાગી થવાની ભાવનાવાળા ન બનાવી શકે, તો એ દાન ધર્મની કોટિમાં નથી.

સત્ય-અસત્યનો યોગ સનાતન છે.

સંસારમાં સુખી અને દુઃખી, રોગી અને નિરોગી, રાજા અને રંક, દાતાર અને યાચક એ અનાદિથી છે.

આપત્તિ અને સંપત્તિએ બન્ને આર્ત-રૌદ્રનું કારણ છે.

જેટલાં આશ્રવના સ્થાન તેટલાં સંવરનાં સ્થાન અને જેટલાં સંવરનાં સ્થાન તેટલાં આશ્રવના સ્થાન.

અન્નની ખાતર ધર્મ વેચનાર ને સ્વાર્થની ખાતર ધર્મને ઠોકરે મારનારા એના જેવા નામર્દો દુનિયામાં કોઇ નથી.

અજાણ પાસે જેમ તેમ લવરી કરે જવી, એમાં મહત્તા કે જ્ઞાનીપણું નથી, પણ મૂર્ખાઇ છે.

ભગવાન મહાવીરની એવી આજ્ઞા છે કે, સંયમનિર્વાહ થાય ત્યાં મુનિએ વિચરવું.

ઉપકારની ઇચ્છાવાળા ગૃહસ્થની ફરજ છે કે, સંયમના નિર્વાહની સગવડ કાયમી કરી આપવી.

ભોગનો વિપાક ભોગવવાનું સ્થાન નરક છે. અને ભોગનો ઉદય ભોગવવાનું સ્થાન સ્વર્ગ છે.

શ્રી જિનેશ્વરદેવનું જીવન તે શ્રી જિનેશ્વર જ જીવે. સાગરની ઉપમા સાગર સાથે જ થાય. તળાવડાં સાથે ન થાય.

મોટા કરે તે કરવું, એવી ઘેલછાનો પ્રચાર કરશો તો પાયમાલ થશો.

નોકરે શેઠ કરે તેમ કરવાનું ન હોય. પણ શેઠ કહે તેમ જ કરવાનું હોય.

વચન પરથી વ્યક્તિની કિંમત આંકવાનું જૈનશાસનમાં નથી કહ્યું.

પહેલી પરીક્ષા વ્યક્તિની-પુરૂષની, પછી તેની ક્રિયાનો આદર.

વ્યવહાર પણ વચનના નામે નથી ચાલતો, પણ વ્યક્તિના નામે ચાલે છે.

પુરૂષની પ્રમાણિકતા પર વચનની પ્રમાણિકતા છે.

બળીયા સાથે બાથ ભીડીએ તો મરીએ નહિં તો માંદા તો જરૂર પડીએ.

તમે જો શ્રી મહાવીરદેવના સાચા દીકરા બનવા માગતા હો તો, કબૂલાત કરો કે, 'આજથી એમની આજ્ઞા પ્રમાણ.'

આજ્ઞા એટલે અનંતજ્ઞાનીની દૃષ્ટિનો નિષ્કર્ષ અને એ જ ધર્મ.

ભગવાન શ્રી મહાવીરદેવનું શાસન જ્યાં સુધી છે, ત્યાં સુધી મંદિરો અને ઉપાશ્રયો પણ જીવતા રહેવાનાં છે.

જે પાપાત્માઓ સંયમની સામે કાદવ ઉછાળે છે, તેઓને જ કાદવ ચોંટવાનો છે.

"મન સચ્ચા તો સબ સચ્ચા" એવું ન કરતાં ! કારણ કે, બાહ્ય આલંબન વિના આત્માની શુદ્ધિ ઘણી કઠીન છે, માનસિક શુદ્ધિ પણ બાહ્ય આલંબનને અવલંબે છે.

ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં દીક્ષા કાંઈ છૂપી છે ? દીક્ષા છૂપી રહે ?

દીક્ષા પામ્યા વિના કોઈ મુક્તિએ ગયું નથી, જતું નથી અને જશે પણ નહિ.

*

'કલ્યાણ' માસિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૫-૦-૦

# યુવાનીનો સદુપયોગ કરો..................શ્રી એન. બી. શાહ

આ દુનિયામાં માનવ તરીકે જન્મીને આપણું શું કર્તવ્ય છે, તે આપણે યુવાનીના ઉંબરે પગ મુકતાંજ જાણે ભુલી જઈએ છીએ એવું આપણને શું નથી થતું ? મહાન પુરૂષો આપણને ઢંઢોળીને, જાગૃત કરીને કહી રહ્યા છે કે, હે યુવાનો ! યુવાની વિલાસ–ભોગો પાછળ વેડફી નાખવા માટે નથી મળી. પણ તેનો આત્માના કલ્યાણ માટે જેટલો થાય તેટલો સદુપયોગ કરી લેવા માટે મલી છે, એમ આપણા જ્ઞાની પુરૂષો કહી ગયા છે. અને વર્તમાન કાળે પણ વિચરી રહેલા પૂ. ગુરુદેવની વ્યાખ્યાન–વાણીનો મુખ્ય સૂર પણ એવોજ આપણે શું નથી સાંભળી રહ્યા ? અરે કહોને કે, સાંભળી–સાંભળીને ઘણાય તો બુઠ્ઠા બનવા આવ્યા પણ ઘાંચીના બળદની જેમ 'હતા ત્યાં ને ત્યાં' જેવી દશા માટે કાંઇ–પણ વિચાર કર્યો ?

જ્ઞાની પુરુષોના હિતકારી વચનોનો જો અનાદર કરવામાં આવશે તો આપણો વિનાશ આપણા હાથે જ આપણે સર્જી રહ્યા છીએ. એ નગ્ન સત્ય કદાચ "**આ ભવ મીઠા તો પર ભવ કોણે દીઠા**" એવી માન્યતા જેઓના હૃદયમાં ઘર કરીને રહેલી હશે. તેઓને કટુ લાગશે.

આગમ–શાસ્ત્રોથી આપણે જાણી શકીએ છીએ કે, આ દુનિયામાં તો બેચાર દિવસના મહેમાન તરીકે જ આપણું આગમન થયું છે. અને હવે અહિંથી કોંઇપણ નૂતન દુનિયામાં આપણે જવાનું છે. એ પણ નિશ્ચિત છે, તો પછી ઘોર નિદ્રામાં કયાં સુધી ઉંઘવું ?

યુવાનીને દિવાની કહેલી છે. માટે જ ભાગ્યશાળી યુવકોજ યુવાનીનો દેવ–ગુરુ–ધર્મની આરાધનામાં બને તેટલો સદુપયાગ કરી શકે છે, તેમનોજ માનવભવ સફલ બને છે. બાકી 'મોજ–મજાહ ઉડાડવા માટે યુવાની મળી છે, ધર્મ તો ઘડપણમાં જ થાય' એવું સમજનારાઓ માટે જ્ઞાની પુરૂષો ચેત-વણી આપતાં જણાવે છે કે, હે ભાઇ! યુવાનીના મદમાં અંધ ન બનજો. હૃદયની આંખો ઉઘાડી રાખીને જરા વિચાર તો ખરો કે.—

આ માનવ–જીવનનું આયુષ્ય કેટલું ? દેવતાઈ આયુષ્યોના પ્રમાણમાં જો સરખાવીએ તો બેચાર દીનનું જ ને ? પછી શું ? ખાલી હાથે આવેલો માનવી ખાલી હાથે જ જાય છે.

ભલાઇ અને બુરાઇ (પુણ્ય અને પાપ) સિવાય બીજું કાંઈપણ કોઈ સાથે લઈ ગયું નથી, અરે કદાચ લઇ જવાની ઇચ્છા હોય તો પણ લઇ જઇ શકાય તેમ નથી, કર્મસ-ત્તાનો એ અટલ નિયમ કોઇનાથીયે તોડી શકાય તેમ નથી, ભલભલા ઇન્દ્રો જેવા પણ દેવલોકનાં સિંહાસનો, દેવતાઇ ઋદ્ધિ–સિદ્ધિ વિગેરે છોડીને આયુષ્ય ખતમ થતાં ચ્યવી જાય છે, અને કર્માનુસારે જન્મ ધારણ કરે છે, તો પછી એક મામુલી શક્તિવાળા માનવનું શું ગજું ? સિકંદરનો દાખલો તાજો જ છે ને ?

માટે હે મોજીલા યુવાન મિત્રો ! તમારા અત્તર અને સેંટની સુગંધ તમારી જીંદગીને વિલાસ-ભોગોની દુર્ગંધથી દુર્વાસિત બનાવી રહી છે, તે માટે હવે જાગૃત બની જાઓ. નાટક–સીનેમા આદિ જોવાની કુટેવોને સુધારી આત્માના કલ્યાણ માટે ધર્મની કાંઈક આરા-ધના કરી લો. જ્ઞાનીપુરૂષો જે કહી રહ્યા છે, તે જ્ઞાનીનાં વચનોનો જો અનાદર કરશો તો તમારાં પેન્ટ, બુટ, કોટ, અને સાથે સીગારેટ ઉપર લગાવાતી ચોટ તમને કયાંય પટકી પાડીને અંધારકુવા જેવી વિષમ દુઃખદાયી

યોનિમાં ખેંચી જશે, ત્યાં પછી ગમે તેટલી બૂમો પાડશો તો તે નકામી જવાની. વિચાર તો કરો કે, હીરાની વિંટીનો ઝળકાટ કયાં સુધી પહોંચશે ? પાનપટ્ટીઓ ચાવીને રંગેલા લાલ હોઠની લાલી કેટલી વારની ? ધૂમ પૈસા ખર્ચીને ખરીદેલી મોટરોની સહેલગાહ કેટલા ટાઇમ માટેની ? આ બધું વરઘોડામાં સોનેરી સાજવાળા શણગારેલા ભપકાદાર અશ્વો નાચે છે તેના જેવું જ સમજી લો.

વરઘોડામાં શણગારેલા ઘોડાના પગની ઝાંઝરીનો ઝણકાર કે તેની કલાનની શોભા તેની પીઠ ઉપરની રેશમી ઝાલ એ જો કે ઘડીભર જોવા જેવું હોય છે, પણ તે થોડી મીનીટો માટેનું જ ને ?

વરઘોડો ખલાસ થતાં એ જ ઘોડાની દશા કેવી ? માંખીઓ અને મચ્છરથી ભરપૂર અને વાસ મારતા તબેલામાં જ બંધાવું પડે છે ને ? તેનો માલીક જો સારો હોય તો ટાઈમસર પાણી અને ખાણું તેને મળે છે, નહિંતર એ દર્શનીય, સુશોભિત અને ભપકાદાર બનીને આવેલા વરઘોડાના ઘોડાની કફોડી સ્થિતિ પછી થાય છે. માંખીઓના ગણગણાટ વચ્ચે મચ્છરોના ચટકાની વેદના એને માટે સદાની લખાએલી જ હોય છે ને ?

માટે હે યુવાન મિત્રો ! મોજમજાહ કે આ દુનિયાના ભોગ–વિલાસો પાછળ તમારી યુવાની વેડફી ન નાંખતા, માનવજીવનની મહત્તા જો સમજાઈ હોય તો યુવાનીનો આત્માના હિત માટે આજથી જેટલો બને તેટલો સદુપયોગ કરવાનો નિશ્ચય કરી લો.

---


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો !

સ્વ. આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે–

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧–૮–૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરુમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩–૦–૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો.] ૬–૦–૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેઠ **પુના–૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]



## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો ! અમારી બીજી સ્પેસીયાલીસ્ટો.

**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંત, ભારતમાતા**

નમુના માટે લખો.

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ.**

સોલ એજન્ટ.

**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ.**

# મધપૂડો

## વીણેલાં મોતી.

વિચાર કે સંકલ્પો કરવા એ મનનો સ્વભાવ છે. પ્રતિકૂલ માર્ગે વહેતા વિચારો મનને બંધનમાં બાંધે છે. મન એને જ જો સાનુકૂળ વિચારણામાં નાંખે તો તેને પરમાનંદનો અનુભવ થાય છે. માટે જ મનદ્વારા સદ્વિચારો સેવવાનો અભ્યાસ પાડો, કારણ કે, શુભ સંકલ્પોથી બળવાન બનેલું મન ગમે તેવા કષ્ટસાધ્ય કાર્યને સ્હેલાઇથી સાધી જીવનમાં ઉત્કર્ષ-પ્રાપ્તિનું સહાયક બને છે.

—સં૦ ચુનીલાલ એમ. દોઢીયા.

*

શ્રદ્ધા એ શકિતઓનું દ્વાર ઉઘાડે છે, અને આપણામાં રહેલી ઉત્તમોત્તમ શકિતઓનો વિકાસ કરે છે. શ્રદ્ધા એ આત્માની શ્રેષ્ઠ શકિતઓને પ્રકાશમાં લાવે છે. આત્માની અશકિતઓ, નબળાઇઓને ખંખેરી નાંખવામાં શ્રદ્ધા જેવું એકેય પરમબલ નથી.

એક જ વિષય પર શકિતઓ કેન્દ્રિત કરવાથી, નબળો માનવ પણ ધાર્યું કાર્ય કરી શકે છે. કોઇ પણ ન્હાનું કે મ્હોટું કાર્ય, છૂટાં-છવાયાં પ્રયત્નોથી નહિં થાય. પણ તેમાં એકનિષ્ઠ સતત પ્રયત્ન થાય છે, ત્યારે વિના-વિલંબે કાર્યસિદ્ધિ થઇ શકે છે.

—જગદીશ અ૦ મહેતા.

*

## ચિંતન-તણખા.

* તૃષ્ણા તૃપ્તિ ઇચ્છે છે. ત્યાગ મુકિત માંગે છે.
* ડાહ્યો વિચાર્યા પછી વર્તે છે. મૂર્ખ વર્ત્યા પછી વિચારે છે.
* માનવી કેટલું જીવ્યો એ એનું માપ નથી, કેવું જીવ્યો એ પરથી માનવને માપી શકાય છે.
* ગમે તેવા સંત ગણાતાને સત્તાની ખુરશીપર બેસાડો, એટલે એનામાં છૂપાયેલો શયતાન જાગ્યા વિના નહિં રહે.
* કીર્તિની કામના ભલે કરો, પણ કીર્તિ માટેજ કામ ના કરો !
* ગમે તેવા પ્રસંગોમાં કદિયે હિમ્મત નહિ હારનારો જીવનમાં કશું હારતો નથી.
* રાત્રી આવે છે અને ચાલી જાય છે, આ જાણવા છતાં માણસ આપત્તિઓથી કેમ કંટાળે છે ?
* સાદાઇ અને સંતોષથી જીવનપટને વણી લેનારને સુખ માટે ફાંફા મારવા નહિં પડે.
* મતલબ, માનવ-માનવ વચ્ચે સંઘર્ષણ જન્માવે છે. મમતા સમભાવ જગાડે છે. સંઘર્ષણ એ દુઃખ છે. સમભાવમાં સુખ છે.
* ગુસ્સો મારે, જ્યારે સાચો જુસ્સો તારે.
* હક્ક હાંસલ કરવા માટેની હોંસાતુંસીમાં ફરજ ભૂલાઇ જાય છે.
* નારી-જીવનની પ્રાણપ્રિય બે ભાવનાઓ છે. સ્નેહ અને સમર્પણ.

—શ્રી નાથાલાલ દત્તાણીના લેખ પરથી.
( ફેરફાર સાથે. )

*

## શોધ અને બોધ.

હિંદની આઝાદિના પાંચ વર્ષોમાં ૪૦ નવા કરો અને ૩૫૦ કાયદાઓની ભેટ હિંદની પ્રજાને દાનમાં મલી છે.-હિંદીઓ આનંદો ત્યારે !.

છેલ્લા વર્ષમાં ૭ લાખ પશુઓ મારવા માટે પરદેશમાં હિંદી સરકાર તરફથી ધકેલાયા છે. રે સત્તા ! ત્હારા પાપે.

હિંદની મધ્યસ્થ સરકારમાં ૧૫ પ્રધાનો દફ્તર-વાળા છે. ૬ પ્રધાનો દફ્તર વિનાના છે. ૧૨ નાયબ. પ્રધાનો છે. પાંચ મંત્રીઓ છે. છતાં સો મણ તેલે કેટલીક વખતે અંધારૂં રહે છે.

મુંબઇ સરકારને ૧૯૫૧માં શબ્દહરિફાઇ દ્વારા ચોખ્ખા ૧૯ લાખ રૂા.ની આવક થઇ હતી. પર અને.

૫૩માં એથી વધારે થવા સંભવ છે. માટે જ દૂધ દેતી ગાયની લાત ગમી જાય છે.

હિંદી પાર્લામેન્ટમાં દર એક મિનીટે રૂા. ૮૦નો ખર્ચ થાય છે. કલાકના ૪૮૦૦ રૂા., ૬ કલાકના એટલે એક દિવસની બેઠકના ૨૮૮૦૦નું ખર્ચ થાય છે. હિંદભરમાં જંગી ખર્ચ કરતું તે એક જ કાયદાઓનું કારખાનું ગણાય છે. જે આટલા ખર્ચે નફા વિના કાયદાઓનું સતત ઉત્પાદન ચાલુ રાખે છે.

યુધ્ધ પહેલાં ૧૩ ક્રોડમાં મુંબઇ સરકારનો વહિવટ ચાલતો. જે આજે ૬૭ ક્રોડ રૂા.માં પણ નથી ચાલી શકતો. મધ્યસ્થ સરકાર યુધ્ધ પહેલાં ૧૨૫ ક્રોડમાં વહિવટ ચલાવતી, તે આજે ૪૫૦ ક્રોડ 'ચાર અબજ ૫૦ ક્રોડ'માં પણ નથી ચાલી શકતો, દુનિયા દોડી રહી છે, તે આનું નામ !.

૧૯૫૨ની જૂનની આખર સુધીમાં હિંદભરના સત્તાવાર નોંધાયેલા બેકારોની ગણત્રી આ મુજબ છે. ગ્રેજ્યુએટ બેકારો ૧૪૨૮૮, મેટ્રીક પાસ ૧૦૧૦૩૮, નોનમેટ્રીક ૨૫૦૭૨૯. રે કેળવણી !

છેલ્લી ચૂંટણીઓના ખર્ચાઓ જે સરકારી યાદિઓમાં જાહેર થયા છે, તે ચોંકાવનારા છે, મધ્યભારત, પેપ્સુ તથા કુર્ગને બાદ કરતાં ૯૦૩૪૩૮૯ રૂા, ચૂંટણી પાછળ ખર્ચાયા છે. આ આંકડો તો સત્તાવાર ગણત્રીનો, પણ જેઓએ વ્યક્તિગત રીતે કે પક્ષ તરફથી ઉભા રહીને આડા-અવળા ખર્ચ્યા હોય એ લાખ્ખોના ધૂમાડાની વાત જ ન કરશો !

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં ઓડીટર કચેરીના કારકૂનો માટે ચાર જગ્યાઓની અરજી માંગેલી જેના જવાબમાં ૧૨૦૦ જણાએ અરજીઓ કરી. આમાં ૪૦૦ ગ્રેજ્યુએટો હતા. આ તે કેવી બેકારી !

શાંતિ માટે કોરીયા ખાતે રશિયા અને સાથી-રાજ્યોની વાટાઘાટો લગભગ દોઢ વર્ષ ઉપરાંતથી ચાલે છે. આ વાટાઘાટોનું શું પરિણામ આવ્યું, એની તમને ખબર છે ? શાંતિ તો આવશે ત્યારે ખરી; પણ આ વાટાઘાટોની દસ્તાવેજી ફાઇલોનો ઢગલો ૭ ફુટ ઉંચો થઇ ગયો છે. વાટાઘાટો, ચર્ચા, વાત-ચિતોની નોંધની આ ફાઇલોના કાગળોનું વજન ફક્ત ૫૦૦ રતલ થઇ ગયું છે. વાહ શાંતિ ! અને વાહ વાટાઘાટ !

—ક. વિ.

*

## તેજ કિરણો.

એક અમેરિકને એક અંગ્રેજને કહયું, તમે અંગ્રેજ લોકો પૈસા માટે ઘણીવાર લડો છો, જ્યારે અમે અમેરિકનો તો કેવળ અમારી પ્રતિષ્ઠા ખાતર લડીએ છીએ.

જવાબમાં ઠાવકું મોઢું રાખી અંગ્રેજે કહ્યું 'બરાબર છે. જેની પાસે જે ન હોય તેણે તે મેળવવા માટે લડવું જ જોઇએ ને ?'

આંખોમાં આંસુ પાડતો ન્હાનો મનુ મા પાસે આવ્યો, ને બોલ્યો, 'બા મારાથી લાદી ભાંગી ગઇ' માએ મનુને પંપાળતા જવાબમાં કહ્યું; 'એમાં રડે છે શું ? લાદી ભલે ભાંગી, પણ શાથી લાદી ભાંગી'

મનુએ જવાબ આપતાં કહ્યું 'પેલી બાપુજીની સોનાની ઘડિયાળ છે ને, તેની સાથે ઠોકતાં-ઠોકતાં મા, લાદી ભાંગી ગઇ.

*

ધનગૌરી-( પોતાના પતિને ) આપણો રમણ દિવસે-દિવસે ખોટું બોલતો થતો જાય છે. લુચ્ચો મને કે તમને જુઠું બોલીને ધોળે દા'ડે આકાશના તારા બતાડે છે. એનુ થશે શું ?

પતિ-કાંઇ નહિ. એ વિષે ફીકર કરવી નહિ. આપણી ચિંતા ઓછી થઇ. એ હવે સારામાં સારો વકિલ બની શકશે.

*

## બે બહેરા મિત્રો.

તારાચંદભાઇ-કાં કરમચંદભાઈ ! તમારા મોટા દિકરાનું વેવિશાળ કર્યું ને ?

કરમચંદભાઇ-અરે ભાઇ, શાક લેવા તો કયાંય ન્હોતો ગયો, પણ આ જુઓને આઠ દિવસથી પેટમાં આકળી આવે છે, તે દવાખાને ગયો તો.

## ક્ષત્રિય જેવું શૌર્ય, જૈન જેવી દયા અને પ્રભુના અનન્ય ભક્ત જેવી શ્રદ્ધા ધરાવતો રબારી

## ચે હ રો........................................................................શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

એનું નામ તો ખાસ્સું મઝાનું કેસર છે, પણ ગામ લોકો એને 'ચેહરો' કહી બોલાવે છે. લોદરા ગામના રબારીનો એ દિકરો છે.

ડીસા–કુંડલા ટ્રેઈન ચાલુ થઇ એના વળતાજ દિવસે મ્હારે લોદરા જવાનું થયું. લોદરા મ્હારા ગામથી પુરા છવીસ માઇલ દૂર છે. દીવોદરના સ્ટેશને ઉતરી જવાનું છે. અહીંથી એક માઇલ પગે ચાલી લોદરા જવાય છે.

આમ તો લોદરા નાનું એવું ગામ છે, જૈનોનાં દસ-બાર ઘર છે. બધા શ્રધ્ધાળુ છે, વળી નાનો એવો

ઉપાશ્રય છે, એવું જ મઝાનું શાંતિનાથ ભગવાનનું સુંદર મંદિર છે.

અહીં અમારો આતિથ્ય–સત્કાર બહુ જ સુંદર રીતે થયો. 'અતિથિ દેવો ભવ,' નો અમને સાક્ષાત્કાર થયો. મોટા શહેરોની વાત જવા દઇએ તો ગામડાંઓમાં આ સુંદર પ્રથા હજુ અકબંધ જીવતી પડી છે. જ્યાં વીસી અને લોજોએ પ્રવેશ કર્યો નથી એવા ગમે તે ગામમાં જાઓ, તો ઘર ભૂલી જાવ, એટલો બધો તમારો સત્કાર થશે.

મ્હારા જ ગામની વાત કરૂં. રાધનપુર કોણે નથી જોયું ? આજથી વીશ–પચીસ વર્ષ પહેલાં બહારથી આવતા યાત્રાળુઓને દેવ સમા માની એમની ભકિત થતી. એમની નાની નાની તકલીફો પર પણ પુરતું ધ્યાન અપાતું, વળી એક પછી એક સુખી ઘરના લોકો એમને પોતાના ત્યાં લઇ જતા અને ભારે આદરથી એમની સેવા કરતા, અફસોસ ! આજે વીસી અને હોટલોનો જમાનો આવી જતાં અમે એમની સામે નજર માત્ર પણ કરતા નથી, શરમ !

આવશ્યક કાર્ય પતી ગયા બાદ અમે નિરાંતે ચહા–પાણી પીતા હતા, ત્યાં રાતાં તીડોનું એક મોટું જંગી ટોળું આ લોદરા ગામ પર ઉતરી આવ્યું.

મેં કહ્યું " આવાં તો ઘણાં ટોળાં ફરે છે, પાકનો બીલકુલ નાશ કરી નાંખશે ! "

પાસે એક રબારી ઉભો હતો. તેણે મારી વાત સાંભળી કહ્યું, "એના પરાલબધનું હશે તે એ ખાશે, પાપ ભરાશે તો કોઇની ગત ચાલવી નથી. કે' છે પાપનો પોરો ઢુકડો આવ્યો છે. "

શાબાશ ! આર્યદેશના રબારી ભરવાડના હૈયામાં પણ પાપ–પૂન્યની કેવી સુંદર ભાવનાઓ ભરી ભરી પડી છે. ત્યારે મ્હારા કહેવાતા સુશિક્ષિત બંધુઓ ભારતની એક માત્ર અધિષ્ઠાયિકા અહિંસાદેવીની ઉપેક્ષા કરી એનું કેટલું ઘોર અપમાન કરી રહ્યા છે ! આ ભોળા ગ્રામીણની વાણી સાંભળી હું સ્તબ્ધ થઇ ગયો. એને વધારે ચકાસી જોવા મેં પૂછ્યું.

---

તારા.–સારૂ ! સારૂ ! પૈસે–ટકે વેવાઈ તો ઠીક છે ને ?

કરમ.–દિવસમાં ત્રણ ચાર વાર દિશાએ જવું પડે છે.

તારા.–ત્યારે તો વાંધો નહિ, કન્યા તો ભણેલી–ગણેલી છે ને ?

કરમ.–એકલા દહીં ને ભાત ખાવાના કીધા છે.

તારા.–આપણે એ જ જોઇએ છે ! સારા માવતરની કન્યા આવે તો આખા કુળને તારે ! આપણો ચિરંજીવી તો ભણવા જાય છે ને ?

કરમ.–અરે વાત મૂકી ઘો ભાઈ !

તારા.–શું ભણે છે ?

કરમ.–આ જુઓને ! એક તો મને ઝાડા થઈ ગયા છે, અને એમાં આભડવા/જવાનું થયું.

તારા.-સારૂ ! સારૂ ! લગ્ન તો આ વર્ષે જ કરવાના હશે.

કરમ.–મારી સાસુ વરહ દિ' થયા માંદી હતી, ઘણી દવા કરી પણ સારૂં ન થયું.

તારા.–તો તો ભાઇશાબ, અમારા જેવાનું ગળ્યું મોઢું કરાવજો !

કરમ.-તમનેય ઝાડા થઈ ગયા છે ?

તારા.–અમારે બીજું શું હોય ! જમીને આશીર્વાદ દેશું.

—રસિક કોઠારી (મુંબઇ)

"ત્યારે સરકાર એને મરાવી નાંખે છે. એ ખોટું કરે છે ?"

હા, એ તો ભગવાન રામની સેના. એમ મારી મારીને કેટલાક તીડો મારવાના હતા ? તેઓ ગણ્યા ગણાય નહિ, અધધધ ! અને એને મારવા ય કીયા જનમ હારૂ ? આ પાપ અહીંજ ભોગવીએ છીએ, હવે નવા દખ ઉભા કરવાં નથી, બાપલા !

મારી જોડે લોદરાના એક ભાઇ બેઠા હતા, એમણે મને કહ્યું, "પનુભાઇ, આ રબારીનું નામ ચેહરો છે. ખૂબ દયાળુ છે, મલક આખામાં એની હાક પડે છે. એની બહાદુરીની એક વાત કહું, સાંભળશો ?"

"કહોને ભાઇ ! આવા ખમીરવાળા મર્દોની વાત મને તો ખૂબ ગમે છે." મેં જણાવ્યું.

હવે આ ભાઇએ જે વાત કરી તે કહું છું.

ચાર મહિના પહેલાંનીજ વાત છે. ગરમી ખૂબ વધી રહી છે. વગડો આખો બળુબળુ થઇ રહ્યો છે. કયાંય ઘાસનું તણુખલું સરખુંયે રહ્યું નથી. અને છતાં ય રબારી ભરવાડો ભાઇલોના વિસ્તારમાં સવાર-સાંજ ભમી આથડી માલને પાળી રહ્યા છે.

એવા એક દિવસની વાત છે, સૂરજ દાદો તપીતપીને લાલ લાલ બની ગયો છે. એની અગન-જ્વાળા સૌને એક સરખી બાળી રહી છે, ચેહરો લૂમાં બળતો ઝરતો જાળાનાં એક મોટા ઢુવા આગળ ઉભો છે, એનો માલ આમ-તેમ બેઠો છે. ચેહરાની આતુરતા ભરી આંખો ઉંચે આકાશના માંડવા તરફ મંડાઇ રહી છે. જેઠ મહિનાના દિવસો માલધારીઓ માટે તો ભારે કસોટીરૂપ હોય છે. આ દિવસો કાઢવા એ લોહીનું પાણી કરી નાંખે છે.

"ધાંય !" સામી દિશામાં બંદુકનો બાર થયો હોય એમ લાગ્યું. દિશાઓ ધણુધણી ઉઠી ઝાડ ઉપર નિરાંતે બેઠેલાં પંખીઓ ચીં ચીં કરતાં ઉડી રહ્યા. જાણે કાળદેવતાનું એમને સાક્ષાત્ ભાન થઇ રહ્યું. ચેહરા-એ સામી દિશામાં નજર કરી, અનેક તર્કવિતર્ક થયા, પણ છેવટ હવા પરખી લેતાં ઝાઝી વાર લાગી નહિ.

"શકારી મનખ !" ચેહરાના બીડેલા હોઠમાંથી અવાજ સરી પડયો. "જરૂર કોઇ હઠીલો આદમી મરવા આવ્યો છે. એનો દન ઉઠયો હોય એમ લાગે છે."

ચેહરાએ કામળી સરખી બાંધી ખભા ઉપર કડીયાળી ડાંગ ચડાવી દીધી. એના સીના ઉપર લાલ લાલ ઝાંય તરી આવી, શ્વાસ અધ્ધર થયો, શિકારીને ખોળી કાઢવા એની મોટી તકતકતી આંખો ચોતરફ ફરવા લાગી.

દૂર ઝાડીમાં માણસો ફરતા હોય એમ એને લાગ્યું, અવાજ પણ ત્યાંથીજ આવ્યો હતો. એના પગ ઝપાટાબંધ એ તરફ ઉપડી રહ્યા. ઝાડીમાં જતાં એણે જે ઢંગ જોયો એ જોઇ એનું લોહી ઉકળી આવ્યું, એની આંખોમાં લાલ તરલ રંગ ચડી આવ્યો. ભ્રમરો પણછની જેમ ખેંચાઇ રહી. અહીં પાંચ-છ નિર્દય હેવાન પુરુષોએ એક મોટા રોઝને મારી નાંખ્યો હતો ને એને કાપી એના ટુકડા પાડી રહ્યા હતા.

પશુવધ અને તેમાંય નીલગાયની હત્યા ભાળી ચેહરો ધુંવાંકુવાં થઇ ગયો.

એના અંગે અંગમાંથી વીજળીનો કંપ પસાર થઇ રહ્યો, એ કંપના પડઘા રૂપે એના ગળામાંથી "જે ઓગડનાથ !" નો પ્રચંડ અવાજ નીકળી આવ્યો.

શિકારીઓ તલવાર અને ભાલા સાથે સજ્જ હતા. એક તો જોટાળી ભરી-બંદૂક લઇ ઉભો હતો. "ઓગડનાથની જે" નો પોકાર સાંભળતાંજ એમનાં ઘાતકી હૈયામાં પણ ભયના સીરોટા ઉઠી આવ્યા.

"હટ્ લ્યા પાપીઓ !" રબારીએ પોતાની ડાંગ ખભા ઉપરથી ઉંચકતાં કહ્યું, "ઓગડનાથની આ પરથમી છે, એ ભોમમાં શકાર કરવા હાલી નીકળ્યા છો ?"

"હા." મૂછ પર તા દેતા, નફટાઈ ભર્યા હાસ્યથી એકે જણાવ્યું.

"ધરમની પુંછડી આવી !" બીજાએ ઘી હોમ્યું.

ચેહરાએ સળગાવી નાખે એવી એક નજર કરી, "લખ લ્યાનત ! હા કહેતાં શરમ આવતી નથી ? આ તો ધરમની ધરા, એને ગઢદ જોજન જોજન શિકાર થાતા નથી, હમજ્યા ?" અને એટલું કહેતામાં તો ચેહરો આડું અવળું જોયા વગર તેમના ઉપર વાર કરી ગયો.

"રબારા ! મરવા આવ્યો લાગે છે, નહિતર આમ એકલો તો સાવે ઢુકં નહિ." બંદૂકવાળા આદમીએ ચેહરાની છાતી સામે બંદૂકનો ઘા લેતાં કહ્યું.

પણ ડરી જાયતો એ ચેહરોજ શાનો ? એની માટીમાં કોઇ અજબ ચેતના વસી રહી હતી, "તમે

તો લ્યા ગાંડા છો! તે મને સાવ એકલોજ ભાળો છો! મારી પુંઠે આ ઓગડદાદો ઉભો છે, એને ચ્યમ ભાળતા નથી? આ દાદાની હુંકે તો તમારા જેવા હજાર હજાર કુતરા ય જખ મારે છે જખ! ચેહરાએ તિરસ્કાર ભરી દૃષ્ટિથી એમને નજરાવ્યા.

લોદરાથી દોઢેક માઇલ દૂર આ ઓગડની થરી આવેલી છે. ઉંચા ટેકરારૂપ છે. ત્યાંના મહંત પણ ખૂબ દયાધર્મી છે. એક ચકલાંનો પણ શિકાર થવા દેતા નથી. ટેકરીના મથાળે મંદિર છે. એના ફરતો પત્થરનો મજબુત દુર્ગ છે. દુર્ગમાં ભોંયરાઓ પણ છે. છેક ઉપર એક નગારૂં રાખવામાં આવ્યું છે. ભયના સમયે એ વગાડતાં બહુ દૂરદૂરથી માણુસો મદદ માટે દોડી આવે છે.

અરણિક મુનિવરનું આ સ્થાન છે. એવી કિંવદંતી ચાલે છે કે, મુનિએ તપ કરી અહીં કાયા ગાળી નાખી હતી. મંદિરમાં મૂર્તિ નથી પણ કમલના આસન ઉપર બહુ સુંદર રીતે પગલાં કોરી કાઢવામાં આવ્યાં છે. ઉપર લાકડાની કળામય છત્રી છે.

"જે ઓગડનાથ!" ફરીને એવોજ પ્રચંડ ઘોષ ચેહરાના ગળામાંથી નીકળી આવ્યો. સાથેજ ચિત્તાની માફક દોટ મૂકી પોતાની મજબૂત ડાંગ વતી સીધો બંદૂક ઉપર ઘા કર્યો. બંદૂકના તો બે ટુકડા થઇ ગયા, પણ એમાંથી ગોળી છૂટી ચેહરાના બે પગ વચ્ચેથી પસાર થઇ ગઈ. ચેહરો આબાદ બચી ગયો. "હવે ચંતા નહિ." એના મ્હોંમાંથી શબ્દો નીકળી પડયા.

એ પછી ભારે લડાઇ જામી.

દુશ્મનોની વચ્ચે એકલમલ જેવો ચેહરો લાકડી વીંઝતો રૌદ્રસ્વરૂપમાં દેખાતો હતો. ભાલા અને તલવારની તીક્ષ્ણ ધાર સામે એની કડીયાળી ડાંગ ખૂબ ત્રમઝટ ફરતી હતી. એના હાથમાં અજબ જોમ ઉભરાતાં હોય એમ લાગ્યું. ભક્તની મદદમાં જાણે સાક્ષાત્ ઓગડનાથ આવી પહોંચ્યા હતા.

રક્ત નીતરતો એનો દેહ ખીલેલાં ગુલાબ જેવો શોભી રહ્યો હતો.

"કડાક!" એકના માથામાં એણે ફટકાની શરૂઆત કરતાં કહ્યું, "નખ્ખોદિઆઓ! હવે કોઈ ભાગશો મા. મરદોના ઘા કેવા હોય છે એનો હવાદ લેજો, પછી કે' જો!"

હિંસા એ હંમેશાં અધર્મ છે, આત્મરક્ષાર્થે થતી પ્રતિહિંસા એ ગૃહસ્થ માટે એટલી નિષેધ નથી, કયારેક આવશ્યક છે. આપણી અહિંસા એ માય-કાંગલી અહિંસા નથી, કમજોરની અહિંસા નથી, પણ વીરોની અહિંસા છે. ત્યારે જૈનોએ મર્દ બનવું પડશે, ધર્મ-રક્ષાર્થે એક એક જૈનોએ મરી ફીટતાં પણ શીખવું પડશે. અને એવા મોત તો જેનાં સદ્‌ભાગ્ય હશે, એવા નામી વીરોને મળશે, બીજાંને નહિ. ભગવાન મહાવીરના વીર-પુત્રો! તમે ક્ષત્રિયો છો, ક્ષત્રિય કદી ઘર-આંગણે પથારીમાં મરતો નથી, એ તો રણક્ષેત્રમાં દુશ્મનોને મારતો મરે છે. આજે વિશ્વ ઘોર હિંસાથી ખદબદી રહ્યું છે. દિવસ ઉગે હજારો, નહિ નહિ લાખો નિર્દોષ, અવાક્ પશુઓની કત્લથી માનવીમાત્ર કલંકિત બની રહ્યો છે. હિંસાની હદ આવી રહી છે. ઉઠો! આ કત્લને અટકાવવા કટિબધ્ધ થાવ, ધધકતા જ્વાળામુખી બની, ઝુઝી હિંસકોના એક એક ઘા માથે ઉપાડી લો!

રબારીના હૈયામાં આ વાત બેસી ગઇ લાગે છે.

હત્યારાઓ ચારે તરફ ફરી વળ્યા હતા, પણ ચેહરો માનું ધાવણુ ધાવ્યો હતો, એ લેશ માત્ર પણ ગભરાતો નથી. એ તો ઘા ઉપર ઘા લગાવેજ જાય છે. બે ત્રણને તો નીચે ભોંય ઉપર ઉંધા કરી જતા કરી દીધા છે. બીજાને ય પાર મેલવાની તેવડમાં છે.

"મુવાઓ, ખબર નથી કે આ ઓગડનાથની થરી છે. મનખાંમાંય શકાર થતો અહીં કદી હાંભળ્યો છે?" નાસતા દુશ્મનોને અટકાવતાં ચેહરાએ પૂછ્યું.

"ના." એમની આંખે હવે લાલ-પીળાં ધાબાં સિવાય બીજુ કાંઇજ દેખાતું ન હતું. દેખાતું હતું તો એક માત્ર ચેહરાનું યમ સ્વરૂપ!

"તાણે આ પાતક કીધું એનું ચ્યમ છે?" ભારે મોટા અમલદારના રૂવાબથી ચેહરાએ પૂછયું.

"ફરી આવું નહિ બને, આટલો ગુનો માફ કર! અમારું વચન રાખ!"

"તમારો કુતરાનો વિશ્વાસ શો? હમણાં તો ના કહેશો ને પછે......ચેહરાનો તો વટ પડતો હતો.

ભગડ બાપજીના સોગંદ લઈએ છીએ, આ એક ફેરો જવા દે મારા બાપ! હવે આવું કોઇ દિન નહિ થાય. બધાએ હાથ જોડી કહ્યું.

એમ ન છોડું! રબારી પણ રંગમાં આવ્યો હતો. શૌર્યથી અંકિત અને રક્તથી રંજિત એના અંગ-અંગમાંથી તેજફુવારાઓ છૂટી રહ્યા હતા.

"ત્યારે?"

"તમે અમારા મહાજન કને હેંડો, એ કહે તે ધર્માદો આલવાનું માનો, તોજ જવા દઉં, હમજ્યા?"

"ભલે."

પાંચમાંથી એકને લઇ ચેહરો લોદરામાં આવ્યો. તેણે બધાની વતી ગામ પાસે માફી માગી. અને ફરી આવું ન કરવાની પ્રતિજ્ઞા લીધી. વળી મહાજન ધર્માદો કહે તે ભરવાની કબુલાત આપી.

મહાજને યોગ્ય ધર્માદો કરાવી થોડી શિખામણ આપી શિકારીને જવા દીધો. ચેહરાને ખૂબખૂબ શાબાશી આપી.

ભારતના રબારી ભરવાડોમાંય દયાધર્મના સંસ્કારો કેટલા રૂઢ અને ઉંડા છે. એને માટે આ દૃષ્ટાંત યોગ્ય નથી શું?

શાબાશ ચેહરા! ધન્ય છે. ત્હારી જનેતાને વીર! ભારત ત્હારા જેવા વીર અને શ્રેષ્ઠ અહિંસાધર્મીઓથીજ આટલું ઉજ્જ્વલ છે. મા-ભારતીની રત્ન કુક્ષીમાંથી ત્હારા જેવા સંતાનો પાકશે ત્યારેજ એનો ખરો ઉધ્ધાર થશે.

મ્હારા જૈનબંધુઓ ય પોતાને ફરી કેળવશે ખરા? શાસનદેવ એવો ઉજ્જવલ દિવસ ફરી ક્યારે બતાવશે?


અલભ્ય અને અપૂર્વ આધ્યાત્મિક ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે.

શ્રી મુનિસુંદરસૂરિકૃત

# અધ્યાત્મ કલ્પદ્રુમ

ઉપોદ્ઘાત, વિવેચન, અર્થ; ટિપ્પણ અને વિસ્તૃત નોંધ સાથે આ ચતુર્થ આવૃત્તિ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે 'શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા ગ્રંથાંક ૧' તરીકે બહાર પાડેલ છે.

: વિવેચક :

**સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ** [ મૌક્તિક ]

બી. એ. એલ. એલ. બી. સોલિસિટર.

પાના ૪૮૦ : પાકું કાપડનું બાઇન્ડીંગ

કિંમત પ્રચારાર્થે માત્ર રૂા. ૬-૪-૦ (ટપાલ, રેલ્વેખર્ચ અલગ)

: : પ્રાપ્તિસ્થાન : :

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય:** ગોવાળીઆ ટેંક રોડ. મુંબઈ-૨૬.

# આજનાં એ બાળકો

[ ચાલ–જ્ઞાનનાં એ દીવડાને વીરે ઝગમગ રાખ્યા રે. ]

આજના એ બાળકો તમે, જો જો કેવા પાકયા રે;
પૈસા ખર્ચી–ખર્ચી અંતે, મા–બાપો સૌ થાકયા રે....આજના૦

ભણાવી–ગણાવી મોટા કીધાં, પૈસા પાણી કીધાં;
સુખ–દુઃખ વેઠી મોટા કીધાં, તોય ન ઉતર્યાં સીધા રે....આજના૦

ફક્કડ થઇને અક્કડ ફરતા, ગર્વ અપાર જ ધરતા;
વિનય–વિવેક વિહીન બનીને, ખોટા ખર્ચા કરતા રે....આજના૦

રંગ–રાગમાં ભાન ભૂલીને, ફોગટ જીંદગી ખોતા;
માત–પિતાને ધમકી આપે, દુઃખથી એ તો રોતા રે....આજના૦

ઇન્ડીપેન ચશ્મા શૂટ પહેરી, નોવેલ રાખે હાથ;
અપ્ટુડેટ જેન્ટલમેન થઇને, ફરતા લેડી સાથ રે....આજના૦

અનાર્યોનું શિક્ષણ લઇને, બની ઘમંડી ફરતા;
દેવ ગુરૂ ને ધર્મ એ ત્રણને, હમ્બક કહી વિસરતા રે....આજના૦

બની–ઠની સ્વચ્છંદી બનીને, સીગરેટો એ પીતા;
બે–લગામ બકવાદો કરતા, આગમથી નહિ બ્હીતા રે....આજના૦

સીનેમાના શોખીન ભારે, વાત તડાકા મારે;
વ્યવહારૂ નહિ જ્ઞાન ભાન ને, ખોટી ડિંગો મારે રે....આજના૦

આડુ–અવળુ સમજાવીને, પ્રેમલગ્ન એ કરતા;
લબ્ધિ લક્ષ્મણ કીર્તિ કહે છે, પેટ પરાણે ભરતા રે....આજના૦

—પૂ૦ મુ. શ્રી કીર્તિવિજયજી મ.

# દાનેશ્વરી જગડુશાહ

## શ્રી ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર

### પ્રવેશ ૧૦ મો

**સ્થળ:** જગડુશાહનો મહેલ

**જગડુશાહ**–મુનિમજી ! દુષ્કાળ રાહતનું આપણું કામ કેમ ચાલે છે ?

**મુનિમ**–શેઠજી ! ચારે તરફ અનાજના કોઠારો આખા દેશમાં ખુલ્લા મૂકવામાં આવ્યા છે. ક્ષુધાર્તો માટે અન્નક્ષેત્રો ઉઘાડવામાં આવ્યાં છે. કામ કરી શકનારા માટે રાહતનાં કામો ખોલવામાં આવ્યાં છે. આખા દેશમાં દાંડી પીટાવી દેવામાં આવી છે. હવે આપણી ભારત–ભૂમિમાં ભૂખના દુઃખથી એક પણ માણસનું મૃત્યુ થાય તેમ નથી.

**જગડુશાહ**–તમારી વ્યવસ્થામાં કશી ખામી નહિ હોય મુનીમજી ! આમ છતાં આપણા પ્રદેશમાં કેટલાક લોકો એવા હશે કે જેમની પાસે પૈસા નહિ હોય છતાં પણ ભોજનાલયમાં ભોજન માટે નહિ આવે એવા માણસો હાથ માંડવા કરતાં મરી જવાનું વધુ પસંદ કરશે. આવા કુટુંબોને શોધીને એમને ઘેર અનાજના કોથળા પહોંચાડી દેજો ! અને દરેક કોથળામાં દશ દશ રૂપીયાની થેલી પણ સાંભળીને મૂકી દેજો ! એટલું તો ખાસ યાદ રાખજો કે, એક પણ માણુસ અન્નના અભાવે મરી જવો ન જોઇએ.

**મુનિમજી**–આપ નિશ્ચિંત રહો શેઠ ! હું મારી ફરજ બજાવવામાં જરા પણ ખામી આવવા દઇશ નહિ.

**સિપાઈ**–( આવીને ) શેઠજી ! મહારાજા વિશળદેવ અને સિંધુરાજ આપની મુલાકાત માટે પધારે છે.

**જગડુશાહ**–ખુશીથી પધારે ! હું જાતેજ એમનો સત્કાર કરવા આવું છું. ( સામે જઇને ) પધારો સિંધુરાજ ! આ સેવકને શો હુકમ છે ? આપે મને સંદેશો મોકલ્યો હોત તો હું પ્રથમથીજ આપની સેવામાં હાજર થાત !

**વિશળદેવ**–શેઠજી ! તમારા આ અદ્‌ભૂત સેવા-કાર્યમાં વિક્ષેપ પાડીને પાપના ભાગી થવા કોણુ તૈયાર થાય ? તમે ઠેક–ઠેકાણે અન્નક્ષેત્રો ખોલીને ભૂખના ત્રાસથી મરવા પડેલી માનવજાતને ઉગારી લેવા જે અનુપમ કાર્ય કરી રહ્યા છો, તે માટે અમે તમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ.

**જગડુશાહ**–જયારે પશુઓ મરવા પડયાં હોય, માનવ–જાત પર જયારે કાળચક્ર ફરી રહ્યું હોય, નાનાં બાળકો ભૂખે ટળવળતાં હોય ત્યારે મરતી માનવતાને જીવાડવા માટે આ લક્ષ્મી કામ ન આવે તો પછી તે કયારે કામ આવવાની હતી ? આપણા દેશ–બંધુઓને ઉપયોગી ન થાય એવી સમૃદ્ધિ શા કામની ? આપણા જ ભાઇઓ ભૂખે મરતા હોય ત્યારે આપણે અમન–ચમન ઉડાવતા રહીએ, એ આત્મદ્રોહ નહિ તો બીજું શું ? આજે મને ખરેખર આનંદ થાય છે કે, મારી લક્ષ્મી મારા દેશ–બંધુઓને જીવાડવા માટે વપરાય છે. આવાં મારાં ભાગ્ય કયાંથી ?

**વિશળદેવ**–શેઠજી ! તમારી આ ભાવના તો અતિ ઉદાત્ત અને અદ્‌ભૂત છે. આ ભાવના જો જનતામાં ફેલાય તો આખું જગત આજે જ સ્વર્ગમય બની જાય. શેઠ ! અમે તો આપની પાસે એક અગત્યના કાર્ય માટે આવ્યા છીએ.

**જગડુશાહ**–ખુશીથી ફરમાવો ! આપની આજ્ઞાનો અમલ કરવા આ સેવક તૈયાર છે.

**સિંધુરાજ**–શેઠજી ! હાલના ભયંકર દુષ્કાળની કારમી કત્લેઆમ ગામેગામ ફરી વળી છે. તમારા અનાજના કોઠારોમાંથી અમારી પ્રજાને પણ રાહત આપવાની અમારી માગણી છે. જયાં સુધી અમારા કોઠારોમાં અનાજનો સંગ્રહ હતો, ત્યાં સુધી તો અમે જેમ–તેમ કરીને નભાવ્યું, પરંતુ હવે તો અમારા કોઠાર પણ ખાલી થયા છે. અમારી દૃષ્ટિ એક તમારાં તરફ દોડે છે. આશા છે કે, અમને તમે નાઉમેદ નહિ જ કરો.

**જગડુશાહ**–મહારાજ ! મેં કોઠારો તો ચારે તરફ ભરી રાખ્યા છે, પણ તે મારા નથી.

**વિશળદેવ**–શું કહો છો જગડુશાહ ! તે તમારા નથી તો કોના છે ?

**જગડુશાહ**–મુનિમજી ! આપણા કોઠારોમાં મૂકેલી તખતીઓની એક નકલ લઇ આવો.

**મુનિમ**–હમણાં જ લાવ્યો શેઠ ! (મુનિમ તખતી લઇ આવે છે)

**જગડુશાહ**–(તખતી હાથમાં લઇ વાંચે છે.)

" **जगडू कल्पयामास रंकार्थं हि कणानमून्** "

**અર્થાત્**–આ કોઠારનો કણેકણ રંકોને રાહત આપવા માટે જ છે.

**સિંધુરાજ**–ધન્ય જગડુશાહ ! ધન્ય તમારો ધર્મ અને ધન્ય તમારી ઉદારતા !

**જગડુશાહ**–મહારાજ ! આ બધો પ્રતાપ ધર્મનો અને અમારા પૂજ્ય પ્રવર આચાર્યશ્રીનો છે. આપને ત્યાંના અમારા કોઠારો પણ માનવ–રાહત માટેજ છે. આપ નિશ્ચિંત રહેશો.

**મુનિમ**–શેઠ સાહેબ ! વિશળદેવના રાજ્ય માટે એંશી હજાર મણ અને સિંધુરાજ માટે એક લાખ વીસ હજાર મણ અનાજ નક્કી કર્યું છે. સિંધુરાજનો પ્રદેશ જરા મોટો છે.

**જગડુશાહ**–તે સિવાય કોની કોની માગણી છે મુનિમજી ?

**મુનિમજી**–એ સિવાય ઉજ્જૈનના મહારજા મદન-વર્માની માગણી છે. ઉપરાંત કાશીના રાજા પ્રતાપસિંહ અને કંદહારના ચક્રવર્તી રાજાના મહામંત્રી પણ એટલાજ માટે આવેલા છે.

**જગડુશાહ**–ઉજ્જૈનના રાજાને એક લાખ એંશી હજાર મણ, કાશીના રાજાને ત્રણ લાખ વીસ હજાર અને કંદહારના રાજાને પણ ત્રણ લાખ વીસ હજાર મણ અનાજ આપજો, અને હવે તો ચારે તરફના કોઠારો ખુલ્લા મૂકી દો ! દરેક ઠેકાણે અન્ન ક્ષેત્રો ચાલુ કરી દો !

**સિપાઇ**–( આવીને ) શેઠ સાહેબ ! દિલ્હીપતિ મોજુદ્દીન પધાર્યા છે.

( આવે છે. )

**જગડુશાહ**–ઓહો ! મારે આંગણે દિલ્હીપતિ ? આઇયે આઇયે દિલ્હીપતિજી ! મેરા આંગન પવિત્ર હુઆ. મેં આપકી કયા સેવા કર સકતા હું ?

**મોજુદ્દીન**–જગડુશાહ ! મૈં એક ખાસ કામકે લીયે આયા હું.

**જગડુશાહ**–મેરે જૈસે સેવકકી કયા જરૂરત હુઇ ? મહારાજ ! આજ્ઞા દીજીએ.

**મોજુદ્દીન**–મૈંને સૂના હૈ કિ આપકે પાસ અનાજ-કે બડે–બડે જથ્થે હૈ, ઔર આપ ઇસમેંસે માનવરાહતકે લીએ દેતે હૈ.

**જગડુશાહ**-યથાશક્તિ સેવા કરનેકા સમય પાયા હૈ.

**મોજુદ્દીન**–મુઝેભી મેરી પરેસાન હોતી પ્રજાકે લીયે અનાજ ચાહીયે.

**જગડુશાહ**–ઇસ લીયે આપ ખુદાવિંદને કયોં તસરિફ લી ? આપકા સંદેશ યા મંત્રીજી આયે હોતે તો ભી મેં અનાજ દેતા, આપકો કીતના અનાજ ચાહીયે ?

**મોજુદ્દીન**–ઐસા પ્રજા–કલ્યાણકા કામકે લીયે સ્વયં આના ચાહીએ, આપ જીતના અનાજ દે સકો ઇતના દો.

**જગડુશાહ**–આપ નામદારકી પ્રજાકે લીયે દો લાખ ઔર દસ હજાર મણ અનાજ દે સકુંગા.

**મોજુદ્દીન**–ઇસકા કયા દામ દેનેકા હૈ !

**જગડુશાહ**–જહાંપનાહ ! માફ કીજીયે, ઇસ અનાજકા જરરા બજરરા માનવરાહતકે લીયે હૈ ઔર ઇસ લીયે મેરી પ્રતિજ્ઞા હૈ. ઇસ લીયે આપ મુઝે માફ કરેં !

**મોજુદ્દીન**–દામ દીએ બિના એક ભી ચીઝ નહિ લેનેકી મેરી ભી પ્રતિજ્ઞા હૈ.

**જગડુશાહ**–પ્રતિજ્ઞા સો પ્રતિજ્ઞા. મેં મઝબુર હું, મુઝે માફ કીજીયેં.

**મોજુદ્દીન**–જગડુશાહ ! તુમારી યે ઉદારતા જગત કે સારે દાનવીરોમેં સૂવર્ણાક્ષરે અંકિત રહેગી. મેરી એક બાત માનો. મૈં જો દામ દેતા હું ઉસમેંસે ઐસેહી માનવ-કલ્યાણકે કાર્યમેં ઉપયોગ કરના. મુઝે ભી આનંદ હોગા.

**જગડુશાહ**–ખુદાવિંદ ! આપને તો મુઝે જીત લીયા.

( પડદો પડે છે. )

### પ્રવેશ ૧૧ મો

**સ્થળ:** જગડુશાહનો મહેલ.

**વિશાળદેવ**–આજનો સમારંભ આપણા દેશના નરરત્ન શેઠ જગડુશાહના સત્કાર માટે યોજવામાં આવેલો છે. આપણી ભારત–ભૂમિમાં આજ સુધી અનેક ધનપતિઓ અને અનેક દાતાઓ પાકી ગયા છે. પરંતુ દાનેશ્વરી જગડુશાહ જેવો આજ લગી એકે દાનવીર પાકયો નથી. અને પાકવાનો પણ નથી. આજે આપણે ભારત–ભૂમિના સપૂત અને દેશના કીર્તિકળશ રૂપ શેઠ જગડુશાહને જેટલું માન આપીએ એટલું ઓછું છે.

**સિંધુરાજ**–જગડુશાહે જગતના દાનવીરો માટે એક આદર્શ દૃષ્ટાંત પૂરૂં પાડયું છે. આવું અનુપમ અને મહાભારત કામ એમના સિવાય કોઇપણ પાર પાડી શકત નહિ. દાનવીર જગડુશાહ આપણા દેશના એક મહાપુરૂષ છે.

**મોજુદીન**–શેઠ જગડુશાહે તો ભારતની રાજધાની દિલ્હીની લાજ પણ સાચવી લીધી છે. આજે આપણે એમને જેટલું માન આપીએ એટલું ઓછું છે. હું આખા દેશ તરફથી શેઠ જગડુશાહને "મહાન દાનેશ્વરી" નું બિરૂદ આપું છું, અને મને ખાતરી છે કે, તમે પણ બધા મારા આ વિચારોને અવશ્ય સંમત થશો.

**નગરશેઠ**–મહાન દાનેશ્વરી જગડુશાહે જૈનધર્મ, જૈનધર્મના સિધ્ધાંતો અને જૈન ધર્મગુરૂઓનાં નામને ગૌરવ આપ્યું છે. સમસ્ત દેશના જૈન–સંઘો તરફથી એમને "સંઘપતિ" અને "પુણ્ય–પ્રભાવક"નું બિરૂદ આપવામાં આવે છે.

**જગડુશાહ**–આપે સૌએ આજે મને અપૂર્વ માન આપીને આપનો ઋણી બનાવ્યો છે. મેં તો માત્ર મારી ફરજ બજાવવા ઉપરાંત કશું જ કર્યું નથી. હું આટલી પ્રશંસાને પાત્ર પણ નથી. પ્રશંસા તો માણુસને પતનના પંથે દોરી જાય છે. આપ મને જે ઇલ્કાબ આપી રહ્યા છો તે મને નહિ પણ મારા ધર્મને–મારા ગુરુદેવને આપી રહ્યા છો. લક્ષ્મીનો વાસ એ પુણ્યની નિશાની છે. પુણ્ય પ્રભાવથી આવેલી લક્ષ્મીનો પોતાના દેશના ભલા માટે અને ગરીબોના કલ્યાણ માટે ઉપયોગ કરવો એ પ્રત્યેક શ્રીમંતનો ધર્મ છે. શ્રીમંતો જો પોતાના આ ધર્મને સારી રીતે સમજતા થઇ જાય તો ભારતવર્ષ આજે જ નંદનવન બની જાય!

(બધા એક પછી એક જગડુશાહને ફુલહાર પહેરાવે છે)

**બધા**–બોલો! દાનેશ્વરી જગડુશાહનો જય!

(પડદો પડે છે.)

—સંપૂર્ણ.


## મીસ્ત્રી ચીનુભાઈ એન્ડ કું.

અમારે ત્યાં જૈન દહેરાસરો તથા મંદિરોનું સોના–ચાંદીનું કામ જેવું કે, આંગી, મુગટ, સિંહાસન, રથ, ઇન્દ્રધ્વજાની ગાડી વગેરેનું કામ સુંદર અને સંતોષપૂર્વક કરી આપવામાં આવે છે.

ઠે. પારેખ પોળ, ઊંઝા [ ઊ. ગુ. ]

તા. ક. અમારા માનવંતા ગ્રાહકોને એક વખત પધારવા તથા અમને પૂછાવવા વિનંતિ છે.

## જિન પ્રતિમાજીના– લેપ માટે પૂછાવો!

અમોએ સૌરાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણ, મારવાડ, અને કચ્છના ઘણા શહેરોમાં લેપનું કામ સંતોષપૂર્વક કરી આપ્યું છે. શેઠ આણંદજી કલ્યાણજી પાલીતાણા પેઢીમાં અને તેમના હસ્તક ચાલતાં ઘણાં કામો કરી સર્ટીફીકેટ મેળવ્યાં છે.

પેઇન્ટર ઝવેરભાઇ ગોવીંદ

,, શામજી ઝવેરભાઇ

ઠે જગુમિસ્ત્રીની શેરી પાલીતાણા.

# ગૂર્જરેશ્વર કુમારપાલ મહારાજાની સાધર્મિકભક્તિ.

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર.

**જૈન** ઇતિહાસમાં અનેક પુણ્યવાન આત્માંઓનાં આદર્શ જીવન-ચરિત્રો આલેખાયેલાં છે. સંઘ, તીર્થ કે શાસનની ખાતર પોતાનું સર્વસ્વ સમર્પણ કરનારા ધન્યજીવી આત્માઓનાં જીવનને વાંચતા-સાંભળતા આજે પણ આપણો આત્મા તેઓની ધર્મ-શ્રધ્ધા પ્રત્યે ભાવથી નમી પડે છે. વિ. ના ૧૨ મા સૈકામાં ગૂજરાત-મહાગૂજરાતના સિંહાસન પર આરૂઢ થયેલા પરમાર્હત કુમારપાલ મહારાજાએ જૈન-શાસનની અપૂર્વ આરાધના-પ્રભાવના કરી છે, તે ખરેખર અપૂર્વ છે. અહિં તેઓની 'સાધર્મિકમભક્તિ' નો પ્રસંગ રજૂ થાય છે.

ગૂજરાત-મહાગૂજરાતના રાજા સિધ્ધરાજના મૃત્યુ પછી મહારાજા કુમારપાલ ગૂજરાતના પાટનગર પાટણમાં રાજ્યસિંહાસન પર આરૂઢ થાય છે, વર્ષોના વર્ષો સુધી ભૂખ, દુઃખ, ટાઢ, તાપ વગેરે અસહ્ય યાતનાઓની કસોટીમાંથી પાર પડયા બાદ કુમારપાલ મહારાજા ગૂજરાતના રાજેશ્વર બને છે, કુમારપાલ રાજાના જીવનમાં કલિકાલસર્વજ્ઞ પૂ. આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનો ઉપકાર અમાપ હતો. સત્તા હાથમાં આવ્યા પછી નિમિત્ત મળતાં અવસર પામીને મહારાજા કુમારપાળે એકવાર સૂરિદેવનાં ચરણોમાં માથું મૂકી વિનંતિ કરી;

'ભગવન્ ! મારી જાત પર આપ-કૃપાલુનો ઉપકાર નિરવધિ છે, આ રાજ્યસંપત્તિ કે મારૂં સર્વસ્વ આપશ્રીની સેવામાં હું સમર્પિત કરૂં તો યે આપશ્રીએ મારી જાત પર કરેલા ઉપકારોની આગળ એ કાંઈ નથી, છતાં મારી ઇચ્છા છે, કે આપ આ રાજ્યસત્તા સ્વીકારી મને યત્કિંચિત્ ઋણમુક્ત કરો !'

જવાબમાં આચાર્ય મહારાજાએ ફરમાવ્યું: 'રાજન્ ! કૃતજ્ઞતાના કારણે આ રીતે તમારી ફરજ તમે બજાવી રહ્યા છો, પણ અમે જૈન સાધુ છીએ. સંસારમાત્રના તમામ પદાર્થો પરની મમતા ત્યજી અમે કેવળ આત્મ-કલ્યાણ કાજે સંયમી જીવન સ્વીકાર્યું છે. આ કારણે આ બધા રાજપાટ, ધન-દોલત કે કણ-કંચનની માલિકી અમને ન હોય. અર્થ અને કામની ભૂખ મૂકીને અમે મોક્ષ પુરૂષાર્થને ધર્મ-દ્વારા સાધવા નીકલ્યા છીએ. આ જ કેવળ અમારી પ્રવૃત્તિઓનું અંતિમ લક્ષ્ય છે. તમારા જેવા રાજવી પાસેથી પણ અમે આ એક જ અપેક્ષા રાખી શકીએ કે, 'જો અમારો ઉપકાર વાળવાને તમારૂં હૃદય અધીર હોય, આત્મા ઉત્સુક હોય તો આત્મ-કલ્યાણને માટે સધ્ધર્મનો સ્વીકાર કરી, જીવનને તમે સફલ બનાવો !'

આચાર્ય મહારાજના આ સદુપદેશને પામી, કુમારપાલ મહારાજાએ ત્યારબાદ જૈનધર્મને ભાવપૂર્વક સ્વીકાર્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન તથા ચારિત્ર-માર્ગની તેઓ શક્તિ મુજબ આરાધના કરવા લાગ્યા. પોતાના સમગ્ર રાજ્યમાં તેમણે જીવહિંસાનો નિષેધ કરાવ્યો. ત્યારથી તેઓ 'પરમાર્હત' તરીકેની પ્રસિદ્ધિને પામ્યા. સદ્ગુરુદેવની સેવા આત્માના કાટને દૂર કરી, આત્મામાં અનંત તેજને આપે છે. જૈન-શાસનના નિર્ગ્રન્થ-સાધુ-મહાત્માઓનો પ્રભાવ વચનાતીત છે.

એક પ્રસંગની આ વાત છે. આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજનો પાટણમાં પ્રવેશ થવાનો છે. ગામે-ગામ વિહાર કરતાં તેઓ આજે પાટણ શહેરમાં પધારી રહ્યા છે. તેઓના સામયા માટે કુમારપાલ મહારાજા, તથા નગરના શેઠ-શ્રીમંતો, અધિકારીઓ આદિ હજારોની માનવમેદની ત્યાં ભેગી થઇ છે. મહારાજા કુમારપાલ, ગુરૂદેવને જોતાં હર્ષના આંસુડાથી પોતાના નેત્રોને તેઓ ધોઇ રહ્યા છે. વિધિપૂર્વક સૂરિદેવને સહુ વંદન કરે છે. તે વેળા ગૂર્જરેશ્વરની ચકોર દૃષ્ટિ આચાર્ય મહારાજે પોતાનાં શરીર પર ઓઢેલા કપડા પર જાય છે. એમના મુખ પર શરમના શેરડા પડે છે. જાડા પાણકોરના હાથ-વણાટનું કપડું સૂરિદેવના શરીર પર ઓઢેલું જોઇ સૂરિદેવના અનન્યભક્ત મહારાજા કુમારપાલને ઘડી-

ભર થઇ જાય છે, 'અરે! આ શું? પૂજ્ય ગુરુદેવના શરીર પર આવું ખરબચડું જાડું કપડું કેમ?'

આશ્ચર્યમુગ્ધ બની કુમારપાલે આચાર્યદેવને પૂછ્યું: ભગવન્! આપશ્રીને ક્યાં ખોટ છે, તે આવા કપડા આપ ઓઢો છો. આ બધાયની વચ્ચે ઉભેલો હું આપશ્રીના અંગ પર આવું કપડું જોઇ ખરેખર શરમાઉં છું!'

આચાર્ય મહારાજે સ્હેજ સ્મિત કરતાં કહ્યું: 'રાજન્! અમારે ત્યાગીઓને તો જાડું-પાતળું કે સારૂં-નરસું બધુંયે સરખું હોય. જે ભાગ્યવાન આત્મા પોતાની ભક્તિથી શક્તિ મુજબ આહાર, વસ્ત્ર, પાત્ર આદિ જે કાંઇ અમને વહોરાવે, તેનો કેવળ સંયમીજીવનના નિર્વાહને માટે અમારે ઉપયોગ કરવાનો છે, કોઇની શોભા માટે કે અમારી શોભા માટે આ કપડું ઓઢયું નથી, પણ દેહને ઢાંકવા માટે ઓઢયું છે.

'પણ ભગવન્! આવું જાડું બરછટ કપડું આપને કોણે વહોરાવ્યું?'

'રાજન્! ભક્તિ તથા ભાવના જેમ શક્તિસંપન્ન શ્રીમંતકુળોમાં હોય છે, તેવી જ રીતે ભક્તિ તેમ જ ભાવના દેવ તથા ગુરૂ મહારાજ માટે નિર્ધનના ઘરોમાં પણ હોય છે. એક એવા જ ભક્તિભાવિત નિર્ધન શ્રાવકે હૃદયના અપૂર્વ-ભાવથી પોતે તૈયાર કરેલું આ કપડું મને વહોરાવ્યું છે, અને તે બે દિવસ અગાઉ જ મેં મારા માટે ઓઢવા કાઢયું છે.'

'માટે રાજન્! અમારે તો જે રીતે શ્રીમંતોનાં ઘરના આહાર, વસ્ત્ર આદિ ગ્રહણ કરવાના હોય છે, તે રીતે નિર્ધન શ્રાવકના ઘરના પણ આહાર આદિ તેણે જે ભાવ, ભકિત તથા શ્રધ્ધાપૂર્વક વહોરાવ્યા હોય તે સ્વીકારવાના હોય છે. શ્રીમંતોના કરતાં કેટલીક વેળા નિર્ધન-શ્રાવકોની ભાવના વધુ પ્રબલ હોય છે. એ તારે ભૂલવું જોઇતું નથી. માટેજ શાસ્ત્રોમાં દરિદ્રનાં હાથે અપાતાં દાનને કલ્પવૃક્ષની ઉપમા આપી છે.'

પરમાર્હત મહારાજા કુમારપાલ આ બધું સ્વસ્થચિત્તે સાંભળી રહ્યા. એમનાં વિવેકશીલ હૃદયમાં આ પ્રસંગ પરથી અનેક પ્રકારના વિચાર તરંગો ઉઠયા. 'શું આવા પણ નિર્ધન અવસ્થા ભોગવતા મારા સાધર્મિક બંધુઓ છે? કે જેઓ નિર્વાહનું અન્ય સાધન નહિ હોવાથી આ રીતે કપડા બનાવવાનો વ્યવસાય કરે છે. છતાં તે પુણ્યવાનોની ભક્તિ, ભાવના તથા શ્રધ્ધા કેવી અનુપમ છે! આ સ્થિતિમાં મારી ફરજ છે કે, આવા ધર્મશીલ સાધર્મિક-બંધુઓની મારે વાત્સલ્યભાવે સાર સંભાળ લેવી જોઇએ, કે જેથી તેઓ ચિંતા-મુકત બની ધર્મની આરાધના કરી શકે.'

આચાર્ય મહારાજા તે વેળા કુમારપાલ મહારાજાની મુખમુદ્રા પર પ્રગટ થતા હૃદયના ભાવોને કળી ગયા. તેઓશ્રીએ ગૂર્જરેશ્વર કુમારપાલને ઉદ્દેશીને ફરમાવ્યું; રાજન્! અઢાર-અઢાર દેશના સામ્રાજ્યના માલિક તરીકે તારા સાધર્મિક ભાઇ-બ્હેનોની ભકિત સર્વ રીતે કરી શકે તેમ છે. એક પણ સાધર્મિકબંધુ સાધનહીન હોય એ અવસરે એને આદરપૂર્વક ભાવભક્તિથી જોઇતાં સઘળાં સાધનો પૂરા પાડવા એ પુણ્યાનુબંધી પુણ્યની સામગ્રી પામેલા આત્માઓનું ધર્મકર્તવ્ય છે. ધર્મપ્રિય ધર્માત્મા સાધર્મિકઆત્માઓને સંસારમાં યથોચિત સહાયક બનવું એ તારા જેવા પુણ્યવાનને માટે આવશ્યક છે. સમાનધર્મીની સેવા-ભકિતમાં જે કાંઇ ખરચાય છે, એ સંપત્તિનો સાચો સદ્વ્યય છે.'

કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજના આ સદુપદેશને સાંભળી પરમાર્હત કુમારપાલ મહારાજા, ત્યારથી સાધર્મિક આત્માઓની ભકિત માટે વિશેષ પ્રકારે જાગ્રત બન્યા. પોતાનાં સમગ્ર રાજ્યમાં જૈનોશ્રાવકો પાસેથી બાર મહિને જે ૭૨ લાખનો રાજ્યકર લેવાતો હતો, તે તેઓએ બંધ કરી, પોતાના અંગત ખર્ચ ખાતે માંડી વાળ્યો. તેઓ દરરોજ સાધનહીન સાધર્મિકોની ખાતર હજારો સોનૈયા ખર્ચતા રહેતા. પાટણ શહેરમાં કુમારપાલ મહારાજા તરફથી દાનશાળાઓ ચાલુ હતી, જેમાં જૈન ભાઇ-બ્હેનોની મહારાજા તરફથી નિરંતર સન્માનપૂર્વક મિષ્ટાન્ન આદિથી ભકિત થતી હતી.

મહારાજા પોતે સાધર્મિકોને વસ્ત્ર, અલંકાર આદિની પહેરામણીઓ કરતા હતા. સાધર્મિકોના નિર્વાહ માટે તેઓએ દરેક પ્રકારની વ્યવસ્થા રાખી

# આ સંસારની આસપાસ.

શ્રી કિશોરકાંત ડી. ગાંધી.

(૧)

ટૂંકી માંદગી ભોગવીને નાનચંદભાઇ શેઠ સારી એવી મિલ્કત અને એકના એક પુત્ર સુરેશને મૂકી દેવલોક પામ્યાં. નાનચંદભાઈના મરણ વખતે સુરેશ લગભગ ૧૭ વર્ષની ઉંમરનો હતો. તેથી નાનચંદભાઇએ પોતાના મરણ અગાઉ સુરેશનું સગપણ એક પૈસાદાર તથા ખાનદાન કુટુંબની કન્યા સાથે કરી નાખ્યું હતું, મરણ અગાઉ થોડા દિવસોથી નાનચંદભાઇ પોતાના એકના એક પુત્ર સુરેશની વહુનું મોઢું જોવા ઝંખતા હતા. અને પોતાની પુત્રવધૂનું મુખ જોયાં પછી જ તેમણે દેહ છોડયો. ગામનાં લોકોએ કહ્યું કે, 'નાનચંદભાઇનું મૃત્યુ સુધરી ગયું.'

નાનચંદભાઇના મરણ પછી બે વર્ષે સુરેશના લગ્ન ધામધુમથી કરવામાં આવ્યા. નાનચંદભાઇના પત્નિનું નામ મોંઘીબેન હતું. તેમણે પોતાના પુત્રના લગ્ન ખૂબ હોંશથી કર્યા. સુરેશની પત્નિનું નામ જ્યોત્સ્ના હતું. તે પૈસાદાર માબાપની પુત્રી હોવા છતાં શાંત સ્વભાવની તથા વિવેકશીલ હતી. તેના બાપે તેના કરિયાવરમાં હજારો રૂપિયા ખર્ચ્યા હતા. એટલો બધો કરિયાવર લાવી હોવા છતાં તેનામાં અભિમાનનો છાંટો સરખો ન હતો. મોંઘીબેન પણ સમજુ તથા મહેનતુ હતા. જ્યોત્સ્નાને પોતાની દીકરી જેમ રાખતાં.

સુરેશ એક આદર્શ યુવાન હતો. તેને એકપણ વ્યસન હતું નહિ. તે બજારની કોઈપણ વસ્તુ ખાતો નહિ, અને આરોગ્યના દરેક નિયમ પાળતો. તેથી શરીર પણ સુદૃઢ હતું તેના સારા વિચારોને પરિણામે તેના ઘરનું દરેક કામકાજ હાથેજ કરવામાં આવતું. અનાજ પણ હાથેજ દળવામાં આવતું, કપડાં પણ હાથેજ ધોવામાં આવતાં, પાણી પણ હાથેજ ભરવામાં આવતું, અત્યારસુધી તે બધું કામકાજ મોંઘીબેન જ કરતાં. પણ હવે જ્યોત્સ્ના તે કામોની ભાગીદાર બની.

ઘણીવાર સવારમાં વહેલા ઉઠીને મોંઘીબેન અનાજ દળવાનું શરૂ કરતાં. ત્યારે જ્યોત્સ્ના એકદમ ઉંઘમાંથી જાગી જઇને મોંઘીબેન પાસે આવતી અને કહેતી, "બા, લાવો હું દળી નાખું છું. તમે સામાયિક કરો", ત્યારે મોંઘીબેન કહેતા, "અત્યારમાં શું કામ ઉઠો છો? થોડીકવાર સૂઈ જાવ, હું હમણાં દળવાનું પુરૂં કરી દઇશ" આ રીતે મીઠી રકઝકને અંતે બંને સાથેજ દળવા બેસતાં. અને આનંદથી તે કામ પુરૂં કરતાં.

પછી પાણી ભરવા માટે મીઠી રકઝક થતી અને અંતે કોઇવાર સાસુ તો કોઇવાર જ્યોત્સ્ના વિજય

---

હતી. તેમજ પર્વતિથિના પૌષધ–ઉપવાસના પારણામાં શહેરના સમગ્ર વ્રતધારી શ્રાવકોને નિમંત્રણ આપી મહારાજા કુમારપલ સ્વયં બહુમાનથી તેઓની ભક્તિ કરતા હતા.

સાધર્મિક શ્રાવક–શ્રાવિકા વર્ગને ધર્માનુષ્ઠાનોની આરાધના માટે મહારાજાએ અનેક પૌષધશાળાઓ બંધાવી હતી. જેમાં પાટણ શહેરના તથા બહારના સાધર્મિક આત્માઓ, ધર્માનુષ્ઠાનોની આરાધના કરતા હતા.

આ બધી ગૂર્જરેશ્વર કુમારપાલ મહારાજાની સાધર્મિકભક્તિ આજે આપણા શ્રીમંતવર્ગને બોધપાઠ આપી રહી છે. 'ભાગ્યવાન આત્માઓ! પૂર્વની પુણ્યાઇના કારણે આજે તમને સંપત્તિ મળી છે. લક્ષ્મી ચંચળ છે, જીવન ક્ષણભંગુર છે, તેમ જ સંસારના સંયોગો વિનશ્વર છે, માટે જે કાંઇ ઉત્તમ સામગ્રીઓ આજે પ્રાપ્ત થઇ છે, તેનો સદુપયોગ કરી લો! ધર્મ તથા ધર્મના આરાધક આત્માઓની સેવા–ભક્તિમાં જે કાંઇ ખરચાય છે, એ જ વાસ્તવિક રીતે લક્ષ્મીની સફલતા છે.

ખરેખર આજના સંસારમાં ભલભલાના પાણી ઉતરી જતાં અને સંપત્તિ વેર–વિખેર થઇ જતાં આપણે નજર સમક્ષ જોઈ રહ્યા છીએ, આ સ્થિતિમાં આપણા બાંધવ ગણાતા સાધર્મિક આત્માઓના ઉત્કર્ષ માટે આજના કપરા કાળમાં આપણે આપણી શક્તિ મુજબ સઘળું કરી છૂટીએ એમાં જ સાચું ડહાપણ છે.

મેળવતાં. જો જયોત્સ્ના પાણી ભરવા જાય તો મોંઘીબેન બધાં માટે દૂધ ગરમ મૂકતાં તથા સુરેશ માટે ન્હાવાનું પાણી ગરમ મૂકતાં.

સુરેશ નાહીને પછી દૂધ પીતો અને દૂધ પીધાં પછી કપડા બદલાવીને દુકાને જતો. અને જ્યોત્સ્ના તથા મોંઘીબેન વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયે જતાં. ઉપાશ્રયેથી આવીને બંને સાસુ-વહુ રસોઇ બનાવતાં. રસોઇ તૈયાર થતાં સુરેશ જમવા આવતો અને જમીને દુકાને જતો. પછી જયોત્સના ને મોંઘીબેન જમી લેતાં. જમીને જ્યોત્સ્ના વાસણ માંજી નાખતી. પછી બપોરે નવરાશના વખતમાં તે મોંઘીબેનને સારા ધાર્મિક પુસ્તકો વાંચી સંભળાવતી.

આ રીતે શાંતિથી અને સુખથી આ કુટુંબ રહેતું હતું. અત્યારસુધી મેં આ સાસુ-વહુ વચ્ચે કદી કજિયો થયો હોય તેવું સાંભળ્યું નથી. પણ એમનાં મકાન આગળ નીકળતાં ઘણીવાર નીચેનાં શબ્દો સાંભળ્યા છે.

**મોંઘીબેન**–હજુ તો તમે જુવાન છો. આ વખત તમારે માટે આનંદ કરવાનો છે, તથા હરવા-ફરવાનો છે. અમે તો હવે ઘરડાં થયાં.

**જયોત્સ્ના**–અમે જુવાન છીએ એટલેજ અમારે કામ કરવું જોઇએ. અને તમારે હવે ફક્ત ધર્મધ્યાન કરવું જોઇએ. અને અમારે તમને ધર્મધ્યાન કરાવવામાં મદદ કરવી જોઇએ.

**કેટલાં વાત્સલ્યતાના સ્નેહભર્યાં શબ્દો !**

સાંજે વહેલાસર જયોત્સ્ના રસોઈ કરી નાંખતી. સુરેશ પણ વહેલાં જમી જતો. એટલે સાસુ-વહુ જમીને ચોવિહાર કરતાં. મોંઘીબેન જમીને પ્રતિક્રમણ કરવા જતાં, અને જ્યોત્સ્ના વાસણ માંજી નાંખતી. રાત્રે સૂતાં પહેલાં મોંઘાબેન પગ દાબવાની ના કહેતાં પણ જ્યોત્સ્ના મોંઘીબેનનું કંઇ સાંભળતી નહિ. અને પગ દાબવા લાગી જતી. સાસુ વહુના પ્રેમની લાગણીમાં પલળી જતા હતા. આ રીતે જ્યોત્સ્ના પોતાના સાસુને સુખી કરવા મથતી, ત્યારે મોંઘીબેન વહુને સુખી કરવા મથતાં હતાં.

પણ ફકત એકજ ખોટ મોંઘીબેનને સાલતી હતી તે એ કે સુરેશને કંઈ સંતાન ન હતું અને તેમને જ્યોત્સ્નાનો ખોળો ખાલી લાગતો હતો. તેથી દરરોજ મોંઘીબેન સાચા હૃદયથી પ્રાર્થના કરતા કે, "હે દેવ ! મરતાં પહેલાં મને જ્યોત્સ્નાનો ખોળો ભરેલો એકવાર જરૂર દેખાડજે".

મોંઘીબેનની આશા ફળી. જ્યોત્સ્નાએ થોડાં વર્ષ પછી એક તેજસ્વી બાળકનો જન્મ આપ્યો. જ્યોત્સ્ના માનતી કે, સાસુની સેવા કરવાનું આ ફળ છે. તેથી તે વધુ ને વધુ મોંઘીબેનની સેવા કરે છે. અને તેમની સેવામાંજ ઓતપોત થઈ જાય છે.

વર્તમાનકાલમાં ઘરે ઘરે આવા સાસુ-વહુ હોય તો સંસાર કેટ-કેટલો સ્વસ્થ તથા તંદુરસ્ત રહે ?

( ૨ )

**આવોને** શાન્તાવહુ, હમણાં તો આવતાં જ નથી, મોંઘીબેને ઘર સાફ કરતાં-કરતાં ડેલી પાસેથી પસાર થતાં શાન્તાવહુને આવકાર્યા.

**શાન્તા**–આ આવી. હું તો દરરોજ આવું છું પણ તમે કયાં ભેગા થાવ છો ?

**મોંઘીબેન**–વહુ આવ્યા એટલે તમે તો સાવ નવરા થઇ ગયા.

**શાન્તા**–નવરા ? નવરા તો થશું હવે મહણીયે જાશું ત્યારે.

**મોંઘીબેન**–એવું શું બોલતા હશો ? હજુ વહુને આવ્યા બે મહિના નથી થયાં ત્યાં આવું બોલો છો ?

**શાન્તા**–ન બોલું તો શું કરૂં કાકી ? પૈસાદારની દીકરી સાથે લગ્ન કરવાથી ઊલ્ટું દીકરો ખોવા જેવું થયું છે.

**મોંઘીબેન**–એમ તે હોય ? અમારા સુરેશની વહુ કયાં ગરીબની દીકરી છે ? એના બાપને ત્યાં બબ્બે મોટરો છે. અમારે તો કદિ તેમને એક અક્ષર પણ કહેવો પડતો નથી.

**શાન્તા**–મને કયાં જ્યોત્સ્નાની નથી ખબર ? પણ કાકી, તેના મા-બાપનાં સંસ્કાર જ જુદા છે.

**મોંઘીબેન**–શાન્તાવહુ ! થોડા વખતમાં જ કંચનવહુ ટેવાઇ જશે, બધું કામ પાસે રહીને શીખવતાં રહો, અને જમાનો વર્તો તો સુખી થશો. તમે સાસુ છો, પણ વહુ બનીને રહેશો તો જ રહેવાશે, નહિ તો જતી જિંદગીએ દુઃખી થવાનો વારો આવશે. અમારે

જ્યોત્સ્નાને પણ પહેલાં થોડો વખત નહોતું ફાવ્યું, હવે બધું કામ ઉપાડી લીધું છે, મને તો કામ કરવાની જ ના પાડે છે, પણ મારો જીવ અભાગિયો રહેતો નથી, એટલે બેઠીબેઠી કાંઇક કર્યા કરૂં છું.

( એટલામાં જ્યોત્સ્ના પાણીનું બેડું ભરીને આવે છે. )

**જ્યોત્સ્ના–**અરે શાન્તાભાભી ! તમે કયાંથી ? વહુ આવ્યા એટલે નવરા જ થતાં નથી, કંચનબેન બહુ સારા મળી ગયા છે.

**શાન્તા–**મારૂં મન જાણે છે કે, વહુ કેવા મળ્યા છે. બે મહિનાથી આવ્યા છે, પણ એકેય કામ શાંતિથી કર્યું નથી. કદિ સવારમાં વહેલાં ઉઠતાં જ નથી. હું ઉઠીને બધું કામ પતવું છું, અને દૂધ આવે છે, એટલે તેમના માટે ચા મૂકું છું. ચા તૈયાર થાય છે ત્યારે ઉઠે છે, ઉઠીને તરત જ ચા પીવા બેસે છે, કદિ પાણી ભરવા તો વહેલાં જતાં જ નથી, મારે બે મહિના બે વર્ષ જેવાં થઇ ગયાં છે, હું તો કરિયાવરના લોભમાં જ મરી ગઇ.

**મોંઘીબેન–**વહુ ! એમ તો બન્યા જ કરે, આમ બહાર બધાના મોઢે વાત નહિ કરતા, તેમને જ ધીરેધીરે પ્રેમથી સમજાવો, એટલે ગાડું એની મેળે જ રસ્તે ચડી જશે.

**શાન્તા–**કાકી, આ તો તમારી આગળ પેટ ખોલીને વાત કરૂં છું. કંચનવહુને તો કાંઇ કહેવાય જ નહિ, જો કહું તો સુશીલ ઉપરાણું લઇને દોડે છે, શું કરૂં કાકી ? હવે તો પરભવના પાપ ભોગવે જ છૂટકો છે, ઠીક ત્યારે આવજો.

( શાન્તા પ્રેમભરી વિદાય લે છે. )

**મોંઘીબેન–**આવજો.

**જ્યોત્સ્ના–**હેં બા, કંચનબેન જરાયે કામ નહિ કરતાં હોય ?

**મોંઘીબેન–**સાંભળોને હવે, શાન્તાવહુ તો રજનું ગજ કરે એવી છે, બહાર જેનાં અને તેનાં મોઢે વહુના અવગુણ ગાયા કરશે, કોઇ રીતે વહુનું ખરાબ બોલાતું હોય તો સારૂં, એવી જ એમની ઇચ્છા છે.

**જ્યોત્સ્ના–**બા, આટલું બધું જુઠું બોલતાં હશે ! વહુ તો બિચારી બહુ ભલી લાગે છે, પછી તો ભગવાન જાણે !

**મોંઘીબેન–**જ્યોત્સ્ના, એ તો હોય જ. કોઇક દિવસ વહુ મોડી ઉઠે તો આખા ફળિયામાં સંભળાય તેવી રીતે બરાડા પાડીને ઉઠાડે છે, જેથી આખું ફળિયું ખરાબ લાગણીથી વહુ તરફ જુએ છે, તદ્દન નાની અને નજીવી ભૂલ માટે રાડો પાડે છે, અને તે ભૂલ આખા ગામના માણસો આગળ ગાય છે.

**જ્યોત્સ્ના–**સુશીલભાઇ પણ બિચારા શું કરે ?

**મોંઘીબેન–**કરે શું ? આજે કઇ તિથિ થઇ ?

**જ્યોત્સ્ના–**મહા સુદ પાંચમ.

**મોંઘીબેન–**ત્યારે ફાગણ સુદી પાંચમે તો જુદા થાય છે.

**જ્યોત્સ્ના–**હજી પરણ્યા બે મહિના નથી થયાં ત્યાં તો જુદા થવાનું પણ નક્કી કર્યું ?

**મોંઘીબેન–**જુદા ન થાય તો શું કરે ? આવા કકળાટમાં શી રીતે જીવી શકાય ?

**જ્યોત્સ્ના–**ત્યારે તો શાન્તા ભાભીને દુઃખના દહાડા.


## જૈનમંદિર ઉપયોગી કારીગરીવાળાં ઉપકરણો

ચાંદી અને જરમન સીલ્વરનાં પતરાં જડીત રથ, સિંહાસન, સમવસરણ, બાજોઠ, ભંડાર, પાલખી, સ્વપ્નાં, વિગેરે તમામ પ્રકારનાં ઉપકરણ બનાવનાર.

: : પ્રખ્યાત શિલ્પીઓ : :

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલની કું.**

હીરાબાગ, ખત્તરગલ્લી સી. પી. ટેન્કઃ મુંબઇ–૪.

# શંકા અને સમાધાન

[ સમાધાનકારઃ–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ]

[ પ્રશ્નકારઃ– સેવક. અમદાવાદ. ]

**શં૦** પક્ખિ, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણમાં અન્તે સજ્ઝાય સંદિસાહુ ? અને સજ્ઝાય કરૂં ? એ આદેશોપૂર્વક સજ્ઝાયમાં નવકાર મંત્ર, ઉવસગ્ગહરં અને સંસારદાવાની સ્તુતિ બોલાય છે તેનું શું કારણ ? તેમજ 'ઝંકારા' થીમાંડી બાકી સર્વે ઉંચે સ્વરે બોલે છે તે કેમ ?

**સ૦** પક્ખિ, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં સજ્ઝાય તરીકે નવકાર મંત્ર, ઉવસગ્ગહરં અને સંસારદાવાની સ્તુતિ બોલવાની પરંપરા છે. જ્યારે પૂ. આ. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી ભગવંતના છેલ્લા સમયોમાં 'ઝંકારારાવસારા' આદિના પાઠ આગળ એઓશ્રીજીનો સ્વર ધીમો પડયો ત્યારે શ્રી સંઘ તેમની સાથે બોલ્યો, ત્યારથી બધાએ સાથે બોલવાનો રિવાજ છે, આવી વૃદ્ધવાણી છે. તેમજ તે ત્રણ પદો મંત્રરૂપ હોવાથી ક્ષુદ્ર નીચ મિથ્યાદૃષ્ટિ દેવ ઉપદ્રવ કરવા માટે વસ્તિમાં આવેલ હોય તો ભાગી જાય આવી મતલબના શબ્દો પંડિતપ્રવર શ્રી વીરવિજયજી મહારાજા સ્વકૃત પ્રશ્નોત્તર ચિંતામણીમાં જણાવે છે.

**શં૦** દરેક અનુષ્ઠાનો પૂર્વ કે ઉત્તરદિશા સન્મુખ રહી કરવાનું વિધાન જણાવે છે તથા દક્ષિણદિશાને વર્જ્ય કહે છે, તો શું કારણ ? તેમજ સામુદાયિક પ્રસંગે સૌ કોઇ તેવી રીતે કરી શકે નહિ તો વાંધો આવે ?

**સ૦** 'उत्तरपुव्वा पुज्जा' એવો શાસ્ત્રોનો પાઠ છે. એટલે તે બે દિશામાં ક્રિયા કરાય છે. સામુદાયિક ક્રિયામાં આગેવાનોએ એ નિયમ સાચવ્યો એટલે તેના અનુયાયીઓએ પણ સાચવ્યો છે, તેમ ઉપચારથી સમજવું: કારણ કે આખો સમુદાય એ નિયમ સાચવી શકે નહિ.

**શં૦** 'એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ' એ સ્તવનના કર્તા કોણ ? તેમજ છેલ્લી કડીમાં 'જ્ઞાન' શબ્દથી શું સમજવું ?

**સ૦** 'જ્ઞાન વિશાલ' એટલે 'જ્ઞાનસાગર'ની સંભાવના થઈ શકે છે. કારણ કે 'સાગર' શબ્દ કૃતિમાં બેસતો ન આવવાથી 'વિશાલ' શબ્દનો પ્રયોગ કર્યો હોય એમ લાગે છે.

**શં૦** ચૈત્યવંદન કે અરિહંત ચેઇયાણંને અંતે સ્તુતિ જે કહેવામાં આવે છે, તે સ્તુતિ જોડા મધ્યેની પહેલી જ કહેવાય કે બીજી–ત્રીજી પણ કહી શકાય ?

**સ૦** ચૈત્યવંદન કે અરિહંત ચેઇયાણંને અંતે સ્તુતિ જોડા મધ્યેની પહેલી અને બીજી સ્તુતિ કહી શકાય. કારણ કે ત્રીજી સ્તુતિ જ્ઞાન આશ્રિત છે. જ્યારે ચૈત્યવંદન તીર્થંકર આશ્રિત હોવાથી તીર્થંકરોની સ્તુતિ કહેવી વ્યાજબી ગણાય.

**શં૦** તદ્દન અશકત અવસ્થામાં આવી પડેલ અને નિરાધાર એવા શ્રાવક કે ગૃહસ્થાદિની નજીકમાંથી પસાર થતાં સાધુ કેવા પ્રકારની વ્યવસ્થા કરી શકે ?

**સ૦** આ અધિકાર સામાન્ય સાધુનો નથી. કારણ કે, અનાચીર્ણ ગણાવતાં **गिहत्थवेयावडियं** એ પાઠથી ગૃહસ્થની વૈયાવચ્ચનો નિષેધ છે, એટલે તે મુજબ સામાન્ય સાધુએ વર્તવું જોઇએ, પરંતુ ગીતાર્થગુરૂઓ ત્યાંથી નીકળતા

હોય તેમના જોવામાં આવી સ્થિતિ આવે અને આસપાસના વાતાવરણને જેવા પ્રકારનું જુએ, તેવા પ્રકારની તેઓ તેને સહાય આપી શકે છે.

**શં૦** પાક્ષિક અતિચાર વખતે છેલ્લા સંલેષણાના અતિચારથી માંડીને બાકીના અતિચાર શ્રાવક બોલે તે સાધુએ પણ ધારવા જોઇએ, એમ કેટલાક જણાવે છે, તો તે સંબંધમાં શું જણાવવાનું છે ?

**સ૦** પાક્ષિક અતિચાર વખતે તપાચાર અને વીર્યાચારના અતિચારો સાધુઓને ધારવાના હોય છે, સંલેષણાના અતિચાર ધારવાનો રિવાજ નથી.

**શં૦** જો ઉપરોક્ત અતિચારો ધારવાના જ હોય તો તપાચારના બાર ભેદમાં વૈયાવચ્ચ આવે છે, તે વૈયાવચ્ચ કયા પ્રકારની સમજવી ?

**સ૦** બિમાર સાધુઓની આહાર આદિ ચાર પ્રકારથી ભક્તિ કરવી. તેવી જ રીતે તપસ્વી, બાલમુનિ, વૃધ્ધ આદિની સેવા કરવી, તેમના અંગોપાંગ દબાવી સમાધિ કરી આપવી, ઇત્યાદિ વૈયાવચ્ચના ભેદો પ્રસિદ્ધ છે.

**શં૦** હાલમાં પ્રતિક્રમણુમાં ચૈત્યવંદન સંસ્કૃત જ બોલતા સંભળાય છે, જેનો ભાવાર્થ ઘણા સમજી શકતા નથી, તો શ્રદ્ધાળુજન સમજી શકે તેવી ભાષાવાળું બોલવું હિતાવહ લાગે છે કે સંસ્કૃત જ બોલવું જોઇએ ? શું મંતવ્ય છે ?

**સ૦** પ્રતિક્રમણમાં સંસ્કૃત જ ચૈત્યવંદનો બોલવા એવો શાસ્ત્રીય નિયમ નથી. જનસમૂહ વધારે સમજી શકે, ભાવનામાં વૃદ્ધિ થાય એવી ભાષાવાળા ચૈત્યવંદનો બોલાય તો શાસ્ત્રીય વાંધો નથી, સુવિહિતકૃત ગંભીરભાવવાળા હોવાં જોઇએ.

**શં૦** શ્રી બૃહત્શાંતિ કોણે, કયારે અને કયાં બનાવી ? તેમ જ 'શીવાદેવી' નામ આવે છે, તો તે સંબંધમાં શું જાણવા જેવું છે ? તેમ જ તે કયા દેવલોકે છે ?

**સ૦** બૃહત્શાંતિના રચનાર શ્રી નેમનાથપ્રભુજીના માતુશ્રી 'શિવાદેવી' છે, એવો પ્રઘોષ છે, અને **अहं तित्थयरमाया सिवादेवी तुम्ह नयरनिवासिनी**' એ ગાથાથી પ્રઘોષની સિદ્ધિ થાય એવો ભાવ નીકળી શકે છે, આથી તે કૃતિ નેમનાથ ભગવાનના શાસનમાં બની કહેવાય, અને દ્વારિકા નગરીમાં રચી હોય એવી પણ સંભાવના થઈ શકે છે, શિવાદેવી ચોથા દેવલોકમાં ગયાં છે.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૪૦૦ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ.

## સ્નાત્ર મહોત્સવ

મુંબઈ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો
૧ લે માળે **મુંબઈ** ૪.

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**
**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**
ઓ. સેક્રેટરીઓ.

# કોરા બુદ્ધિવાદની પોકળતા

પૂ. પંન્યાસ શ્રીમદ્ ભદ્રંકરવિજયજી ગણિવર

એક કવિ કહે છે કે-'મનુષ્ય આ જગતમાં જન્મ્યો,' એનું નામ તે ભવસાગરમાં આવ્યો, એમ કહેવા કરતાં તે 'સંશયસાગરમાં આવ્યો' એમ કહેવું વિશેષ સુઘટિત છે. મનુષ્ય જન્મ્યો ત્યારથી મરે ત્યાં સુધી અનેક પ્રકારના સંશયમાં ગોથા ખાધા જ કરે છે. સત્ય શું, અસત્ય શું, સન્માર્ગ શું, ઉન્માર્ગ શું, હિતકર શું, અહિતકર શું ? એનો નિર્ણય મનુષ્યની બુદ્ધિમાં સદા એક-સરખો ટકી શકતો નથી.

બાળક જ્યારે જન્મે છે, ત્યારે સૌ પ્રથમ તેને તેની માતાનો બોધ થાય છે. ભૂખ લાગે ત્યારે મા ! તરસ લાગે ત્યારે મા ! દુઃખ થાય ત્યારે મા ! ઠંડી લાગે ત્યારે મા ! જે કાંઇ થાય તેના નિવારણ માટે મા, મા અને માને જ ઓળખે છે. પરંતુ જેમ જેમ જ્ઞાનનો અધિક વિકાસ થાય છે, તેમ તેમ તેની માન્યતા ફરે છે. મા કરતાં પણ પિતા, અને પિતા કરતાં પણ પોલીસ તેને વધારે શકિતમાન લાગે છે. પોલીસ પણ જ્યારે રોગ કે આપત્તિથી ઘેરાય છે, ત્યારે ઈશ્વરની પ્રાર્થના કરે છે, ત્યારે તેને ખાત્રી થાય છે કે, ઇશ્વર જ સર્વશકિતમાન છે.

વળી જગતમાં ચાલતી ઇશ્વરવિષયક વિવિધ ચર્ચાઓને તે શ્રવણ કરે છે, ત્યારે ફેર અનેક સંશય અને તર્ક-વિતર્કમાં ચઢે છે. ઇશ્વર નિરાકાર છે કે સાકાર ? દૃશ્ય છે કે અદૃશ્ય ? જો તે નિરાકાર અને અદૃશ્ય જ છે, તો તેને જોયો કોણે ? જો દૃશ્ય અને સાકાર છે, તો દેખાતો કેમ નથી ? આવા સંશયના સેંકડો તરંગો અંતઃકરણ પર એક પછી એક આવીને અથડાય છે, અને સંશયરૂપી તરંગોના સાગરમાં જીવને ગોથાં ખવડાવ્યા જ કરે છે. તેનું જ્ઞાન વારંવાર બદલાતું રહે છે અને તેથી તેને પ્રથમનો સિદ્ધાંત અસત્ય અને પાછલનો સત્ય ભાસે છે.

'ચક્ષુથી દેખાય તેજ સત્ય' એને જો સત્ય માનીએ તો તે સિદ્ધાંતની દશા પણ ઉપરના જેવી જ છે. સૂર્ય પ્રત્યેક દિવસે પૂર્વમાંથી નીકળી પશ્ચિમમાં જતો પ્રત્યક્ષ આંખે દેખાય છે. પરંતુ શાળામાં થોડા દિવસ છોકરાઓ ભણે છે એટલે ત્યાંનો શિક્ષક એ વાતને સર્વથા અસત્ય ઠરાવે છે. તે કહે છે કે 'સૂર્ય લેશ પણ ફરતો નથી, આ પૃથ્વી જ ફરે છે, અને તેની સાથે આપણે સૌ પ્રત્યેક કલાકે એક હજાર માઇલની પૂર્વ તરફ મુસાફરી કરીએ છીએ'. પ્રમાણો આપીને આ વાત તે એવી રીતે સિધ્ધ કરે છે કે, તેને અસત્ય ઠરાવવું કઠિન થઇ પડે છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોની પણ એ જ દશા હોય છે. જે શોધને તેઓ અપૂર્વ કહીને આજે તેની પ્રસંશા કરે છે, તેને જ થોડા વર્ષો વ્યતીત થયા બાદ ભૂલ-ભરેલી છે, એમ કબૂલ કરે છે. આ સંબંધી તારયંત્રનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. તારયંત્રનું કામ પ્રથમ જ્યારે શરૂ થયું, ત્યારે એમ માનવામાં આવતું કે, જ્યાં આગગાડીના પાટા હોય ત્યાં જ તારનાં દોરડાં નાંખી શકાય છે, કારણકે તેમાં વિદ્યુત્-વાહક શકિત રહેલી છે, પરંતુ પાછળથી એક માણસે એવી શોધ કરી કે, જમીનમાં જ વિદ્યુત્‌વાહક શકિત છે, માટે ગમે ત્યાં તારનાં દોરડાં નાંખી શકાય છે, તે પ્રમાણે આજે જ્યાં ત્યાં તારનાં દોરડાં શરૂ થઇ ગયાં છે, આ રીતે પ્રથમની શોધનો ઉપહાસ થાય છે. અને પાછલી શોધની પ્રશંસા થવા લાગે છે.

મનુષ્યોની બુદ્ધિના નિશ્ચયો આ પ્રમાણે

પ્રત્યેક ક્ષેત્રમાં વારંવાર ફર્યા જ કરે છે. દાખલા તરીકે કોઇ મનુષ્ય માટીને મોઢામાં મૂકે, તો સ્વાદ વિનાની લાગે છે. તેથી તેમાં કોઇપણ પ્રકારનો સ્વાદ નથી, એમ કહેવામાં આવે છે. પરંતુ ખરી રીતે જગતમાં જેટલા રસ છે, તેટલા માટીમાં જ રહેલા છે, એમ સાબીત થાય છે. આંબલીનો કુસકો મોઢામાં નાંખવામાં આવે તો તે ખાટો લાગતો નથી. પરંતુ તેને જમીનમાં રોપવામાં આવે છે ત્યારે તે પૃથ્વીમાં રહેલ સર્વ રસોનું પૃથક્કરણ કરીને કેવળ ખાટા રસનું જ ગ્રહણ કરે છે. એ ખાટો રસ કેવળ આંબલીમાં જ નહિ પરંતુ તેના પાંદડે–પાંદડે વ્યાપી જાય છે. શેરડીનો સાંઠો કેવળ મીઠો જ રસ ખેંચે છે. મરચાંનું બી તીખો રસ ખેંચીને મરચાંનું પોષણ કરે છે. કાચકો કેવળ કડવો રસ જ ખેંચીને વધે છે. આથી સાબીત થાય છે કે, પ્રત્યેક બી પૃથ્વીમાં રહેલાં સર્વરસોનું પૃથક્કરણ કરી પોતાને લાયક રસને પોતા તરફ આકર્ષે છે. એથી જ સંસ્કૃત ભાષામાં પૃથ્વીને 'सर्वरसा' એવું અન્વર્થક નામ અપાયેલું છે.

બીજું ઉદાહરણ રંગનું છે. પીળો અને વાદળી મળીને લીલો રંગ થાય છે. કરમજી અને ધોળો મળીને ગુલાબી રંગ થાય છે. લાલ અને પીળો મળીને નારંગી રંગ થાય છે. આમ જુદાજુદા રંગોની ઉત્પત્તિ મનાય છે. પરંતુ ધોળો રંગ અન્ય કોઇ રંગના મિશ્રણથી ઉત્પન્ન થયો છે, એમ કોઈ માનતું નથી. છતાં આશ્ચર્યની વાત છે કે, સર્વ રંગોનું પ્રમાણસર મિશ્રણ એ જ ધોળો રંગ છે. જેમકે તડકાનો રંગ સફેદ છે, પરંતુ તેમાં પાસાદાર કાચનું લોલક મૂકવામાં આવે તો સૂર્યકિરણોનું પૃથક્કરણ થઇ તેમાંથી લાલ, પીળો, જાંબુડો ઇત્યાદિ સાત રંગો બહાર નીકળે છે, એમ આજનો સામાન્ય વિદ્યાર્થી પણ જાણે છે. આ પરથી તડકાનો ધોળો વર્ણ એ અનેક રંગોનું મિશ્રણ છે, એમ સાબીત થાય છે.

એજ રીતે પ્રકાશ અને અંધારૂં, ટાઢું અને ઉનું એ બધું સાપેક્ષ છે. એક મનુષ્ય મધ્યાહ્નકાળે એક ઓરડીમાં બેસી પુસ્તક વાંચે છે અને બીજો બહાર તડકામાંથી આવે છે, ત્યારે તેની સાથે અથડાઇ પડે છે. જે પ્રકાશ એકને લેશ પણ દેખાયો નહિ, તે બીજાને પુસ્તક વાંચવા માટે પુરતો થઇ પડયો. અંધારી રાત્રિમાં માણસને કાંઇ દેખાતું નથી અને ઘુવડાદિ પક્ષીઓ આનંદથી વિહાર કરે છે. આથી સિદ્ધ થાય છે કે આપણે જ્યાં પ્રકાશ નથી એમ કહીએ છીએ ત્યાં પ્રકાશ હોવો જ જોઇએ. આપણી જોવાની શકિતના પ્રમાણ કરતાં જો અધિક પ્રકાશ હોય તો તે પણ આપણને દેખાતો નથી. અને કમી હોય તો તે પણ આપણને દેખાતો નથી.શીતળતા અને ઉષ્ણતાની વાત પણ આવીજ છે. ત્રણ વાસણો છે. એકમાં હાથ દાઝી જાય તેવું ગરમ પાણી છે. બીજામાં હાથ અક્કડ થઇ જાય તેવું શીતળ પાણી છે. ત્રીજામાં સમશીતોષ્ણ છે. એક માણસ સહન થાય ત્યાં સુધી ગરમ પાણીના પાત્રમાં હાથ નાંખે છે, બીજો સહન થાય ત્યાં સુધી ઠંડા પાણીના પાત્રમાં હાથ નાંખે છે અને પછી બંને પેલા સાધારણ પાણીના પાત્રમાં હાથ બોળે છે, તો પહેલો કહેશે કે, 'આ પાણી ઠંડું છે' અને બીજો કહેશે કે 'આ પાણી ગરમ છે.' આમ એકજ પ્રકારનું પાણી એકને શીતળ અને બીજાને ઉષ્ણ લાગ્યું, તેથી શીતળતા અને ઉષ્ણતા વચ્ચેનો ભેદ પણ ક્યાં સુધી સત્ય છે, તે વિચારવાનું રહે છે.

એ જ હકીકત વસ્તુના નાશને લાગુ પડે છે. બરફનો નાશ એટલે પાણીની ઉત્પત્તિ અને પાણીનો નાશ એટલે વરાળની ઉત્પત્તિ. વરાળમાંથી મેઘ, મેઘમાંથી નદીઓ, નદીઓમાંથી સમુદ્ર અને સમુદ્રમાંથી ફેર બરફ, બરફનું પાણી અને પાણીની વરાળ, એ રીતે પદાર્થોના રૂપાંતરોનું ચક્ર જગતમાં ચાલ્યા કરે છે. કિન્તુ કોઇપણ વસ્તુનો આત્યંતિક વિનાશ થતો નથી. આપણી દૃષ્ટિમર્યાદાથી અતીત થાય છે, ત્યારે આપણે તેનો નાશ માનીએ છીએ અને દૃષ્ટિમર્યાદાની અંદર ઉપસ્થિત થાય છે, ત્યારે આપણે તેનો જન્મ માનીએ છીએ. વસ્તુતઃ જન્મ પણ નથી અને નાશ પણ નથી, કેવળ રૂપાંતર છે.

એજ રીતે જન્મ અને કર્મની પરંપરા ચાલ્યા જ કરે છે. આપણે માત્ર ગર્ભ અવસ્થા, બાલ્ય કે તરૂણ અવસ્થા, વૃદ્ધ કે અંતિમ અવસ્થાને જાણીએ છીએ. કિન્તુ ગર્ભના પ્રથમ શું હોય છે અને મૃત્યુના પછી શું થાય છે, એને કાંઇપણ જાણતા નથી, તેથી તે છે જ નહિ, એવા ખોટા નિર્ણય ઉપર આવીએ છીએ. વસ્તુતઃ ગર્ભ પણ કોઇ બીજનું જ રૂપાંતર છે અને મૃત્યુ પણ કોઇ હયાત વસ્તુનું જ અવસ્થાંતર છે, છતાં એ કયા બીજનું રૂપાંતર છે અને મરણ બાદ હયાત વસ્તુનું કેવું અવસ્થાંતર થાય છે, એ જાણવાનું સાધન મનુષ્યની બુદ્ધિ પાસે છે નહિ, તેથી તે અનેક સંશયસાગરના મોજાઓમાં ઝોલાં ખાધા જ કરે છે, વિશાલ બ્રહ્માંડમાં થતાં આ રૂપાંતરોને જાણવા માટે મનુષ્યની બુદ્ધિ કેટલી પામર અને શક્તિહીન છે, તેનો જ્યારે યથાર્થ ખ્યાલ આવે છે, ત્યારે તેજ બુદ્ધિ શ્રદ્ધાનો આશ્રય શોધે છે. એનુંજ નામ ધર્મનો પાયો છે. એ શ્રદ્ધા કોઇ ત્રિકાળવેત્તા નિર્દોષ પુરૂષના વચન પર સ્થિર થાય છે, તો તે સત્યના માર્ગે આગળ વધે છે અને એથી વિપરીત માર્ગે ચઢી જાય છે, તો ફેર પાછી સંસારચક્રનાં અનંત ચકાવામાં જીવને પાડે છે. સંસારમાં નિર્દોષ અને ત્રિકાળવેત્તા પુરૂષ કોણ? તેને શોધવું પણ તેટલુંજ દુષ્કર છે. છતાં 'જે જીવ સાચોજ જિજ્ઞાસુ બને છે અને પક્ષપાત રહિત બુદ્ધિથી તેની શોધ કરે છે, તેને આજે પણ ત્રિકાળજ્ઞાની, યથાર્થવક્તા અને પરમ–નિર્દોષ–પુરૂષનાં વચનોનાં દર્શન થાય છે' અને તેના આધારે સંસારચક્ર અને સંશયચક્રના ચકાવામાંથી છુટકારો પામવાના માર્ગને અને ઉપાયને મેળવે છે અને જન્મ-મરણનાં અનંતચક્રનો અંત પામે છે. કોરા બુધ્ધિવાદનો પાયો કેટલો કાચો છે અને સાચા શ્રદ્ધાવાદનો પાયો કેટલો નક્કર છે, તેનો અલ્પાંશે પણ ખ્યાલ આટલા વાંચનથી સહૃદય મનુષ્યને આવ્યા સિવાય રહેશે નહિ. છતાં જેઓ પોતાની અક્કલથી કે બીજાના અનુકરણથી કેવળ બુદ્ધિવાદના ઉપર જ મદાર બાંધીને પોતાનું જીવનનાવ હંકારે જાય છે, તેઓ કયા સમયે કયા ખડક સાથે અથડાઈ પડીને ભાંગીને ભૂક્કો થઇ જશે, તે કહી શકાતું નથી. કોરો બુદ્ધિવાદ એ આંધળો છે અને સાચો શ્રદ્ધાવાદ એ દેખતો છે, દેખતાની પાછળ સો આંધળા નિર્ભય સ્થાને પહોંચી શકે છે, આંધળાની પાછળ એક લાખ દેખતા પણ ખાડામાં જ પટકાય છે. એ સર્વ–સાધારણ નિયમને સૌ સમજતા થાઓ એજ એક શુભાભિલાષા.

આ લેખની મુખ્ય વસ્તુ એક મરાઠી લેખના ગુજરાતી અનુવાદના આધારે અહીં અંકિત કરી છે, તેમાં જે શાસ્ત્રીય વિરોધ હોય તેને સજ્જનો સુધારીને વાંચશો એવી વિનંતિ છે.

* સુકૃતની સંપત્તિનો સદ્‌વ્યય કરી, *

# જીવનને ધન્ય બનાવો !

સૌરાષ્ટ્રના પશ્ચિમ-દક્ષિણ સાગરકાંઠે આવેલાં જૈનોનાં ઐતિહાસિક યાત્રાધામ શ્રી ચંદ્રપ્રભાસતીર્થનો ભૂતકાળ ખૂબ જ ગૌરવભર્યો છે. હિંદના પ્રાચીન યાત્રાધામોમાંનું આ એક પ્રસિદ્ધ યાત્રાધામ છે. સોમનાથ-પાટણનો ભવ્ય ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. હિંદભરના યાત્રિકો અહિં યાત્રાર્થે હજારોની સંખ્યામાં ઉતરી પડતા હતા. આજે એક બાજુ સોમનાથનાં પ્રસિધ્ધ દેવાલયનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. તે રીતે જૈનોના પ્રાચીન ચંદ્રપ્રભ-તીર્થના જીર્ણોદ્ધારનું કાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે, તીર્થાધિપતિ શ્રી ચંદ્રપ્રભસ્વામીનું વર્ષો-જૂનું જ્યાં મંદિર હતું, ત્યાં આજે 'શ્રી ગજેન્દ્રપૂર્ણપ્રાસાદ' નામનું જિનમંદિર તૈયાર થઈ રહ્યું છે. જેમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીપ્રભુની પ્રતિષ્ઠા સં. ૨૦૦૮ ના માહ મહિનામાં થઇ છે.

પ્રભાસપાટણ શહેરના મધ્યભાગમાં બજારના લેવલથી ૮૫ ફુટ ઉંચું, ત્રણ મજલાનું, નવ ગભારાવાળું અને ૧૦૦×૧૦૦ ફુટની લંબાઇ-પહોળાઇવાળી જગ્યામાં પથરાયેલું આવું ગગનચુંબી ભવ્ય જિનમંદિર સમસ્ત ભારતમાં આ એક જ છે. મંદિરમાં આલેશાન ભોંયરૂં છે. ત્રણ શિખરો, ચાર ઘૂમટો, વિશાલ નૃત્યમંડપ અને હારબંધ સ્થંભમાળથી દેદીપ્યમાન આ મંદિર સાક્ષાત્‌ દેવવિમાન જેવું રમણીય બન્યું છે, સોમનાથના મંદિરની યાત્રાએ આવનારા સહુ કોઇ યાત્રિકો આવા બેનમૂન જિનમંદિરને જોઈ અકથ્ય આનંદ અનુભવે છે. અને જૈનોની ભાવના તેમજ ભક્તિને અંજલિ અર્પે છે.

મંદિરમાં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં પ્રતિમાજી ખૂબ જ સુંદર, પ્રસન્ન તથા તેજસ્વી છે, ૩ાા ફુટ લગભગના આ પ્રભુજીની મધુરતા અલૌકિક છે, એક વખત પણ યાત્રા કરનાર અહિં આવીને સ્વર્ગીય આનંદનો અનુભવ કરે છે.

આવા અનુપમ સ્થાપત્યવાળા અજોડ જિનમંદિરના નિર્માણમાં અત્યારસુધી રૂ. આઠ લાખ ખર્ચાયા છે. હજુ મંદિરમાં રૂપકામ, શિલ્પકામ તથા નૃત્યમંડપમાં આરસ પથરાવવાનું કાર્ય બાકી રહે છે. જેના ખર્ચનો અંદાજ રૂ. બે લાખ ઉપરનો છે. આ માટે જૈનસંઘને તથા હિંદભરના દહેરાસરજીના વહિવટદારોને નમ્ર વિજ્ઞપ્તિ છે કે, 'આવા શિલ્પ તથા સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂનારૂપ જિનમંદિરના બાકીના કાર્ય માટે અવશ્ય સહાય કરો !'

ભારતભરનાં જૈન-જૈનેતર મંદિરોમાં રચનાની દૃષ્ટિએ આ જિનમંદિર ખરેખર અજોડ છે. આવા સૌંદર્યશાળી જિનમંદિરનાં કાર્યમાં શક્તિ મુજબ સંપત્તિનો સદ્‌વ્યય કરનાર ભાઈ-બહેનો તેમજ દહેરાસરના વહિવટદારો દહેરાસરજીના ભંડોળમાંથી સહાય કરે છે, તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. સૌ-કોઈ આ પુણ્યકાર્યમાં સહાયક બની, આવા ઐતિહાસિક યાત્રાધામરૂપ જિનમંદિરનાં નિર્માણમાં પોતાનો ફાળો આપી, સુકૃતની સંપત્તિનો સદ્‌વ્યય કરી, જીવનને ધન્ય બનાવો !

નિવેદકઃ—શ્રી ચંદ્રપ્રભાસતીર્થ જીર્ણોદ્ધારક કમિટિ.

—: મદદ મોકલવાનાં સ્થળો :—

મુંબઇનું ઠેકાણું:-
શેઠ હરખચંદ મકનજી
૫૫-૫૭ બજારગેટ કોટ-મુંબઈ ૧.

શાહ હીરાચંદ બસનજી
સેક્રેટરી:-જૈન શ્વેતામ્બર સંઘ.
મુ. પ્રભાસપાટણ (સ્ટે. વેરાવળ) સૌરાષ્ટ્ર.




## ચાલો મિત્રો ! આપણે વિચારીએ !

પ્રિય બાલમિત્રો ! હવે શાળાઓ તથા મહાશાળાઓમાં છ–માસિક પરીક્ષા શરૂ થવાની તૈયારી ચાલી રહી છે, કેમ ખરૂં ને ? તમે બધા પરીક્ષાની તૈયારીઓમાં પડી ગયા હશો ? પણ તમારે જાણવું જરૂરી છે કે, શિક્ષણની કસોટી કેવળ પરીક્ષાથી નથી મપાતી. વિનય, વિવેક, સચ્ચારિત્ર્ય તથા સુસંસ્કારોથી જ ભણતર દીપી ઉઠે છે. શિક્ષણની સાચી મહત્તા જીવનમાં સચ્ચારિત્ર્ય ગણાય છે.

વ્હાલા દોસ્તો ! તમારા લેખો અમારા પર જે આવી રહ્યા છે, તેમાંથી વીણી–વીણીને તમારા માટે આ વિભાગમાં અમે રજૂ કરીએ છીએ. સાથે તમારા માટે જે વડિલોએ ઉપયોગી, બોધક તેમ જ રસમય લખાણો તૈયાર કરી અમને મોકલાવી આપ્યા છે, તે પણ અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ.

પ્યારા બાલબિરાદરો ! 'બાલજગત' માટે લેખો મોકલવા માટે છેલ્લામાં છેલ્લી મુદત તા. ૧૮ મી સુધી છે. ત્યાં સુધીમાં અમને તમારા લેખો મળી જવા જોઇએ. કેમ એ રીતે મોકલશોને ત્યારે ? સારી વાર્તાઓ, નવા બનાવો, ઉપયોગી માહિતી, ટૂચકાઓ વગેરે કાળજીપૂર્વક તૈયાર કરી અમને જરૂર મોકલતા રહેજો. કેમ બરાબર છે ને ?

સંપાદક.

## 'કલમ કે દોસ્તમંડળ' ની હરિફાઈનું પરિણામ.

'કલમ કે દોસ્તમંડળ'ના સભ્યો માટે અમે જે નિબંધહરિફાઇ ગોઠવી હતી, તેમાં ઘણા ભાઈ–બ્હેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો છે. 'તમારી પાસે રૂા. પાંચ લાખ હોય તો તમે શું કરો ?' આ વિષય પર અમે નિબંધ મંગાવ્યો હતો, તેમાં સર્વશ્રેષ્ઠ કોઇનો નથી આવ્યો, એટલે પહેલા નંબરે કોઈ પણ લેખક આવી શકેલ નથી.

છતાં બીજા નંબરે તથા ત્રીજા નંબરે આવી શકે તેવા લખાણો લખનાર લેખકોને પ્રોત્સાહન આપવા અમે તેઓને પહેલા તથા બીજા નંબરે જાહેર કરીએ છીએ.

તેઓનાં નામો આ મુજબ છેઃ—

પ્રથમ નંબરે આવેલ **ભાઈ રમેશચંદ્ર ઠાકોરલાલ શાહ–ખંભાત.** આ લેખકભાઇને રૂા. ૫) નું ઈનામ પ્રાપ્ત થાય છે, તેઓનો નિબંધ સુધારા–વધારા સાથે આગામી અંકમાં પ્રગટ થશે. ત્યારબાદ બીજા નંબરે (૧) **અમૃતલાલ પુનમચંદ સંઘવી–હરસોલ.** (૨) **રજનીકાંત વોરા–પુના.** (૩) **હરખચંદ સાવલા.** આ ત્રણ ભાઇઓને પ્રત્યેકને રૂા. ૩) નું ઈનામ પ્રાપ્ત થાય છે, તેમ જ ત્રીજા નંબરે ભાઇ **પ્રવીણચંદ્ર પી.–બોરસદ.** જેઓની વય ૧૨ વર્ષની છે, છતાં ઠીક લખાણ લખ્યું છે, તે ભાઇને પ્રોત્સાહન અર્થે રૂા. ૨) નું ઇનામ પ્રાપ્ત થાય છે, આ રીતે કુલ રૂા. ૧૬) નું પારિતોષિક કાર્યાલય તરફથી લેખકબંધુઓને વ્હેંચવાનું નક્કી કર્યું છે.

તો જેઓને ઇનામ પ્રાપ્ત થાય છે, તેઓએ પત્ર લખી, પોતાનો ફોટો તૈયાર હોય તે મોકલી, ઈનામ મંગાવી લેવું. જેઓને ઇનામો પ્રાપ્ત થયા છે, તેઓનાં ફોટાઓ આગામી અંકમાં પ્રગટ કરવાનાં છે.

નવી હરિફાઇ માટે આગામી અંક જોતા રહો !

## આત્માને શીખામણ.

રે પ્રાણિડા જીવનભરમાં, શી કરી તેં કમાણી,
મોંઘા પામી નર જનમને, શું વલોવે તું પાણી;
નાના મોટાં ભવ બહુ કર્યા, યાદ છે કે ન ભાઇ,
આ 'ફેરા'ની જરી સફલતા, છે વિચારે તું કાંઇ? ૧
વિચાર્યું કે જીવનભરમાં દેવ છે કોણ તારા,
સદ્‌ગુરૂ કે ધરમ પણ તેં છે કદિયે વિચાર્યા;
સાચાંખોટાં ઘડિ ઘડિ કરી ખાલી હાથે જવાનું,
નિશ્ચે તારૂં જીવન સઘળું ધૂળધાણી થવાનું. ૨
આ સંસારે જનમ મરણો તું જૂવે છે છતાંયે,
શાને આવો મગરૂર બની મોજ માણે સદાયે;
શું તું માને અમર જગમાં એકલો તુંજ છો કે,
ના, તો 'શાંતિ' ધરી સમજી તું માન શીખામણોને. ૩

**શ્રી શાન્તિલાલ મણિલાલ શાહ.–અમદાવાદ**

❀

## કહો જોઇએ.

૧ પુષ્પ છું પણ નથી સુવાસ,
દેવીનો છે જ્યાં વાસ;
વેલ છે પણ વાડ નથી,
સૂર્ય છે મારા સાથી;
આપો ઉત્તર બાળકો પ્રેમથી.

૨ સમય સમયે સ્વરૂપ બદલે,
ન જુવે દિન—રાત;
જીવનની અંતિમ પળે પણ,
તેનો ન છૂટે સાથ.

૩ કાકા મેં તો કબૂતર દીઠું,
ભર્યા તળાવમાં તરતું દીઠું;
ચાર છે પણ ચરતું નથી,
પાણી છે પણ પીતું નથી;
એ જનાવર મરતું નથી.

૪ એવા કયા બે ખંડ છે કે, જેમાંનો એક કઠણમાં કઠણ હોય અને બીજો નરમમાં નરમ?

૫ એવું શું હશે કે, એક વખત ગયા બાદ પાછું આવતું નથી?

અનુક્રમે ઉખાણાના જવાબો

(૧) કમળનું ફુલ, (૨) પડછાયો (૩) વહાણ (૪) લોખંડ–શ્રીખંડ (૫) જુવાની.

**રમણલાલ કે. શાહ–વાપી.**

## બુદ્ધિનો બજાર.

૧ ૪૦) શેર લોખંડમાં પાવડા કોદાળી દાતરડાં મળી નંગ ૪૦) બનાવવાનાં છે તેમાં શે. ૫) નો પાવડો શે. ૨॥ ની કોદાળી શે. ૦॥ )નું દાતરડું એ રીતે ચાલીશ શેર ને ચાલીસ નંગ મેળવો.

૨ ૨૦ રોટલાને જમનાર આદમી બૈરાં ને છોકરાં મળી જણ ૨૦. તેમાં આદમીને નંગ ૨, બૈરાને નં. ૧॥ ને છોકરાને નં. ૦॥ એ રીતે આપવા. તો વીશ રોટલા ને વીશ માણસ એ રીતે મેળવો.

૩ રૂ. ૧૦૦)માં સાડલા ધોતીયાં રૂમાલ મળી નં. ૧૦૦) લાવવાના તેમાં રૂ. ૨૫)નો સાડલો ને રૂ. ૧)નું ધોતીયું ને રૂ. ૦। નો રૂમાલ એ રીતે એક સો રૂપિયામાં એક સો નંગ લાવવાનાં.

❀

## જવાબ મેળવો.

| | | |
|---|---|---|
| ૧ નંગ | | લોખંડ શેર |
| ૪ | પાવડા | ૨૦ |
| ૧ | કોદાળી | ૨॥ |
| ૩૫ | દાતરડાં | ૧૭॥ |
| ૪૦ | | ૪૦ |
| ૨ જણ | | રોટલા |
| ૪ | આદમી | ૮ |
| ૪ | બૈરાં | ૬ |
| ૧૨ | છોકરાં | ૬ |
| ૨૦ | | ૨૦ |
| ૩ નંગ | | રૂપિયા |
| ૩ | સાડલા | ૭૫ |
| ૧ | ધોતીયું | ૧ |
| ૯૬ | રૂમાલ | ૨૪ |
| ૧૦૦ | | ૧૦૦ |

**શ્રી ફુલચંદ મણિલાલ શાહ.**

સ૦ એક નામ એવું છે કે તેનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ ને ૨ | અક્ષર મળીને | 'મોટો' | અર્થ | થાય | છે. |
| ૩ ને ૪ | ,, ,, | 'બહાદુર' | ,, | ,, | ,, |
| ૫ ને ૬ | ,, ,, | 'માલીક' | ,, | ,, | ,, |
| ૧ ને ૪ | ,, ,, | 'મરીજા' | ,, | ,, | ,, |
| ૨ ને ૪ | ,, ,, | 'માળા' | ,, | ,, | ,, |
| ૫ ને ૪ | ,, ,, | કોઇ પશુ ઉપર બેસવું | ,, | | |

જ. આ નામ ચાલુ ચોવીશીના છેલ્લા તીર્થંકરનું છે. મહાવીરસ્વામી.

કીરીટકુમાર વસંતલાલ શાહ.

## બીરબલની ચતુરાઈ

એક વખત અકબર પોતાનો રાજ–દરબાર ભરી બેઠો હતો. તેમાં તેના બાર રત્નો તેમજ સભાજનો પણ બેઠા હતા. તેમાં ચતુર બીરબલ પણ હતો.

થોડો વખત પછી સભાનું કામકાજ શરૂ થયું હતું. સવાલોની પૂછપરછ થતી હતી. ત્યાં એકાએક એક મુસાફરે આવીને નમસ્કાર કર્યા અને પછી પ્રશ્ન પૂછયો; 'અન્નદાતા ! આ દુનિયામાં એવું કયું પ્રાણી છે કે, જે સવારે ચાર પગે, બપોરે બે પગે અને સાંજે ત્રણ પગે ચાલે છે', આ પ્રશ્ન સાંભળી રાજા તેમજ સભાજનો માથું ખંજવાળી વિચારમાં પડી ગયા કે, આવું કયુ પ્રાણી હશે ?

ત્યારે બીરબલે આછું સ્મિત કર્યું અને તે હાસ્ય રાજાએ જોયું. તેથી રાજાએ પૂછયું "બીરબલ, તું પ્રશ્નનો જવાબ આપશે ? ત્યારે બીરબલે કહ્યું 'હે મહારાજ ! તમારો આગ્રહ છે તો હું જરૂર જવાબ આપીશ'. જવાબમાં બીરબલે કહ્યું, આવું પ્રાણી મનુષ્ય જ છે. કારણ કે મનુષ્ય પોતાના બાળપણામાં બે હાથે અને બે પગે ચાલે છે. યુવાવસ્થામાં બે પગે ચાલે છે, અને વૃદ્ધાવસ્થામાં બે પગે અને એક લાકડીએ ચાલે છે. એટલે મનુષ્યને આ બરાબર ઘટે છે, આ સાંભળી મુસાફર, રાજા તેમજ સભા આખી હસી પડી અને સૌ ખૂશખૂશ થઇ ગયા. બુદ્ધિની કરામત તે આનું નામ !

શ્રી ધીરજ એ. શાહ, વાપી.

## અનનાં મણકા.

એકવાર જુઠ્ઠું બોલનાર વસુરાજા નરકે ગયા, તો વાર વગરનું જુઠ્ઠું બોલનારની શી દશા થશે ? એ વિચારો. !

આજે દુનિયાનો અભણ માણસ જેટલી અનીતિ નહિ કરતો હોય તેના કરતાં કેઇગુણી અનીતિ પેટ માટે ભણેલો માણસ કરે છે.

સુખ–દુઃખ જે કંઇ આવે એ મારાં કર્તવ્યનું ફળ છે, એમ માનીને તેને ભોગવવાનું છે, સુખ આવે તો પુન્યનું ફળ છે અને દુઃખ આવે તો પાપનું ફળ છે, એમ નિરંતર વિચારવું. એટલે રાગ–દ્વેષ ઓછા થશે.

પારકાના દોષો કાઢતા પહેલાં પોતાના દોષ કાઢતા શીખો. ગુણીની પ્રશંસા ન થાય તો કંઇ નહિ, પણ ગુણીની નિંદા ન થાય એની પૂરતી કાળજી રહેવી જોઇએ.

નવકાર ગણવા માત્રથી જૈન નથી પણ એ ગણુનારો નવકારને માનતો હોય તો જ તે જૈન છે.

જો શકય હોય તો ગમે તેવા કટોકટીના પ્રસંગમાં પણ ધર્મ અને ધર્મના સિદ્ધાંતોનું રક્ષણ કરવું જોઇએ. કારણ કે તેના રક્ષણમાં સર્વની આબાદિ છે. અને તેના નાશમાં સર્વનો નાશ છે.

છતી–શકિતએ તપ, જપ, જ્ઞાન, અને ધ્યાનને નહિ આચરનારાઓ ભગવાનની આજ્ઞાના વિરાધક બને છે.

સંસારની પાછળ ગાંડા–ઘેલા બનેલા માણુસો પાસે ધર્મની આશા રાખવી તે નકામી છે.

જેટલી ચિંતા આ શરીર, કુટુંબ અને લક્ષ્મીની છે, તેટલી જ આ આત્માની ચિન્તા આ આત્મામાં જાગે તો આત્મા કર્મનાં બંધનમાંથી જુદો થયા વિના રહે નહિ.

જેને પોતાના આત્માની દયા નથી એ બીજાની દયા શું કરે ?

સર્વે ધર્મ એ માને છે કે, પાપનું ફળ દુઃખ અને ધર્મનું ફળ સુખ છે. માટે પાપ ન કરો.

જેટલી મહેનત સંસાર માટે કરો છો એટલીજ મહેનત ધર્મ માટે કરો, તો મનુષ્યભવ સફલ થયો કહેવાય.

લક્ષ્મીની સફળતા તેને ભેગી કરવામાં નહિ, પણ ખુલ્લે હાથે તેનો સદુપયોગ કરવામાં છે.

ચક્ષુની સફળતા નાટક સીનેમા અને રૂપરંગ વગેરે જોવામાં નહિ પરંતુ દેવગુરૂનાં દર્શનમાં છે.

( મહાપુરૂષોના ઉપદેશોમાંથી. )

**સંગ્રા. છનાલાલ રવચંદ શાહ–પીંપળગામ**

## ઓળખી કાઢો.

કાળો ઘોડો કાબરો, નગર જોતો જાય;
લાખો રૂપીયા આપતાં, તેનું મૂલ ન થાય. ૧
પટેલની દીકરી ને, તેજબાઇ નામ;
પહેરે પટોળાને, ભાંગે છે ગામ. ૨
બાઈ બાઈ કહેતી, તું કયે ગામ રહેતી;
ઝીણું ઝીણું ગાઇને, કોથળામાં ફરતી. ૩
વાવડી પરવડી ને, લોલીયાણા ગામ;
બત્રીસ પીંપળા વચ્ચે એકજ ગામ. ૪
છટુકડી છોકરી ને, પટુકડી નામ;
ગળે બાંધી શીંદરી, તો ઝટ કરે કામ. ૫
જાનમાં જોઇએ ને, સુરજમાં સોહીએ;
બે મળીને એક નામ, કહો પંડયાજી એનું નામ. ૬
રાજાને જોઇએ ને, ગામને સોહીએ;
બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ. ૭
છાતી નીચે હોય તેને, ઘોડો રોજ કરે તે;
બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ. ૮
માણસને જોઇએને, નદીમાં સોહીએ;
બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ. ૯
ચીતરેલ મોરીઓ ને, પરદેશ જાય;
પાણી પીએ તો ટપ મરી જાય. ૧૦

## જવાબ શોધી કાઢો.

જ૦ ૨ તલવાર ૪ જીભ અને દાંત ૧ આંખ ૩ સારંગી ૫ સાવરણી ૬ વરતેજ (ગામ) ૧૦ કાગલ ૯ કાનપુર ૭ રાજગઢ ૮ પેટલાદ

**પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ.**

## પુષ્પ–ગુચ્છ

**ચક્રવર્તી દત્તાત્રેય જન્નાટકર નિપાણી.**

* મૃગજળીયા સુખવાળા તુચ્છ વિષયો દેખાડી આપણી ખાનદાની આદિ ભૂલાવીને સંસારગલીમાં આ કર્મ–ગુંડો લઇ જઇ સત્યાનાશ કરી નાખે છે.

* મુકિતપુરીના પેસેંજર ત્યારે થવાય કે, જ્યારે વીતરાગની આજ્ઞા આત્માના પ્રદેશે પ્રદેશે ભરાઇ જાય.

* નરકમાં કષાય ભયંકર, તિર્યંચમાં પરાધીનતા અને અવિવેક બહુ, તેથી ત્યાં કષાયો જોરદાર, દેવલોકમાં કષાય ઓછો પણ વિષયો ઉપર મુર્ચ્છા ઘણી, પણ એક માનવભવ એવો છે કે, જ્યાં અજ્ઞાન નથી, ભયંકરતા નથી, પરાધીનતા નથી, અવિવેક નથી અને મહામોહજનક ભોગની સ્થિતિ નથી. એટલે તૃષ્ણા અને કષાયોને કાપવા માટે મનુષ્યભવજ ઉત્તમ છે.

* ઉપયોગ એવી ચીજ છે કે, જે જીવને ઉત્સાહિત કરે છે.

* આત્મા ઉપર કર્મના ગાઢ વાદળ ઢંકાએલા છે, તે તો ક્ષણવારમાં ચાલ્યા જશે. માટે અનુકૂળતામાં રાગ–હર્ષ અને પ્રતિકૂળતામા દ્વેષ, ક્રોધ વગેરે કરવાની જરૂર નથી.

* જગત જેને કિંમતી ગણે છે, તે વીતરાગની દૃષ્ટીએ કલહનું મૂળ દેખાય છે.

* સંસાર એટલે હુંપદની નિશાળ.

* જગતમાં ઘણા ભવ મળે છે પણ પ્રભુઆજ્ઞાનાં પાલન માટેનો ઉચ્ચકોટીનો ભવ અતિ દુષ્કર છે.

* વીતરાગની સેવાની વિધિ ડૉકટરોની ઓપરેશનની વિધિ માફક સંભાળથી કરવાની હોય છે.

* ધર્મના માર્ગે ચઢેલો એ જેમ ઉંચો, તેમ ધર્મથી વંચિત રહેલો અત્યંત ભૂંડો.

* જગત જે લ્હાવા લઇ રહ્યું છે, તેના બદલામાં આત્મામાંથી ભવિષ્યમાં લાવા ( અગ્નિ સમાન ) નિકળવાનો છે તેનો તેને ખ્યાલ છે?

* દુર્જનની દૃષ્ટીએ જે ઘેલા તે સજ્જન.

* સંસારની કારવાઈ એટલે પૂણ્યને સફાચટ કરવાની કારવાઇ અને ધર્મની કારવાઇ એટલે પુણ્યને ખરીદવાની કારવાઈ.

* હે માનવ! તને સુંદર કાયા મળી છે. તેના વડે અમરપદની પ્રાપ્તિ કર. આ જીંદગી સંધ્યાના રંગ જેવી ચંચળ છે. આશાઓ ફેરા સમાન છે. જો આશા ખરી સેવવી હોયતો મોક્ષની સેવા માટે મોક્ષની સાધના કર.

## ચોરીનું પરિણામ

બાળકોમાં ચોરીની અસર ભવિષ્યમાં બહુ જ દુઃખદાયક થઇ પડે છે, આવી ખરાબ કુટેવો પાડવામાં મુખ્યત્વે મા-બાપનો વાંક હોય છે, નિર્દોષ બાળકને જ્યારે ચોરી શું વસ્તુ છે, તેનો ખ્યાલ સરખો પણ હોતો નથી, ત્યારે બાળકોને કેવી રીતે ઉછેરવા અને ભવિષ્યના સાચા નાગરિક કેવી રીતે બનાવવા એ કેળવણી આપવાના સંસ્કાર બીનસંસ્કારી મા-બાપોમાં હોતા નથી. આથી એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે, બાળક ભવિષ્યમાં રખડુ, ચોર વિગેરે તિરસ્કૃત ઉપનામોથી હડધૂત થાય છે.

નિર્દોષ બાળકોમાં ચોરીનું બીજ કેવી રીતે રોપાય છે? બાલક બાળપણથી કાંઈ ચોર હોતો નથી, પણ ખોટી ધાકધમકીથી અને રહેણી-કરણીથી તેનામાં ચોરીના બીજ રોપાય છે. ખાસ કરીને નાનાં બાળકોને સારી સારી વસ્તુ ખાવાની ઇચ્છા થાય છે. તે ઉપરાંત સારાં સારાં રમકડાંથી રમવાની ઇચ્છાને તે રોકી શકતો નથી. પોતાના ઘરની આજુબાજુનાં બાળકો કોઇ સારી ચીજ ખાતાં હોય, અથવા કોઇ સારાં રમકડાંથી રમતાં હોય તો તે બાળકને પણ તે વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે, એ વસ્તુ મેળવવાની ઇચ્છાને ન રોકી શકતો બાળક ઘેર આવી પોતાનાં મા-બાપ પાસે તે વસ્તુ મેળવવાની ઇચ્છા વ્યક્ત કરે છે, પણ મા-બાપ તેની ઇચ્છા ન ગણકારતાં તેને ધૂત્કારી કાઢે છે. આથી બાળક નિરાશ બની જાય છે. તેની ઇચ્છા તૃપ્ત ન કરી શકનાર મા-બાપ પ્રત્યે તેના દિલમાં કંઇક અભાવ અને વિમુખતા ઉત્પન્ન થાય છે.

બાળકને ખાવા-પીવાની અને સારાં વસ્ત્રો પહેરવાની ઇચ્છા જરૂર થાય છે. આ ઉપરાંત મા-બાપની જોઇતી વસ્તુ આપવામાં ઉદાસીનતા જોઈને બાળક ખરાબ બાળકોની ખરાબ સંગતમાં ચડી જાય છે. અને ખરાબ રખડું છોકરાઓની સંગતથી તેના પર પણ ખરાબ અસર થાય છે. ઘેરથી સારી વસ્તુની ઇચ્છા મા-બાપ પૂરી ન કરતાં હોવાથી સારી વસ્તુ મેળવવાની ઇચ્છાવાળો બાળક ગમે તે રસ્તે તે વસ્તુ મેળવવા ઉત્સુક બને છે. ખરાબ મિત્રોના કહેવાથી લાગ મળતાં પિતાના ગજવામાં હાથ નાંખવાનું ચૂકતો નથી. જ્યારે પિતાને પૈસા ગુમ થયાની ખબર પડે છે, ત્યારે બાળકને તે બાબત પૂછતાં મારના ડરથી તે બાબતનો ઇન્કાર કરે છે. આવી રીતે ચોરી ઉપરાંત જુઠાણાનો આરંભ થાય છે, ચોરેલા પૈસા બાળક પાસે રહેતા નથી, તે મિત્રોમાં વાપરી પોતાની ઇચ્છા તૃપ્ત કરે છે. આ રીતે એક દૂષણમાંથી અનેક દૂષણો પેદા થાય છે, અને બાળકના ઉગતા જીવનને કરમાવી નાખે છે. જ્યારે મા-બાપને ખબર પડે છે કે, બાળક જ ચોરી કરે છે, ત્યારે બાળકને ચોરી ન કરવા માટે સમજાવવાને બદલે તેમજ શાંતિથી શિખામણ આપવાને બદલે તેને ક્રોધથી મારે છે, તેમજ તેને બદનામ કરે છે. જે બાળક અત્યારસુધી ડરતાં ડરતાં ચોરી કરતો હોય છે, તે એવી રીતે બદનામીથી ઘણી વખત હાથથી જાય છે.

અને વખત જતાં તે અઠંગ ઉઠાઉગીર બને છે. આ ઉપરાંત બાળકની સ્કુલમાં તેમજ સમાજમાં ખરાબ છાપ પડે છે, અને તેનો કોઇપણ વિશ્વાસ કરતું નથી.

"છીંડે આવ્યો ચોર" એ કહેવત ભવિષ્યમાં પણ આ બાળકની હાજરીમાં કાંઇપણ વસ્તુ ગુમ થઇ હોય તો તે ચોરીનો ટોપલો આજ બાળકપર આવે છે, અને તે સાચો હોવા છતાં ચોર અને જુઠ્ઠો માની તેને લોકો મારે છે. આ બાળક જ્યારે મોટો થાય છે, ત્યારે પણ તેનો લોકો વિશ્વાસ કરતા નથી. આવી રીતે તેની અપકીર્તિ થવાથી સમાજમાં તેની કાંઇ આબરૂ હોતી નથી અને તે સમાજ પ્રત્યે વૈરવૃત્તિવાળો બને છે, અને એ રીતે એક ઉગતા બાળકનું આશાભર્યું જીવન એની સુવાસ પ્રસરાવે તે પહેલાંજ યોગ્ય ભૂમિકાના અભાવે લુપ્ત થાય છે.

આના કરતાં માબાપો બાળકોને સારા સંસ્કારો વડે ઉપદેશો આપી બાળકને યોગ્ય રીતે સંતોષી

તેની ઇચ્છા તૃપ્ત કરી પોતાના હાથ નીચે તેની સારી તાલીમ આપે તો પોતાના તે બાળકનું જીવન સુધારી તેઓ તેને ભવિષ્યનો સાચો નાગરિક બનાવી શકે.

કીર્તિકુમાર ઝવેરી–મુંબઇ.

## તમે જાણો છો ?

| | | | |
|---|---|---|---|
| ૧ | દુનિયામાં સૌથી વધુ | | ચા આસામમાં પાકે છે. |
| ૨ | ,, | ,, | ઘઉં રશિયામાં પાકે છે. |
| ૩ | ,, | ,, | ચોખા ચીનમાં પાકે છે. |
| ૪ | ,, | ,, | ખાંડ કયુબામાં પાકે છે. |
| ૫ | ,, | ,, | કૉફી બ્રાઝીલમાં પાકે છે. |
| ૬ | ,, | ,, | મકાઈ અમેરિકામાં પાકે છે. |
| ૭ | ,, | ,, | અબરખ હિંદુસ્તાનમાં નીકળે છે. |
| ૮ | ,, | ,, | કોલસા પશ્ચિમ–યુરોપમાં નીકળે છે. |
| ૯ | ,, | ,, | લોઢું અમેરિકા ( યુ. એસ. એ. ) માં નીકળે છે. |
| ૧૦ | ,, | ,, | સોનું ટ્રાન્સવાલમાં નીકળે છે. |
| ૧૧ | ,, | ,, | યુરેનિયમ આફ્રિકામાં નીકળે છે. |
| ૧૨ | ,, | ,, | મેંગેનીઝ હિંદુસ્તાનમાં નીકળે છે. |
| ૧૩ | ,, | ,, | પ્લેટીનમ રશિયામાં નીકળે છે. |
| ૧૪ | ,, | ,, | રૂપું મેક્સિકોમાં નીકળે છે. |
| ૧૫ | ,, | ,, | નીકલ કેનેડામાં નીકળે છે. |
| ૧૬ | ,, | ,, | જસત અમેરિકામાં નીકળે છે. |
| ૧૭ | ,, | ,, | તાંબુ અમેરિકામાં નીકળે છે. |
| ૧૮ | ,, | ,, | હીરા કિંબર્લીમાં નીકળે છે. |
| ૧૯ | ,, | ,, | રૂ અમેરિકામાં થાય છે. |
| ૨૦ | ,, | ,, | કોપરાં ફિલિપાઇન્સમાં થાય છે. |
| ૨૧ | ,, | ,, | રેશમ ચીનમાં થાય છે. |
| ૨૨ | ,, | ,, | ઊન ઓસ્ટ્રેલિયામાં થાય છે. |
| ૨૩ | ,, | ,, | શણ બંગાળ તથા આસામમાં થાય છે. |
| ૨૪ | ,, | ,, | રબર મલાયામાં થાય છે. |

- લાવાશર નામના વૈજ્ઞાનિકે પ્રથમ પ્રાણવાયુ–(Oxygen) ની શોધ કરી હતી.
- એમોનીઆની શોધ સૌથી પહેલી ઇજીપ્તમાં ઉંટની લાદમાંથી કરવામાં આવી હતી.
- અત્યારે છાણમાં, લાદમાં, જાજરૂમાં, ઘોડાના તબેલાંથી એમોનીયા મેળવી શકાય છે.
- જાજરૂમાં ગંધાતી વાસ આવે છે, તે 'હાઇડ્રોજન સલ્ફાઇડ' છે.
- ઈ. સ. ૧૮૦૭ પછી પાણીને સંયુકત પદાર્થ તરીકે લેખ્યું. સિદ્ધ કરનાર સર હંફ્રી ડેવી હતા.
- પારાને તપાવવાથી તેનો રંગ લાલ થાય છે.
- આજે જેને પરમાણુ કહેવાય છે, તે પણ ભાજ્ય છે, તેની છેલ્લી શોધ કરનાર 'એકસરે'.
- એક હાઇડ્રોજન હવા કરતાં ૧/૧૪ ગણો હલકો છે.
- એક રતલ રૂ માંથી ૨૧૦૩ માઈલ લાંબો તાર નીકળી શકે છે.
- મચ્છર વધુમાં વધુ છ અઠવાડિયા સુધી ખોરાક વગર ચલાવી શકે છે.

—શ્રી કિશોરકાંત ગાંધી.

## અજ્ઞાનતા.

જુના વખતની વાત છે, ગિરનાર પર્વત ઉપર તે સમયે યોગી, બાવા, તાપસો વગેરે સારી સંખ્યામાં રહેતા હતા. એક વખત કોઇ બીજે ઠેકાણેથી એક યોગી ફરતા–ફરતા ગિરનાર ઉપર આવ્યા. યોગીઓને તો જ્યાં રહે ત્યાં ઘર. આ વાતને ૧–૨ વર્ષ વીતી ગયા, હવે યોગી અવસ્થાવાન થયા, તેથી તેમને થયું કે, હવે અવસ્થામાં કોઇ ચાકરી કરે તેવો ચેલો મળે તો ઠીક. 'કાગને બેસવું ને ડાળને પડવું' એ કહેવતના અનુસાર યોગીને એક ચેલો મળી ગયો. ચેલો યોગીની સેવા કરે છે, અને લહેર કરે છે. એવામાં યોગીની વંશપરંપરા વધવા માંડી અને યોગીની પાસે એક બીજો ચેલો આવ્યો. હવે તો એકના બદલે બે થયા એટલે યોગીને તો એમ થયું કે, 'હવે હું સુખી થઇશ.' પણ ભવિતવ્યતાનાં નિર્માણ જુદાં હોય છે, થોડા દિવસો તો સુખમાં ગયા. પણ

હવે આ બંન્ને ચેલાઓ જ્યારે યોગીના પગ દાબવા બેસતા, ત્યારે બંન્ને એક જ પગ પકડતા, અને પરસ્પર ઝઘડતા. યોગી ઘણું સમજાવે, પણ કોઇ ન માને અને છેવટે યોગીએ એકને જમણો અને બીજાને ડાબો એમ પગના ભાગ પાડી દીધા, અને સૌને પોત-પોતાના એટલે કે જેને જે ભાગનો પગ આવ્યો હોય તે જ દાબવાનું કહ્યું. એટલે હવે ઝગડો થતો ન હતો, પણ એક વખત બપોરના યોગી આરામમાં સૂતા છે. એવામાં યોગીનો ડાબો પગ જમણા પગ ઉપર ચડી ગયો, અને યોગી આંટી ચડાવીને સૂતા. એવામાં જમણા પગવાળો શિષ્ય કાંઇક કામ માટે નીકળ્યો, અને એણે આ જોયું. તે તો ક્રોધથી રાતો-પીળો થઇ ગયો, અને મનમાં વિચાર કરીને સામેથી કપડા ધોવાનો ધોકો પડયો હતો તે ઉપાડયો, અને યોગીના ડાબા પગ ઉપર એક એવો સખ્ત ધોકાનો ઘા કર્યો કે યોગીના હાડકાં જુદા. યોગી તો બે-બાકળા બની જાગી ગયા, અને બૂમ બરાડા પાડવા લાગ્યા. આ સાંભળી ડાબા પગવાળો ચેલો એકદમ આવ્યો અને પોતાના ભાગમાં આવેલા ડાબા પગની હાલત જોઇને એવો તો દાઝે ભરાણો કે લોખંડી કોશ લાવીને જમણા પગ ઉપર યોગીને મારી એટલે યોગીને તો દાઝયા ઉપર ડામ જેવું થયું. યોગી તો સાવ અપંગ થઇ ગયા. અને છેવટની જીંદગી મહામુશીબતે પસાર કરી. ખરેખર અજ્ઞાન અને વિવેકહીનપણે કરાતું કાર્ય કેટ-કેટલું વિપરીત પરિણામ આણે છે, આ હકીકતનો સાર દરેક સુજ્ઞ માનવે સહમજવા જેવો છે.

શ્રી નવીનચંદ્ર રતિલાલ વઢવાણસીટી.

## મારૂં રાજ્ય મારી પાસે છે.

આજની જનેતા પોતાના બાળકને જ્યારે સુવડાવે છે, ત્યારે હાલરડાં એવા ગાય છે કે, જલદીથી પોતાના બાળકને ગૃહસ્થમાં જોડી દેવાની ભાવનાઓ તેમાં રહેલી હોય છે, પરંતુ સતી મદાલસાને યાદ કરો. સતી મદાલસાએ હાલરડા વડે પોતાનાં બાળકોમાં ત્યાગ, વૈરાગ અને વીરતાના ભાવ ઉત્પન્ન કર્યા હતા. આ રીતે તેણે એક નહીં પરંતુ સાત સાત પુત્રોના જીવન ત્યાગમય બનાવી દીધા હતા. સાતે પુત્રો મોટા થયા ત્યારે સાધુજીવન જીવવા લાગ્યા, અને ત્યાગી મહાત્મા બની ગયા. રાણીને જ્યારે આઠમો પુત્ર જન્મ્યો, ત્યારે રાજાએ વિચાર્યું કે 'આ પણ ત્યાગી બની જશે' તેથી તેને આયાને સોંપ્યો આ પુત્ર બધા પુત્રોની જેમ ત્યાગી તો ન બન્યો પણ માતાના સંસ્કારોની અસર તો તેના પર થઇ. રાણી મદાલસાએ પોતાનાં મરણ વખતે પોતાના નાના પુત્રને બોલાવ્યો. તેનાં હાથમાં એક કાગળ મૂકયો અને કહ્યું, આ કાગળ સાચવીને રાખજે અને સંકટ સમયે તે ખોલીને વાંચજે, આ કાગળ તને તે વખતે શાંતિદાતા બનશે. તે રાજકુમારે તે કાગળને રાખ્યો. અને કેટલાક વર્ષો બાદ તેનો પિતા રાજા મરણ પામ્યો. એટલે તે રાજા બન્યો. એક દિવસ એક માણસે આવીને તેને કહ્યું 'મહારાજ! તમારા સાતે ભાઇઓ તમારૂં રાજ્ય છીનવી લેવા આવ્યા છે. તેથી તમે રાજ્ય સોંપો, કાં તો લડાઇની તૈયારી કરો' આ સાંભળી રાજા વિચારમાં પડયો. સાતે ભાઇઓ પોતાના નાનાભાઇની પરીક્ષા કરવા માટે ઇચ્છતા હતા. તેથી જ એક માણસ મોકલી તેમણે આમ સંદેશો કહેવડાવ્યો હતો. રાજા વિચારોમાં મગ્ન થયો. તરતજ માએ આપેલો કાગળ યાદ આવ્યો અને વાંચ્યો. તેમાં લખ્યું હતું '
જે રાજ્યનો તું માલિક છે, તે નાશવંત છે. તારો આત્મા અવિનશ્વર છે. તું યાદ રાખજે કે, આ રાજ્ય તારૂં નથી. તું જે રાજ્યનો માલિક છે તે રાજ્ય તો આથી અનેકગણું વિશાલ છે. આવો બોધક પત્ર વાંચીને રાજાએ તે માણસને કહ્યું. 'ભાઇ તું મારા ભાઇઓને કહેજે કે, આ રાજ્ય તેઓ ખુશીથી સંભાળે. આ રાજ્ય મારૂં થોડું જ છે? મારૂં રાજ્ય તો મારી પાસે છે અને તે કોઇ પડાવી લે તેમ નથી.' રાજાનો સંદેશો ભાઇઓ આગળ પહોંચ્યો ત્યારે તેમને ખાત્રી થઈ કે, તેનું જીવન પણ ત્યાગી તથા સંસ્કારી છે. ભાઇઓ તો નાનપણથી સંસારથી વિરક્ત થયા હતા. તેથી તેમને રાજ્યની પડી ન હતી. તેમણે તો નાનાભાઇની પરીક્ષા લેવાજ સંદેશો મોકલાવ્યો હતો. પરંતુ આ સંદેશાએ રાજાનાં જીવનમાં ક્રાંતિકારી પલટો આણ્યો. આથી સમજી શકાશે કે સંસ્કારશીલ માતા મદાલસાએ જ પોતાના પુત્રમાં સારા સંસ્કારો રેડયા હતા. આજની માતાઓ પણ સંસ્કારિત હોય તો તેઓ સારાયે સમાજને સુધારી શકે છે. ખરેખર આજની જનેતાઓએ સ્વયં સુશીલ સંસ્કારી બની, બાળકોમાં સારા સંસ્કારો રેડવા જોઇએ.

શ્રી રસિકબાળા લાલજી શાહ મુંબઇ.

## સ્વચ્છંદી ન બનો !.........મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ.

ઉજ્જૈની નામની નગરીમાં વસુમતિ નામનો ગૃહપતિ વસતો હતો. તેને ધનશ્રી નામની પત્નિ છે. ધનવસુ નામનો પુત્ર અને વસુદત્તા નામની પુત્રી છે. કૌશામ્બી નગરીમાં વસતા ધનદેવ નામના સાર્થવાહ સાથે પોતાની દીકરી વસુદત્તાનું લગ્ન કર્યું. વસુદત્તા સુખપૂર્વક દિવસો નિર્ગમન કરે છે. ધનદેવને બે પુત્રો થયા, અને ત્રીજી વખતે આસન્નપ્રસવા છે. તે વખતે ધનદેવ કોઇ કારણ પ્રસંગે બહારગામ ગયેલ છે.

વસુદત્તાના સાંભળવામાં આવ્યું કે, કોઇ એક સાર્થ ઉજ્જૈન જઇ રહ્યો છે, આથી વસુદત્તાને પોતાના માત-પિતાને મળવાની ઘણી ઉત્કંઠા થઇ. તેથી જવાની ઇચ્છાવાળી વસુદત્તાએ સાસુ તથા સસરાની રજા માગી કે, 'હું ઉજ્જૈન જાઉં ?' ત્યારે સાસુ-સસરાએ કહ્યું કે, એકલી કેવી રીતે જઇશ ? ધનદેવ પરદેશ છે, માટે ધનદેવ આવે ત્યાં-સુધી રાહ જો.' આવી સીધી વાત પણ વસુદત્તાએ માની નહિ. અને કહ્યું કે, હું તો ઉજ્જૈન જઇશ. એટલે સાસુ-સસરા મૌન રહ્યા. કારણ કે, પોતે ધન અને કુટુંબથી ક્ષીણ થઇ ગયેલા હતા.

મંદભાગ્યવાળી વસુદત્તા સાસુ-સસરાની રજા વિના પોતાની સ્વચ્છંદતાથી ઉજ્જૈની જવા માટે નીકળી. જૂએ છે તો જે સાર્થ ઉજ્જૈન જવાનો છે, તે ઘણો દૂર નીકળી ગયો છે, તો પણ વસુદત્તા પાછળ જવા લાગી. જતા-જતા માર્ગથી ભ્રષ્ટ થઇ ગઈ, અને બીજા માર્ગે ચઢી ગઇ.

ધનદેવ તેજ દિવસે પરદેશથી ઘેર આવ્યો. અને પૂછ્યું કે, 'વસુદત્તા કયાં છે ?' માત-પિતાએ સર્વ હકીકત યથાસ્થિત કહી. એ સાંભળી ધનદેવ કહેવા લાગ્યો કે, અહો અકાર્ય થયું. કેમકે પ્રસવકાળ નજીક આવેલો છે, રસ્તામાં પ્રસવ થશે તો તેની સંભાળ કોણ કરશે? આથી સ્ત્રી અને પુત્રના પ્રેમને લીધે વસુદત્તાને શોધવા તેની પાછળ-પાછળ ચાલ્યો. જતાં-જતાં ઘણે દૂર એક અટવીની અંદર વસુદત્તા ભેગી થઇ. આગળ ચાલતાં સૂર્ય અસ્ત થયો. ત્યારે એક ઝાડ નીચે રહ્યા.

એ વખતે વસુદત્તાને પેટમાં દુઃખવા આવ્યું, અને વેદના થવા લાગી. એટલે ધનદેવે ત્યાં આગળ એક વૃક્ષની શાખા, પાંદડા આદિથી એક ઝુંપડી બનાવી. ત્યાં વસુદત્તાએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો. કાળી અંધારી રાત્રીએ રૂધિરની ગંધથી મૃગના માંસનો આહાર કરનારો, બીજા પ્રાણીઓને ત્રાસ પમાડનારો એક ભયંકર વાઘ ત્યાં આવ્યો અને ધનદેવને ગળેથી પકડી લઈ ગયો.

વસુદત્તા પતિના વિયોગથી દુઃખ અને ભયથી કરૂણ વિલાપ કરવા લાગી. સંતપ્ત હૃદયવાળી રોતી વિચાર કરવા લાગી. આ બાળક જ અભવ્ય છે. કેમ કે, જેમા જન્મમાત્રથી પિતાનો નાશ થયો. આમ વિલાપ કરતા વસુદત્તા બેભાન થઈ ગઇ. બે બાળકો પણ ભયથી કંપતા બેભાન થઈ ગયા. જન્મ પામેલો બાળક સ્તનપાન નહિ મળવાથી તેજ દિવસે મરણ પામ્યો. લાંબાકાળે પવનના શીતળ વાયરાથી વસુદત્તા શુદ્ધિમાં આવી. પછી પણ અનેક પ્રકારનો વિલાપ કરવા લાગી. છેવટે બે પુત્રને લઇને શોકાતુર હૃદયવાળી આગળ ચાલવા લાગી.

આ બાજુ અકાલે વરસાદ થવાથી, રસ્તાની નદીમાં ભારે પુર આવેલું હતું. તે જોઇને વસુદત્તાએ વિચાર્યું કે, એક પુત્રને સામે મૂકીને

બીજા પુત્રને લઇ જાઉં. એટલામાં વિષમ પત્થર ઉપર રહેલી વસુદત્તાનો પગ ખસવાથી પડી ગઇ, પોતાનો એક બાળક હાથમાંથી પડી ગયો પોતે પણ પાણીમાં ડુબવા લાગી આ જોઈ બીજો પુત્ર પોતાની માતાની પાછળ નદીમાં પડયો.

વસુદત્તા પ્રચંડ વેગથી વહેતી નદીમાં દૂર તણાવા લાગી. તણાતી તણાતી વચમાં રહેલા એક ઝાડની શાખા પકડીને લટકી પડી. જ્યારે સ્વસ્થ થઇ ત્યારે નદીના કિનારે કિનારે જવા લાગી. ત્યાં વનમાં રહેતા ચોરોએ આ રૂપાળી વસુદત્તાને પકડી લીધી અને સિંહગુફા નામની પલ્લીમાં લઈ જઇ પોતાના સેનાપતિને આપી કાલદંડ નામના સેનાપતિએ રૂપાળી વસુદત્તાને પોતાની સ્ત્રી બનાવી. ત્યાં રહેતી તે તેની મુખ્ય સ્ત્રી થઇ બીજી સ્ત્રીઓ વસુદત્તા ઉપર ઇર્ષ્યા કરવા લાગી. ખરેખર જગતમાં વિષયો એવા છે કે, પ્રાણીઓને અનેક રીતે મૂંઝવે છે અને ઘોર પાપ કર્મો બંધાવી અધોગતિમાં ધકેલી દે છે. બીજી સ્ત્રીઓ વસુદત્તાને દુર કરવાનો ઉપાય શોધવા લાગી.

કેટલાક કાળે વસુદત્તાને પુત્ર થયો. ત્યારે બીજી સ્ત્રીઓ કાલદંડ પાસે આવી કહેવા લાગી કે, 'હે સ્વામિન્! તમે આ વસુદત્તાનું ચરિત્ર જાણતા નથી. આ તો પરપુરૂષની સાથે રમનારી છે, અને આ પુત્ર પણ બીજાથી થયેલો છે. જો ખાત્રી ન થતી હોય તો તમારૂં મુખ અને પુ નું મુખ જૂઓ. એટલે ખાત્રી થશે.'

આવા પ્રકારના વચનો સાંભળી કાળદંડે તરત પોતાની તરવાર કાઢી, તેમાં પોતાનું મુખ જોયું, અને ત્યારબાદ પુત્રને જોયો. બન્નેની મુખાકૃતિ ભિન્ન જોઇ. અપરીક્ષિત બુદ્ધિવાળા કાલદંડે તે પુત્રને તરવારથી મારી નાંખ્યો, અને ક્રોધમાં આવેલા તેણે વસુદત્તાનું માથું મુંડાવી, હાથ-પગ બાંધી, ચોરોને હુકમ કર્યો કે, આ દુષ્ટા વસુદત્તાને દૂર જંગલમાં લઇ જઈ, કાંટાની વાડ કરી, ઝાડે લટકાવી દો. ચોરોએ કાલદંડના કહેવા મુજબ કાંટાની વાડ કરી ઝાડ ઉપર લટકાવી. આજુબાજુ ખૂબ કાંટા પાથરી દીધા. પૂર્વભવમાં કરેલા કર્મના દુઃખને અનુભવતી, રાંકડી, અશરણ, અનાથ, એવી તે ત્યાં રહેલી છે.

આ તરફ કોઇ એક સાર્થ તે જંગલમાં થઇને ઉજ્જૈની જતા ત્યાં મુકામ કર્યો. સાર્થના માણસો લાકડા આદિ વીણવા ત્યાં આવ્યા. આવી અવસ્થામાં રહેલી સ્ત્રીને જોઇ. એટલે તેઓને દયા આવવાથી બંધનમાંથી મુકત કરી સાર્થવાહ પાસે લઇ ગયા. સાર્થવાહે બધી હકીકત જાણી દિલાસો આપી, ભોજન વિગેરે કરાવી વસ્ત્રાદિ આપ્યા. ત્યારબાદ વસુદત્તાને કહેવા લાગ્યા કે, હે પુત્રી! તું જરા પણ બીક રાખીશ નહિ, અમે તને ઉજ્જૈન લઈ જઇશું.

તે સાર્થમાં ઘણી શિષ્યાઓથી પરિવરેલી સુવ્રતા નામની સાધ્વી જીવંતસ્વામિના દર્શન કરીને જઇ રહેલી છે. તેમની પાસે વસુદત્તાએ ધર્મ સાંભળી વૈરાગ્ય પામી સાર્થવાહની રજા લઇને દીક્ષા ગ્રહણ કરી.

અનુક્રમે ઉજ્જૈનીમાં આવ્યા, અને પોતાના સંસારી માતા પિતા બંધવ આદિની આગળ પોતાનું વૃતાન્ત કહી સંભળાવ્યું, પોતે વધતા સંવેગથી સ્વાધ્યાય તપ વગેરે કરવા લાગી. અંતે સદ્ગતિની ભાગીદાર થઇ.

વસુદત્તા પોતે સ્વચ્છંદપણે ચાલવાથી અનેક દુઃખોને પામી. માટે આવા દુઃખોથી બચવામાટે ગુરૂ આદિ વડીલોની આજ્ઞા પ્રમાણે ચાલીને અનુક્રમે મોક્ષસુખના ભોકતા બનવું જોઇએ.

# જીવનના ઉત્થાનને કાજે.

શ્રી મફતલાલ સંઘવી.

વિજ્ઞાન ભલે સર્જે સર્વ સંહારનાં ભયાનક શસ્ત્રો! કુદરત તેનો જ સામનો કરી શકે તેવા અહિંસક નરવીરોને જન્માવશે અને દાનવતાના ખપ્પરમાં હોમાતી માનવતાને ઉગારી લેશે.

આપણને સહુને લાગે છે કે, યુરોપ–અમેરિકાની પ્રજા ખૂબજ ઝડપભેર પ્રગતિ કરી રહી છે અને એશિયાખંડ ખૂબજ પછાતદશામાં છે. યુરોપ અમેરિકાની પ્રજાએ ભલે ગમે તેટલી પ્રગતિ સાધી હોય છતાં તેને પણ આપણી માફક જીવવા માટે હવા, પાણી ને ખોરાક લેવો જ પડે છે. તેમજ ટાઢ–તાપ ને વર્ષાથી બચવા માટે વસ્ત્રો અને મકાન પણ જોઇએ છે. તો શું ભૌતિકક્ષેત્રે તેણે સાધેલી પ્રગતિને આપણે પ્રગતિ સમજવી? નાશવંત પદાર્થોને અવનવા રૂપ–રંગ ને આકાર આપનારી પ્રજાને હું પ્રગતિવાદી તરીકે ન જ ઓળખું. શરીરના માળખાને તે હોય તેના કરતાં વધુ સુંદર, આકર્ષક બનાવવાનું શિક્ષણ યુરોપ–અમેરિકામાં જ અટકે તેમાં જ આપણું શ્રેયસ્ છે.

સર્વકલ્યાણની ભાવનાવિહોણી સંસ્કૃતિનાં ધાવણ ધાવીને ઉછરતી પ્રજા ભવિષ્યમાં માનવકુલની શાશ્વત આબાદીમાં કેટલો ફાળો નોંધાવી શકે? પાશવી બળોના સહારે જગતને જીતવું તે સહેલું હશે પરંતુ તેમાં વસતી પ્રજાઓ ઉપર શાસન ચલાવવું તે દુષ્કર છે, પાશવી બળ જડને જીતી શકે, 'નિર્માલ્યને સંહરી શકે, ક્ષુદ્રને હણી શકે પરંતુ ચેતનવંતી પ્રજાના ગૌરવવંતા જીવનને તે હાથ પણ ન અડકાવી શકે. જડનો ચેતન ઉપર વિજય ઇતિહાસમાં ક્યાંય નોંધાયો જાણ્યો નથી. હા, એટલું જરૂર કે ભૌતિક સંસ્કૃતિનો એકાંતિક ઝડપી વિકાસ, આધ્યાત્મિક સંસ્કૃતિના ગૌરવને ઘડીભરને માટે ઝાંખું પાડવામાં સફળ બને; પરંતુ પરિણામે જીત તો આધ્યાત્મિક સંસ્કૃતિની જ થાય.

જીવનના સર્વતોમુખી વિકાસની જે વ્યવસ્થા આધ્યાત્મિક સંસ્કૃતિમાં હોય છે, તે ભૌતિક સંસ્કૃતિમાં નથી હોતી. એટલે ભૌતિક સંસ્કૃતિને પૂજતી પ્રજાઓ છેવટે આધ્યાત્મિક સંસ્કૃતિને જ શરણે આવે છે, પરંતુ ભૌતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિનો જે પ્રજા સુસમન્વય સાધી શકે છે તે ઇતિહાસમાં અમર બની જાય છે.

સંસ્કૃતિઓની ચડતી–પડતીમાં પ્રજાઓના ઉત્થાન–પતનનો ઇતિહાસ જ વંચાય છે. જ્યારે જે દેશની પ્રજા સારી કે માઠી પણ એક જ સંસ્કૃતિની એકાંતિક ઉપાસના પાછળ ઘેલી બને છે, ત્યારે તે સમતુલા ગૂમાવી બેસે છે. અને ભૌતિક અને આધ્યાત્મિક બળોના યથાર્થ મૂલ્યાંકનની તેની દૃષ્ટિ લુપ્ત થઇ જાય છે. યુરોપ–અમેરીકાની પ્રજાઓ આજે જેમ આધ્યાત્મિક બળોનું યથાર્થ મૂલ્ય આંક્યા સિવાય આંધળી રીતે ભૌતિક સંસ્કૃતિના વિકાસ પાછળ ઘેલી બની છે, તેમ એક સમયે ભારતીય પ્રજાઓ પણ આધ્યાત્મિક સંસ્કૃતિની એકાંતિક ઉપાસનામાં એટલી હદે વિવેકભ્રષ્ટ થઇ ગઇ હતી કે, સંસારત્યાગમાં જ તેને 'કલ્યાણ'નું સનાતન સંગીત સંભળાતું હતું. પરંતુ તે એકાંતિક જીવનદૃષ્ટિને કારણે વ્યવસ્થા છિન્ન-ભિન્ન થતાં જ દેશભરમાં અવ્યવસ્થા ફેલાણી હતી.

જે ભૌતિકબળો માનવજીવનના વિકાસક્રમમાં યોગ્ય ફાળા નોંધાવી શકતાં હોય અને સમાજમાં દૂષણોનો કચરો એકઠો ન કરતાં હોય તેનો ઉપયોગ કરવો તે ડહાપણનું કામ ગણાય; પરંતુ કેવળ ઇન્દ્રિયોને એશ પહોંચાડનારાં બળોથી દૂર રહેવામાં પણ એટલા જ ડહાપણની જરૂર છે.

સાંસ્કૃતિક દૃષ્ટિએ આજની ભારતીય પ્રજાઓ કંઇક અંશે સજાગ બની છે ખરી. પરંતુ હજી તે સંસ્કૃતિના કાંચન અને કથીરને ઓળખી શકે તેટલી હદે સજાગ નથી જ બની. નહિતર ભૌતિકબળોના ઉપાસકોનું જે બહુમાન કરવાને તે ઉત્સુક બની જાય છે, તે કદી ન બનવા પામે. તેમજ બહુ મોટી વસ્તીવાળા આ દેશમાં યંત્રો તો કે ધોધમાર પ્રવાહ સાગર

વાટે આ દેશમાં ઠલવાય રહ્યો છે તે પણ ન બનવા પામે.

માનવશરીર અને મનને જ્યારે પૂરતું કામ નથી મળતું ત્યારે કામ-કાજે સર્જાયેલું તે શરીર અને મન નબળા વિચારોને જ આધીન થવા માંડે છે.

ભૌતિક સંસ્કૃતિ પણ જો જીવનનો અંતિમ હેતુ સાધવામાં સહાયભૂત ન બની શકતી હોય તો તેનો ત્યાગ કરી દેવામાં જ માનવજાતનું ભલું છે. કેવળ ઐહિક સુખ-સગવડો પૂરી પાડનારા બળ તરીકે તેનું આજે થઇ રહ્યું છે તેવું બહુમાન કરવું તે પ્રજા-સમસ્તના આધ્યાત્મિક જીવનમાં લાંચ્છનરૂપ જ ગણાવું જોઇએ.

આઝાદી પછીના ભારતનું ચિત્ર પણ જોઇએ તેવા સુંદર, સાત્ત્વિક, આકર્ષક અને ચીરંજીવી રંગો ધારણ નથી કરી શક્યું, અને તેનું મૂળ કારણ રાષ્ટ્રના નાયકોની પ્રજાશરીરને સ્થાને યંત્રોને ગોઠવવાની થએલી ભૂલ છે એમ ઘણા માને છે.

જે મોટા પાયા ઉપર ભૌતિકસંસ્કૃતિએ આજે પ્રગતિ સાધી છે, તે જોતાં તેના તરફ માન જરૂર ઉપજે; પરંતુ તે પ્રગતિમાંથી વિનાશના જે ઝેરી રજકણો જન્મવા માંડ્યા છે, તે તરફ જોતાં તેની તે પ્રગતિને કયા નામે ઓળખવી તે પણ એક સવાલ છે?

જગત છે જવાંમર્દનું કર્મક્ષેત્ર. ત્યાં તે નિષ્કામભાવે ઝુઝે ને પરિણામે જીવનની શાશ્વત પ્રતિષ્ઠા સ્થાપતો જાય. વ્યક્તિગત સંબંધો, લાભ-હાનિ, જન્મ-મૃત્યુ, યશ-અપયશની તળે નિજ વ્યક્તિત્વને લુપ્ત થવા દીધા સિવાય જે જીવનની જ શાશ્વત પ્રતિષ્ઠા કાજે સંસારમાં છેલ્લે સુધી ઝઝૂમે તેવાં જવાંમર્દો જ આજના જગતને વિનાશની આંધીમાંથી ઉગારી શકશે.

જે જીવનવિનાશક બળો જગતમાં ચોમેર પથરાઇ રહ્યાં છે, તેનો સામનો કરી શકે તેવાં શક્તિશાળી સ્ત્રી-પુરૂષો આજે મોજુદ છે; પરંતુ તેઓમાંના ઘણા તે વિનાશકબળોમાં પણ સર્જનાત્મકબળોનાં દર્શન કરે છે એટલે જીવનની પાંગરવાની સાનુકૂળતા ઘણી દિશાએથી દૂર થતી જાય છે.

જે માનવશક્તિનો સર્વકલ્યાણના મંગલ-ધ્યેયની પૂર્તિ કાજે સદુપયોગ થવો જોઇએ, તેને બદલે તે જ શક્તિનો આજે ભૌતિક સિદ્ધિઓ હાંસલ કરવા માટે જગતના ડાહ્યા અને દૂરંદેશી ગણાતા માનવો ઉપયોગ કરી રહ્યા છે અને જનતા પણ તેમને પગલે ચાલી રહી છે.

એટલે આજે એક તરફ ઘણા ભૌતિકસંસ્કૃતિ-વિધાયક માનવો છે, અને બીજી તરફ થોડાક આધ્યાત્મિક સંસ્કૃતિ વિધાયક માનવો છે.

સહુને સર્વનાશમાંથી ઉગારવા હોય તો ભૌતિક-સંસ્કૃતિ ઉપર બહુજ જલ્દી આધ્યાત્મિક સંસ્કૃતિનું નિયંત્રણ સ્થાપી દેવું જોઈએ. એટલે કે તે સંસ્કૃતિનો જે આંધળો ઉપયોગ થઈ રહ્યો છે, તેને યોગ્ય પ્રકારના નીતિ-નિયમો વડે સંયમમાં લાવી શકાય.

તેવી જ રીતે જગતનું સુકાન પણ આધ્યાત્મિક પુરૂષોને હસ્તક સોંપાવું જોઇએ. શાસન ભલે રાજ-પુરૂષો ચલાવે, પરંતુ પ્રસંગોચિત દોરવણી માટે તે પુરૂષોની જ સલાહ માન્ય રાખવી જોઇએ.

**સળગતા સંસારને વેરાન થતો અટકાવવા માટે જીવનનાં અમૃત સિંચવાની જરૂર છે. જીવનનાં તે અમૃત સાત્ત્વિક જીવનકલા-માંથી જ જન્મે છે. સાત્ત્વિક જીવનકલાનો જન્મ ઉત્કૃષ્ટ પ્રકારના વાતાવરણ સિવાય ન જ સંભવી શકે.**

જે દેશમાં હિમાલય જેવો નગાધિરાજ અને ગંગા જેવી પવિત્ર સરિતા છે. તે દેશની પ્રજાના માનસમાં ઉત્કૃષ્ટ જીવનકળાના નિર્માણની ભાવના ન જાગે તો બીજા દેશ પાસેથી તેની આશા રાખવી તે નકામી જ ને?

અય ભારતવાસી! જડતાને ખંખેરી, ચેતનનો ઝરો વહાવ-કે જે તારા અંતરતલમાં નિશદિન વહી રહ્યો છે! સૂર્ય પાસેથી ઝીલી નિષ્કામ કર્મયોગનો મહાપયગામ સંસરના તિમિરને ધોવાં મેદાને પડ! સાગરને માઝા મૂકવી પડે પાપ ધોવા માનવજાતનાં તે પહેલાં તું જ સાગરહૃદયી બની માનવતાનો ઉદ્ધાર કર. નીતિનું શાસન સ્થાપ!

# કર્મ બંધનું રહસ્ય.

—: શિક્ષક ખુબચંદ કેશવલાલ શાહ :—

અનાદિ અભ્યાસને લીધે પુદ્‌ગલ સાથેનો સંબંધ આત્માને એવો જબરજસ્ત લાગેલો છે કે, એને છોડવાની અગત્યતા સમજાયા છતાં પણ આ જીવ તેનો સંબંધ છોડી શકતો નથી. છોડવાના પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે પણ થોડા ઘણો વિચાર કરી પાછો પ્રમાદી બની જાય છે અને હતો તે સ્થિતિમાં ગબડયા કરે છે. આ પુદ્‌ગલદ્રવ્ય અને આત્મદ્રવ્યનો સંબંધ વિચારવા યોગ્ય છે. એ બંન્નેનો સંબંધ કયારનો છે? શા માટે થયો છે? કેટલો વખત ચાલે તેટલો છે? કેવી રીતે છુટી શકે તેવો છે? વિગેરે ઘણા મહત્વના પ્રશ્નો આ સંબંધમાં ઉઠવા પ્રાસ્તાવિક છે. એ સવાલનો વિશેષ જવાબ તો દ્રવ્યાનુયોગના મોટા ગ્રંથોજ આપી શકે, પણ આપણે બહુ ટૂંકામાં તેનું સ્વરૂપ સમજવું હોય તો તે એટલું છે કે, આત્મિક પૌદ્‌ગલિક પરસ્પર સંબંધ સહજ નથી, આકસ્મિક છે. મૂળ સ્વરૂપનો નથી, અન્ય પદાર્થજન્ય છે. નિત્ય નથી, અનિત્ય છે. સ્વાભાવિક નથી, વિભાવિક છે. યોગ્ય ઉપાય કરવાથી પણ ન મટે એવા અસાધ્ય વ્યાધિ જેવો નથી, સુસાધ્ય છે.

વિભાવદશાને લીધે જ આત્મા પરભાવમાં મસ્ત રહે છે, અને ભૂલથી તેને સ્વભાવદશા સમજે છે. વસ્તુ–સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન ન હોવાને લીધે શુદ્ધ સ્વરૂપ આ જીવ કોને સમજે છે, અને વાસ્તવિક કયું છે? એનો ખ્યાલ આવતો નથી. આ સ્થિતિ દૂર કરવાના અનેક ઉપાયો છે. કર્મસ્વરૂપ અને પુદ્‌ગલત્વ સમજીને તે દૂર કરવાના ઉપાયોનું ચિંતવન અને વર્તન કરવાથી કર્મસંબંધ દૂર થાય છે. અને તે દૂર થતો જાય છે, તેમ તેમ શુદ્ધ સ્વરૂપ અનુભવમાં આવતું જાય છે. કર્મસ્વરૂપ સમજવા માટે પણ ઘણા ગ્રંથો અને ખાસ કરીને શ્રી કર્મગ્રંથ મનનપૂર્વક વાંચવા જોઇએ. અહિં આપણે "બંધ ચતુષ્ટય" અને તેનાં કારણો ઉપર વિચાર કરીએ.

૧ કર્મપ્રકૃતિ આત્મા સાથે બંધાય તેને "બંધ" કહે છે.

૨ તે જ્યારે સ્થિતિ પરિપક્વ થયે ભોગવાય ત્યારે તેને "ઉદય" કહે છે.

૩ પોતાનો નિર્મિતકાળ પ્રાપ્ત થયા પહેલાં તે કર્મપ્રકૃતિને ખેંચીને તેનો વિપાક ભોગવી લેવો, તેને "ઉદીરણા" કહે છે.

૪ અમુક પ્રકૃતિ બંધાયા પછી ઉદયમાં ન આવે ત્યાં સુધીની સ્થિતિને "સત્તા" કહે છે.

આ ચાર પૈકી "બંધ"નો વિષય બહુ અગત્યનો છે. કારણ કે, આત્મા અને કર્મનો સંબંધ થાય તેને જ "બંધ" કહેવામાં આવે છે, અને તેથી જ કહ્યું છે કેઃ–

"બંધ સમય ચિત્ત ચેતીયે રે,
ઉદયે સંતાપ સલુણે;
શોક વધે સંતાપથી રે,
શોક નરકની છાપ સલુણે."

આત્માએ કર્મનો બંધ કરતી વખતે ચિત્તથી ચેતવું જોઇએ. કારણ કે, ઉદય વખતે સંતાપ કરવાથી શું લાભ છે? સંતાપથી તો ઉલ્ટો શોક વધે છે, અને શોક તે નરકની છાપ તુલ્ય છે.

અશુભ કર્મના વિપાકોદય સમયે અજ્ઞાની આત્મા બહુ જ મૂંઝાઈ જાય છે, અને અનેક રીતે આર્ત–રૌદ્ર ધ્યાનમાં મગ્ન થઈ ઉલ્ટું ભવિષ્યકાળમાં તેવા અશુભ વિપાકોદયને પ્રાપ્ત કરાવનારાં અશુભગતિનાં કર્મ બાંધે છે. અને એ રીતે ઉદિત કર્મવર્ગણા ઓછી કરવાને બદલે નવી કર્મવર્ગણાનો બંધ આત્મા સાથે પરંપરાએ વધાર્યે જ જાય છે.

પરંતુ સમ્યગ્દષ્ટિ આત્મા તેવા અશુભ વિપાકોદય સમયે લેશમાત્ર ન મૂંઝાતા તે કર્મબંધનાં કારણો શું છે? તે વિચારે છે અને તેનું સ્વરૂપ બરાબર સમજી એના પ્રસંગો અલ્પ કરી ઘણા પ્રકારની અગવડો હંમેશને માટે ક્ષય કરી નાંખે છે, અને તેટલા માટેજ બંધ ચતુષ્ટય પૈકી "બંધ" નો વિષય પ્રથમ સમજવો જોઈએ.

આ કર્મબંધ વખતે કર્મની ચાર બાબતનો નિર્ણય થાય છે.

(૧) અમુક કર્મવર્ગણાઓ ગ્રહણ કરી તેની પ્રકૃતિ કેવી છે? એટલે તેનો સ્વભાવ કેવો છે? એટલે કે તે કર્મ ઉદયમાં આવવાના સમયે આત્માને સુખ–દુઃખ આપવામાં કેવો સ્વભાવ ધરાવશે તે નિર્ણિત થવું તેનું નામ 'પ્રકૃતિ બંધ' છે. પ્રકૃતિ (સ્વભાવ) ના હિસાબે કર્મની વર્ગણાને મુખ્ય આઠ વિભાગમાં દર્શાવી છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

આ સ્વભાવનું નિર્માણ કર્મબંધ સમયે જ થાય છે.

(૨) વળી તે કર્મવર્ગણાઓ કેટલો કાળ રહી, ક્યારે ઉદયમાં આવશે? અને ઉદયકાળ કેટલો રહેશે? તેનું નિર્માણ થવું, તે બીજો સ્થિતિબંધ કહેવાય છે.

ગ્રહણ અને ઉદયકાળ વખતે કર્મોની ચીકાશ અથવા ઘટ્ટપણું કેટલું છે? અથવા બીજી રીતે જોઈએ તો બંધ અને ઉદયકાળમાં તે કેટલાં ઘટ્ટ છે? અને સ્થૂળ છે? અને કેવી રીતે વિપાક આપનારાં છે? એ વિષેનું નિર્માણ થવું, તેને રસબંધ કહે છે. તે કર્મના પ્રદેશો કેટલી સંખ્યામાં છે? તેનું જે નિર્માણ તેને પ્રદેશબંધ કહેવામાં આવે છે.

આ પ્રમાણે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ પૈકી રસબંધનો નિર્ણય બહુધા કષાયની તીવ્રતા–મંદતાના કારણ ઉપર બહુ આધાર રાખે છે. કષાયની પ્રચુરતા હોય તે વખતે રસબંધ બહુ તીવ્ર પડે છે. અને તેની અલ્પતા હોય ત્યારે કર્મની ચીકાશ અલ્પ પડે છે. બંધ પ્રમાણે ઉદય થાય તે સમજવું તો સહેલું છે, તેથી કર્મબંધના અગત્યના વિભાગ રસબંધને અલ્પાધિક અંશે તીવ્ર મંદ કરવાનું અને તે દ્વારા વિપાકોદયમાં ફેરફાર કરી શકવાનું મહાસામર્થ્ય પુરૂષાર્થ હસ્તક છે. એ હકીકત નિરંતર ચક્ષુ સમીપ રાખવાની અતિ-આવશ્યકતા છે. વિપાકોદયમાં આવેલાં અશુભ કર્મોની પ્રકૃતિ–સ્થિતિ અને પ્રદેશોથી આત્માને જે મૂંઝવણ થાય છે. તેના કરતાં વિશેષ મૂંઝવણ તીવ્ર યા તો તીવ્રતરપણે ભોગવાતાં કર્મના રસથી આત્માને થાય છે? એટલે કર્મબંધના કારણોમાં પ્રવર્તતા આત્માએ તીવ્ર યા તીવ્રતર રસબંધથી બચી જવા માટે કષાયની પ્રચુરતાથી વિરામ પામવું જોઈએ.

કર્મબંધના આ પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશ બંધને કર્મગ્રંથાદિકથી બહુ સારી રીતે સમજવા યોગ્ય છે. એથી પણ વધારે અગત્યનો વિષય કર્મબંધનાં કારણો શું છે? તે સમજવાને છે.

# અર્થ–કામની અયોગ્યતા.

શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી

શ્રી જિનેશ્વરદેવો અર્થ અને કામ એટલે ભોગ અને ભોગની ઇચ્છાને પાપ તરીકે ઓળખાવે છે. કારણ કે, જગતમાં બધા અનર્થોનું એ મૂળ કારણ છે. જો જગતના સઘળાયે જીવોમાંથી એ બે વસ્તુ નાશ પામી જાય તો સઘળા અનર્થો શમી જાય, અને ધર્મની જરૂર પણ રહે નહિ. એથી કરીને સઘળાયે દુઃખના મૂલ–કારણરૂપ અર્થ–કામને ત્યાજ્ય–કોટિના ગણવામાં આવ્યા છે.

ખરી વાત તો એ છેકે, અર્થ–કામની ભાવનામાંથી ઉત્પન્ન થયેલ વિષય–કષાયોનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઇએ, પણ એ દરેકને માટે શકય નથી. વિષય–કષાયોનો ચેપ ચેપી રોગ કરતાંયે વધુ ભયંકર છે. ગમે તેવા ડાહ્યા માણસોને પણ ચક્કરમાં નાખી દેવાની તેની તાકાત છે.

હકીકત આમ હોવાથી જેણે અર્થ–કામની ભાવનાને દબાવી તેને જૈનશાસનમાં ઉત્તમ-કોટિના મનુષ્ય તરીકે ઓળખવામાં આવેલ છે, પણ જેઓ તે ભાવના ઉપર તાત્કાલીક વિજય મેળવવા માટે શકિતમાન નથી એવા ગૃહસ્થોને માટે પરમદયાળુ શ્રી જિનેશ્વરદેવો ફરમાવે છે કે, અર્થ–કામમાંથી સંપૂર્ણપણે છુટી શકવાને માટે જેઓ સમર્થ નથી તેઓએ ઓછામાં ઓછું અર્થ–કામની વાસના ભુંડી છે, એટલો સિદ્ધાંત તો આંખ સામે રાખવો જ પડશે. આટલું પણ જો ન કરવામાં આવે તો તે મનુષ્ય–મનુષ્યપણાને માટે લાયક નથી તો જૈનપણાને યોગ્ય તો શી રીતે હોય?

અર્થ–કામથી નહિ છુટવા છતાં જેઓ અર્થ–કામને ભવભ્રમણનું કારણ સમજીને જીવન જીવે છે, તેને જ શ્રી સંઘમાં સ્થાન છે. એવો જીવ અર્થ–કામમાં બેઠેલો હોવા છતાં મુક્તિમાર્ગનો મુસાફર છે.

અર્થ–કામને સારા માનીને જીવન જીવ-વાથી અનેક લાલસાઓ વધે છે અને તેને ખોટા માનીને ચાલવાથી ઇચ્છાઓ પરિમિત રહે છે. તેને જે મલ્યું હોય તેમાં સંતોષ રહે છે. એટલે એવી વ્યક્તિ અનેક પાપોથી ભય પામે છે. ને પોતાને પુણ્યના યોગે જે કાંઇ મલ્યું છે, તેને બીજાની સેવામાં વાપ-રતાં આનંદ આવે છે. આવા માણસો સંસારમાં રહેવા છતાં સુખે જીવે છે ને બીજાઓને સુખ-પૂવર્ક જીવવા દે છે.

આપણે સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ કે, આજનું મલિન વાતાવરણ અર્થ–કામની ઇચ્છાઓને આભારી છે. દરેક માણસે તેને જરૂરી માનીને પ્રવૃત્તિ આદરવા માંડી, તેથી તેના ત્યાગમાં રહેલા સુખની પ્રતીતિ થઇ નહિ અને ગુંડાગીરી, અનીતિ, લાંચ, કાળા-બજાર, ખુન, ચોરી, આપઘાત, વ્યભિચાર આદિ અનેક દુર્ગુણો સમાજમાં ખુબજ ફાલ્યા ફૂલ્યા ને સુખની ઈચ્છાવાળો જીવ મહાન દુઃખમાં ફસાઇ પડયો.

આવા મહાન અનર્થોના સર્જક અર્થ-કામ અથવા વિષય–કષાયોને શ્રી જિનેશ્વર-દેવો ખરાબ કહે તો તેમાં કંઇજ ખોટું નથી. એ સનાતન સત્યને ઉપદેશદ્વારા અને પોતાના જીવનમાં પ્રત્યક્ષ અમલદ્વારા જગતના જીવોને સત્ય સમજાવવા માટે ભગીરથ પ્રયત્નો કરી રહેલા શ્રી નિર્ગ્રંથ મુનિઓ ખરેખર નમસ્કર-ણીય છે, એ વાતમાં બે મત હોઇ શકે નહિ.

જો કોઇપણ માણસ એમ કહે કે, અત્યારના કાળમાં એવી વાતોની જરૂર નથી તો તેવા માણસો ભીંત ભૂલ્યાં છે, એમ કહેવું પડે. કારણ કે જગતમાં જ્યાં સુધી જીવોની હયાતિ છે, ત્યાં સુધી અર્થ-કામના યોગે થતાં અનેક પાપોની હયાતિ છે. એટલે જ સાચા સુખની ચાવી રૂપ અર્થ-કામના હેયપણાની અગત્યતા સમજવી જરૂરી છે. તેથી જ તો જૈન સિદ્ધાંતને ત્રિકાલાબાધિત કહેવામાં આવે છે. અર્થ-કામને ઉપાદેય માનનાર જીવ, કોઇ કાળે સુખી હતો નહિ ને હશે પણ નહિ. એ વાતને સમજવા માટે પોતાના જ જીવનની તવારીખનાં પાનાં તપાસવામાં આવે તો વિના આગમના આધારે પણ મનુષ્યને સત્યનું ભાન થયા વિના રહે નહિ.

આવી સાચી અને વ્યાજબી સમજથી રહિત માનવીઓએ ધર્મને ધતીંગ કહીને અને મુનિઓને પેટભરા, સમાજને બોજારૂપ, આદિ વિશેષણોથી ઓળખાવીને જીવોને ઘોર ક્લેશ આપનાર અર્થ-કામની ઉપાદેયતા સમજાવીને જીવનમાં ઝેર રેડયું અને જગતના જીવો કરતાં જૈનો જુદી રીતે જીવન જીવીને સુખનો અનુભવ કરતા હતા અથવા અનુભવ કરી શકત એમાં આગ ચાંપી.

આવા મહાન અનર્થોને ઉત્પન્ન કરનાર અર્થ-કામને ખરાબ માનવા જેટલું હૃદય પણ જો આપણી પાસે ન હોય તો આપણને શ્રી જિનેશ્વરદેવના ભકત કહેવડાવવાનો અધિકાર નથી. કારણ કે અર્થ-કામની હેયતા સર્વે આદર્શોનું મૂળ છે. એ મૂળને ઉખેડી નાખીને આદર્શવૃક્ષને કદાપિ સજીવન રાખી શકાય નહિ. એ વાતને જેઓ નથી સમજી શકતા તેઓ વૃધ્ધ હોય, વિદ્વાન હોય, મહાત્મા હોય અથવા ગમે તેટલો મહાન ગણાતો હોય તો પણ સમાજનો ઉદ્ધારક નથી પણ માનવજાતનો મહાન અપરાધી છે એમ માનવામાં જરાપણ અયોગ્યતા કહેવાય નહિ.

---

[ ૪૯૪ પેજનું અનુસંધાન ]

**મોંઘીબેન**-આપણે બધાં વહુનો વાંક જ ગણુશું પણ કોઇ ઓછા ઊંડા ઉતરીને તપાસ કરવા જવાના છીએ ? શાંતાને પ્રેમચંદભાઇના મરણ પછી આજે લગભગ ૨૦ વર્ષે સુખના દહાડા આવ્યાં પણ તે તેનો સારી રીતે ઉપભોગ કરી શકી નહિ. કર્મની ગતિ ન્યારી.

ખરી વાત એ છે કે 'આપ ભલા તો જગ ભલા' સહન કરવામાં જ મોટાઇ છે, અને ખમી ખાવામાં જ ડહાપણુ છે, એ વસ્તુ શાંતા બ્હેન ભૂલી જાય છે ત્યાં થાય શું ?

સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.

**સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ**

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.

---

# માસિક ટૂંકા સમાચાર

આચારાંગસૂત્ર અને ષોડશકનાં વ્યાખ્યાન-સંગ્રહનું પુસ્તક ચાર આનાની ટીકીટ મોકલવાથી જ્ઞાન ભંડારો, લાઈબ્રેરીઓ તથા સાધુ–સાધ્વી મહારાજોને ભેટ મળશે. સીરનામું જૈન શ્વે. સંઘ, ચોકી પેંઠ દાવણગિરિ. (માઈસોર સ્ટેટ)

ઘેટી ( સિદ્ધક્ષેત્ર ) ગામમાં નૂતન જિનાલયનું શિલારોપણ કુંડલાનિવાસી શેઠ બાવચંદ ગોપાળજીના શુભ હસ્તે માગશર શુદ ૧૧ ના રોજ થયું હતું શ્રીયુત્ બાવચંદભાઈએ નૂતન જિનાલયમાં રૂા ૫૦૧, આપવાની જાહેરાત કરી હતી.

શ્રી જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પુનાની ચાલુ વર્ષની પરીક્ષાનું પરિણામ ૭૦ ટકા આવ્યું છે. પ્રારંભિક પરીક્ષામાં પ્રથમ નંબરે મુંબઈ કેન્દ્રની શ્રી શાંતિનાથજી જૈન પાઠશાળાના વિદ્યાર્થી સેવંતિલાલ વૃજલાલ શાહ, પ્રવેશ પરીક્ષામાં પ્રથમ નંબરે સુરેન્દ્રનગરની શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાના વિદ્યાર્થિની ધીરજબેન ચુનીલાલ અને પરીચય પરીક્ષામાં પ્રથમ નંબરે સીરપુરની શ્રી માણેકમુનિ જૈન પાઠશાળાનાં વિદ્યાર્થિની શ્રી હસુમતીબેન કપુરચંદ આવ્યાં છે. અમારા હાર્દિક અભિનંદન.

ગુજરાતી તેમજ હિન્દી સામાયિક સૂત્ર, બે પ્રતિક્રમણ સૂત્ર, પંચપ્રતિક્રમણ મૂળ સુધીનાં મૂળ તથા અર્થનાં પુસ્તકો જરૂરીયાત પ્રમાણે પાઠશાળાઓને ભેટ આપવામાં આવશે. સીરનામું શ્રી શાંતિનાથજી જૈન દહેરાસર; ૧૯૦/૧૯૪ બોરા બજાર કોટ, મુંબઈ ૧.

શેઠ શ્રી હઠીસીંગ ગગલભાઈ ( પાટડીવાળા) હારીજ તથા શેઠ શ્રી મોહનલાલ લલ્લુભાઈ વાસણવાળા મુંબઈ વગેરે તરફથી શ્રી શંખેશ્વર-તીર્થથી છ'રી પાળતા ચતુર્વિધ સંઘે પૂજ્યપાદ મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં કાર્તિક વદિ ૯ ના રોજ નિકળી શ્રી સિદ્ધગિરિની પવિત્ર છાયામાં માગસર વદી ૪ ના રોજ ધામધૂમથી પ્રવેશ કર્યો હતો. છ'રી પાળતા શ્રી સંઘનું ગામોગામના શ્રી સંઘોએ સુંદર સ્વાગત કર્યું હતું. સંઘની વ્યવસ્થા ધર્મપ્રેમી મણીઆર હરગોવીંદદાસ જીવરાજે સુંદર રીતે કરી હતી. રોજ એકાસણાં, ઉભયટંક આવશ્યક ક્રિયાઓ, સ્નાત્ર મહોત્સવ, પૂજા, પ્રભાવના, આંગી, વ્યાખ્યાન–શ્રવણ વગેરે ધર્મક્રિયાઓથી જૈનશાસનની સુંદર પ્રભાવના થઈ હતી. ગયા વખતના 'કલ્યાણ'માં શ્રી સંઘના જે સમાચારો છપાયા છે તે સમજફેરના છે. અમારી સમજફેર થવા બદલ ક્ષમાયાચના કરીએ છીએ.

દેણપ ( વીશનગર )થી શેઠ શ્રી મણીલાલ જેશીંગભાઈ તરફથી ટ્રેઈન મારફત શ્રી સિદ્ધગિરિનો ૩૦૦ યાત્રાળુ ભાઈ–બ્હેનોનો સંઘ માગસર વદિ ત્રીજના રોજ આવ્યો હતો.

ભાવનગરથી સ્વ. શેઠ શ્રી જીવરાજ રતનશી તરફથી છ'રી પાળતો સંઘ પૂ. મુનિરાજ શ્રી મણીવિજય મહારાજશ્રીની નિશ્રામાં માગસર વદિ ૩ ના રોજ નિકળ્યો હતો અને શ્રી સિધ્ધગિરિમાં માગસર વદિ ૯ ના રોજ પ્રવેશ કર્યો હતો.

પબ્લીક ટ્રસ્ટની નોંધણી તા. ૧ જાન્યુઆરી ૧૯૫૩ પહેલાં અરજી કરી નોંધાવવા ચેરીટી કમિશ્નરે ફરમાન કાઢયું છે.

કોન્ફરંસના પ્રમુખના રાજીનામા અંગે હજુ નિર્ણય થયો નથી. કોન્ફરંસનું નાવ હાલતો ડામાડોળ છે.

બુહારી શેઠ અમરચંદ કૃષ્ણાજી જૈન પાઠશાળાની મહેસાણાના પરીક્ષક શ્રીયુત્ વાડીલાલ મગનલાલ શેઠે લેતાં પરિણામ સંતોષકારક આવ્યું હતું. ૪–૧૨–૫૨ના રોજ શેઠ નેમચંદ જીવણભાઈના પ્રમુખસ્થાને એક ઈનામી સમારંભ યોજવામાં આવ્યો હતો. રૂા. ૧૮૫ નું ઈનામ વહેંચાયું હતું.

Reg No. 4925

સસ્તાં, સુંદર તથા ઉપયોગી

# પ્રકાશનો.

## પ્રાચીન સજ્ઝાયમાલા:

પૂર્વાચાર્યરચિત પ્રાચીન સેંકડો સજ્ઝાયોમાંથી ચૂંટી કાઢેલી પ્રચલિત સજ્ઝાયોનો સુંદર સંગ્રહ. આકર્ષક ગેટ અપ, પૂંઠા પર દ્વિરંગી ડિઝાઇન યુકત જેકેટ, ક્રાઉન ૧૬ પેજી, ૧૬૪ પેજ મૂલ્ય ૧-૬-૦

## ભક્તિસુધા તરંગિણી:

નૂતન રાગ-રાગિણિ યુક્ત પૂજામાં બોલવાનાં પદો, સુંદર રાગમાં ચાલુ ઢબની ગહુંલિઓ, સ્નાત્રપૂજા, આદિનો અપૂર્વ સંગ્રહ. ૫૫૫ ગ્લેજ. સફેદ કાગળ પર છપાઇ, ક્રાઉન ૧૬ પેજી, ૧૧૦ પેજ. મૂલ્ય ૧૦ આના.

## શત્રુંજય મહાતીર્થ ગુણમાળા

શત્રુંજય તીર્થાધિરાજની યાત્રામાં ઉપયોગી ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ ઈત્યાદિનો સારો સંગ્રહ. ૨૧-૧૦૮ ખમાસમણાં, નવ્વાણું યાત્રાની વિધિ, શત્રુંજય તીર્થની યાત્રાનું વર્ણન. તેનો મહિમા, નવટુંકોનો ટુંક પરિચય, યાત્રાની સ્મૃતિ તરીકે સ્નેહીજનોને ભેટ આપવા લાયક, યાત્રાનો સહાયક ભોમીયો બને તેવું પોકેટ સાઈઝનું પુસ્તક ખીસ્સામાં રહી શકે તેવું, ફેરીન એન્ટીક કાગળ પર છપાઇ, ક્રાઉન ૩૨ પેજી ૧૩૬ પેજ. મૂલ્ય: આઠ આના.

પ્રકાશક: શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા.

-: પ્રાપ્તિસ્થાન :-

રતિલાલ ગુલાબચંદ દોશી.

C/o દોશી પ્રીં. પ્રેસ. દીવાન ચોક. જુનાગઢ (સૌરાષ્ટ્ર)

મુદ્રક: હીરચંદ જગજીવન શેઠ, કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ:—પાલીતાણા.